અદ્યતન આવૃત્તિ-૨૦૧૬

# નોલેજ પાવર પરફેક્ટ

## ભાગ-૧

- વી. બી.પરમાર

**HTAT, TET, TAT તથા શિક્ષણ સેવા વર્ગ-૧, વર્ગ-૨, વર્ગ-૩ની સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી માટે તમામ શૈક્ષણિક બાબતોને આવરી લેતું એકમાત્ર પુસ્તક**

❊ પુસ્તકની વિશેષતાઓ ❊

### સામાન્ય જ્ઞાન

- ગુજરાત વિશેષ
- ભારત વિશેષ
- દેશ-દુનિયાની માહિતી
- ભારતીય સંસ્કૃતિ
- ભારતનું બંધારણ
- ધર્મ પરિચય
- વિવિધ પુરસ્કારો

### શૈક્ષણિક સંસ્થાઓ

- ગુજરાત શાળા પાઠ્યપુસ્તક મંડળ
- રાજ્ય પરિક્ષા બોર્ડ
- GCERT
- NCERT
- DIET
- NUEPA
- GSHEB
- IITE
- CBSE




### શૈક્ષણિક નિયમો-અધિનિયમો

- RTE Act-2009
- RTE Rules-2012
- RTI Act-2005
- મુંબઇ પ્રા. શિ. એક્ટ-1947
- મુંબઇ પ્રા. શિ. રૂલ્સ-1949
- ગુજરાત શૈ. સં. એક્ટ-1984
- NCTE Act - 1993
- NCF - 2005
- SMC

### શૈક્ષણિક યોજનાઓ

- પ્રજ્ઞા
- વર્ચ્યુઅલ ક્લાસરૂમ
- સંકલીત શિક્ષણ યોજના
- દુરવર્તી શિક્ષણ
- ક્રિયાત્મક સંશોધન
- આધાર ડાયસ
- ADEPTS
- KGBV
- STP
- NPEGEL



આ સાથે સામાન્ય અંક ગણિત, અંગ્રેજી વ્યાકરણ અને ગુજરાતી વ્યાકરણ

# નોલેજ પાવર પરફેક્ટ

## ભાગ-૧

સંપાદક - વી.બી.પરમાર
(M.com,B.ed)
Email :vbparmar74@gmail.com

કીમત - નિઃશુલ્ક (pdf ફાઈલ)

નોંધઃ-આ ઈ-બુકમાં માત્ર વિભાગ- ૧૩ ને જ
આવરી લેવામાં આવ્યો છે.સંપૂર્ણ બૂક
માટે કોન્ટેકટ- ૯૮૨૪૨૭૪૫૯૬

:: મુદ્રક ::
હરિઃૐ ઓફસેટ
પાળિયાદ રોડ, બોટાદ.
ફોન : ૨૫૧૬૧૧

બુક મેળવવા માટે કોન્ટેકટઃ
વી.બી.પરમાર
મુ-સરવા
તા.જિ-બોટાદ
મો.૯૮૨૪૨૭૪૫૯૬
૯૮૨૪૩૪૮૯૮૦

# અનુક્રમણિકા


## વિભાગ - ૧ ગુજરાત વિશેષ

ગુજરાતની વિશેષ બાબતો ૦૮
ગુજરાતના અભ્યારણ અને નેશનલ પાર્ક ૦૯
ગુજરાતના કેન્દ્ર સરકારની નેશનલ સંસ્થાઓ ૧૦
ગુજરાતમાં સૌથી મોટું ૧૦
ગુજરાતના તળાવો ૧૧
ગુજરાતના ધાર્મિક સ્થળો ૧૧
ગુજરાતના મુખ્યમંત્રીઓ ૧૨
ગુજરાતના રાજ્યપાલો ૧૩
ગુજરાતનું હાલનું મંત્રી મંડળ ૧૪
ગુજરાતના જિલ્લાઓ અને તાલુકાઓ ૧૪
ગુજરાતની મહત્વની ડેરીઓ ૧૭
ગુજરાતના મુખ્ય ડુંગરો ૧૭
ગુજરાતની ગૌરવવાણી ૧૭
ગુજરાતની મહત્વની સાહિત્ય રચના અને રચિયતા ૧૭
ગુજરાતની મુખ્ય સાહિત્ય સંસ્થાઓ ૧૯
સાહિત્યકારોના ઉપનામ ૨૦
ગુજરાતના એવોર્ડ્સ ૨૦
શ્રી રણજીતરામ સુવર્ણ ચંદ્રક ૨૧
સાહિત્ય એકેડમી એવોર્ડ ૨૨
પદ્મ પુરસ્કાર વિજેતા ગુજરાતી (૨૦૧૬) ૨૩
ગુજરાતમાં શાસન ૨૩
ગુજરાતી ભાષા વટવૃક્ષ ૨૫
ગુજરાતના લોક નૃત્યો ૨૬
ગુજરાતના લોકમેળા ૨૬
ગુજરાતના મુખ્ય પરગણાં ૨૭
ગુજરાતમાં શું વખણાય ? ૨૭

## વિભાગ - ૨ ભારત વિશેષ

ભારતની વસ્તગણતરીના આંકડા ૨૮
ભારતના રાજકીય અને ભૌગોલિક આંકડા ૨૯
વિધાન પરીષદવાળા રાજ્યો ૩૦
ભારતની આંતરાષ્ટ્રીય સરહદ ૩૦
ભારતનું પ્રધાન મંડળ ૩૦
ભારતના રાષ્ટ્રપતિઓ ૩૨
ભારતના વડાપ્રધાનો ૩૩
લોકસભાનો કાર્યકાળ ૩૫
લોકસભાના અધ્યક્ષ ૩૫
સુપ્રિમકોર્ટના મુખ્ય ન્યાય મૂર્તિઓ ૩૬
મુખ્ય ચુંટણી કમીશનર ૩૭
ભારતની વિશેષ બાબતો ૩૭
ભારતમાં શાસન ૩૮
સામાજિક અને ધાર્મિક સુધારણા આંદોલનો ૪૫
ભારતીય પ્રેસ પત્રિકાઓ ૪૫
કોંગ્રેસના મહત્વપૂર્ણ અધિવેશન ૪૬
ભારતમાં પ્રથમ મહિલા ૪૭
ભારતની વિશ્વધરોહર સ્થળો ૪૭
ભારતના મહત્વના તહેવારો ૪૮
ભારતના મુખ્ય નેશનલ પાર્ક ૪૯
ભારતમાં ઋતુઓ ૫૦
ભારતમાં દિશાઓ ૫૦
ભારતના મુખ્ય બંદરો ૫૦
ભારતના લોક નૃત્યો ૫૦
ભારતનું રાષ્ટ્રીય પંચાગ ૫૧
રાશિ અને નક્ષત્રો ૫૧
ભારતીય સંસ્કૃતિના ઐતિહાસિક સ્થળો ૫૨
ભારતના વાધકલાકારો ૫૨
ભારતીય રીઝર્વ બેંક ૫૩
ભારતની નવરત્ન કંપનીઓ ૫૩
ભારતમાં પ્રથમ ૫૪
ભારતીય રેલવે ૫૪
ભારતનું બંધારણ ૫૫
ભારતના રાજકીય પક્ષો ૬૪

## વિભાગ - ૩ સામાન્ય વિજ્ઞાન

માનવ શરીર વિશે ૬૫
વિટામીનની ખામીથી થતા રોગો ૬૫
ખનીજોની ઉણપથી થતા રોગો ૬૬
શરીરના મુખ્ય તત્વો ૬૬
શરીરમાં રોગથી અસરકારક અંગ ૬૬
માનવીના બ્લડ ગ્રુપો ૬૬
વૈજ્ઞાનિક સાધનોના ઉપયોગો ૬૭
વિવિધ વિજ્ઞાન કે શાસ્ત્ર ૬૭
તત્વની સંજ્ઞા ૬૮
સંયોજનો ૬૮
પેટ્રોલિયમ પેદાશો ૬૯
વૈજ્ઞાનિક શોધો ૬૯
સૂર્યમંડળના ગ્રહો ૭૧
પદાર્થની ઘનતા ૭૧

# અનુક્રમણીકા

## વિભાગ - ૪ ધર્મ


| | |
|---|---|
| દુનિયાના મુખ્ય ધર્મો | ૭૨ |
| દેશ-દુનિયાની નદીઓ | ૭૨ |
| કુંભ મેળાઓ | ૭૪ |
| વેદો, ઉપવેદો, ઉપનીષદો | ૭૪ |
| પુરાણ, ચારધામ, સપ્તપુરી, સપ્તઋષિ, | ૭૫ |
| પંચદેવ, પંચામૃત, પાંચ સતી, | ૭૫ |
| પંચમહાભૂત, પંચાજીરી | ૭૫ |
| રામાયણ, મહાભારત | ૭૬ |
| ભારતની પ્રાચીન વિદ્યાપીઠો | ૭૭ |
| પ્રાચીન વિચાર પ્રાણીઓ, દશાવતાર | ૭૭ |


## વિભાગ - ૫ પુરસ્કાર


| | |
|---|---|
| ભારત રત્ન પુરસ્કાર | ૭૮ |
| રાજીવગાંધી ખેલરત્ન એવોર્ડ | ૭૯ |
| રમન મેગસેસે એવોર્ડ | ૮૦ |
| દાદા સાહેબ ફાળકે એવોર્ડ | ૮૨ |
| જ્ઞાનપીઠ એવોર્ડ | ૮૨ |
| નોબેલ પારીતોષિકમાં ભારતીય | ૮૪ |
| ઓસ્કાર એવોર્ડમાં ભારતીય | ૮૪ |
| બુકર પુરસ્કારમાં ભારતીય | ૮૪ |
| ફિલ્મફેર એવોર્ડ | ૮૫ |
| નેશનલ ફિલ્મ એવોર્ડ | ૮૫ |
| પરમવિર ચંક્ર પુરસ્કાર | ૮૫ |
| ધનવન્તરી, પુલિત્ઝર અને ગ્રેમી પુરસ્કાર | ૮૫ |
| જવાહરલાલ નેહરૂ પુરસ્કાર | ૮૫ |
| ટેમ્પલટન પુરસ્કાર | ૮૫ |
| દ્રોણાચાર્ય એવોર્ડ | ૮૬ |
| ઓસ્કાર એવોર્ડ-૨૦૧૬ | ૮૬ |
| નોબેલ પારીતોષિક-૨૦૧૬ | ૮૬ |


## વિભાગ - ૬ રમત-ગમત વિભાગ


| | |
|---|---|
| જુદી જુદી રમત વિશે | ૮૭ |
| વર્લ્ડ કપ હોકી | ૮૭ |
| ઓલમ્પિક | ૮૮ |
| એશિયન રમતોત્સવ - ૨૦૧૪(ઇન્ચોન) | ૮૮ |
| એશિયન રમતોત્સવ-૨૦૧૪ ગોલ્ડ વિજેતા ભારતીય | ૮૯ |
| કોમનવેલ્થ ગેમ-૨૦૧૪ | ૮૯ |
| કોમનવેલ્થ ગેમ-૨૦૧૪ ગોલ્ડ વિજેતા ભારતીય | ૮૯ |
| ક્રિકેટના રેકોર્ડ્સ | ૮૯ |
| ગ્રાન્ડ સ્લેમટેનિસ ટુર્નામેન્ટ | ૯૦ |
| દરેક રમત સાથે જોડાયેલા શબ્દો | ૯૦ |


## વિભાગ - ૭ દુનિયા


| | |
|---|---|
| સંયુક્ત રાષ્ટ્રો | ૯૧ |
| વિશ્વના મહત્વના યુનિયનો | ૯૧ |
| સંયુક્ત રાષ્ટ્રમાં ભારત | ૯૩ |
| વિશ્વનું ચલણ | ૯૪ |
| બ્રિકસ દેશોના સંમેલનો | ૯૪ |
| વિશ્વના મહત્વના દેશો વિશે | ૯૪ |
| વિશ્વના મુખ્ય એરપોર્ટ્સ | ૯૫ |
| વિશ્વની ગુપ્તચર સંસ્થાઓ | ૯૫ |
| ભારતીય લેખકોના વિશ્વપ્રસિદ્ધ પુસ્તકો | ૯૬ |
| વિશ્વના લેખકોના વિશ્વપ્રસિદ્ધ પુસ્તકો | ૯૬ |
| વિશ્વના ખનીજ ઉત્પાદક દેશો | ૯૭ |
| જ્વાળામુખીઓ | ૯૭ |
| પર્વતમાળાઓ | ૯૭ |
| દુનિયાના મુખ્ય ધોધો | ૯૮ |
| સરોવરો | ૯૮ |
| સૌથી ઉંચા શિખરો | ૯૮ |
| ભૌગોલિક ઉપનામો | ૯૯ |
| પ્રખ્યાત સરહદો | ૯૯ |
| પ્રખ્યાત દિવસો | ૯૯ |
| દુનિયાની ચાર જુની સંસ્કૃતિ | ૧૦૦ |


## વિભાગ - ૮ સામાન્ય ગણિત


| | |
|---|---|
| મહત્વના ગાણિતિક સુત્રો | ૧૦૧ |
| મહત્વની જયંતિઓ | ૧૦૧ |
| અંતર અને વજન | ૧૦૧ |
| સંખ્યા અને નંગ | ૧૦૧ |
| પ્રવાહી માપ | ૧૦૧ |
| સમય | ૧૦૧ |
| કેટલા ગણું - કેટલામાં ભાગનું | ૧૦૨ |
| તાપમાનના એકમો | ૧૦૨ |
| રોમન અંકો | ૧૦૨ |
| સંખ્યા | ૧૦૨ |

# અનુક્રમણીકા

## વિભાગ - ૯ શૈક્ષણિક નિયમો-અધિનયમો


| | |
|---|---|
| RTE Act. - 2009 | ૧૦૪ |
| RTE Rules - 2012 | ૧૦૭ |
| મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-1947 | ૧૦૯ |
| ધ બોમ્બે પ્રાયમરી શિક્ષણ રુલ્સ-1949 | ૧૧૫ |
| RTI - 2005 | ૧૨૩ |
| ગુજરાત શૈક્ષણિક સંસ્થા અધિનિયમ-1984 | ૧૨૬ |
| NCTE Act. - 1993 | ૧૨૭ |
| NCF - 2005 | ૧૩૦ |
| SMC (શાળા વ્યવસ્થાપ સમિતિ) | ૧૩૪ |


## વિભાગ - ૧૦ શૈક્ષણિક સંસ્થાઓ


| | |
|---|---|
| ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ | ૧૩૭ |
| GCERT | ૧૩૭ |
| NCERT | ૧૩૮ |
| DIET (જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન) | ૧૩૯ |
| માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ | ૧૪૦ |
| NUEPA | ૧૪૧ |
| IITE | ૧૪૧ |
| GITE | ૧૪૨ |
| રાજ્ય પરીક્ષા બોર્ડ | ૧૪૩ |
| CBSE | ૧૪૪ |
| જવાહર નવોદય વિદ્યાલય, મોડેલ સ્કૂલો | ૧૪૪ |
| રાષ્ટ્રીય ઇન્ડીયન મીલીટરી કોલેજ, સૈનિક સ્કૂલો | ૧૪૫ |


## વિભાગ - ૧૧ પ્રાથમિક શિક્ષણનું વહીવટી માળખું


| | |
|---|---|
| વહીવટી માળખાનો ચાર્ટ | ૧૪૬ |
| શિક્ષણ મંત્રી | ૧૪૬ |
| શિક્ષણ વિભાગ (શિક્ષણ સચિવ) | ૧૪૭ |
| શિક્ષણખાતું (શિક્ષણ નિયામકની કચેરી) | ૧૪૭ |
| પ્રાથમિક શિક્ષણ નિયામક | ૧૪૭ |
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | ૧૪૮ |
| જિલ્લા પ્રા.શિક્ષણ પ્રવાસનનું માળખું | ૧૪૮ |
| જિલ્લા શિક્ષણ સમિતિ | ૧૪૯ |
| નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ | ૧૫૧ |
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી | ૧૫૨ |
| જુથ સંસાધન કેન્દ્ર (CRC) | ૧૫૩ |
| તાલુકા સંસાધન કેન્દ્ર (BRC) | ૧૫૪ |
| શિક્ષણમાં મુખ્યશિક્ષકની ભૂમિકા | ૧૫૫ |
| મુખ્ય શિક્ષકના ગુણો | ૧૫૬ |
| મુખ્ય શિક્ષકની શૈક્ષણિક જવાબદારીઓ | ૧૫૭ |


## વિભાગ - ૧૨ ભારતમાં શિક્ષણનો વ્યાપ


| | |
|---|---|
| યુનિવર્સિટી શિક્ષણ પંચ - ૧૯૪૮ | ૧૬૦ |
| માધ્યમિક શિક્ષણ પંચ - ૧૯૫૨ | ૧૬૧ |
| રાષ્ટ્રીય શિક્ષણ પંચ - ૧૯૬૪ | ૧૬૨ |
| ઇશ્વરભાઇ પટેલ સમિતિ - ૧૯૭૭ | ૧૬૫ |
| રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૧૯૮૬ | ૧૬૫ |
| રામમૂર્તિ સમિતિ - ૧૯૯૨ | ૧૬૮ |


## વિભાગ - ૧૩ શૈક્ષણિક યોજનાઓ


| | |
|---|---|
| ક્રિયાત્મક સંશોધન | ૧૬૯ |
| શાળાકીય સર્વગ્રાહી મૂલ્યાંકન | ૧૭૨ |
| પ્રજ્ઞા | ૧૭૩ |
| એક્સ્પ્ટસ | ૧૭૮ |
| કસ્તુરબાગાંધી બાલિકા વિદ્યાલય | ૧૮૦ |
| સ્પેશીયલ ટ્રેનિંગ પ્રોગ્રામ | ૧૮૧ |
| દુરવર્તી શિક્ષણ | ૧૮૨ |
| ગુણોત્સવ | ૧૮૪ |
| શાળા પ્રવેશોત્સવ | ૧૮૫ |
| BALA | ૧૮૬ |
| સર્વશિક્ષા અભિયાન | ૧૮૭ |
| મધ્યાહ્ન ભોજન યોજના | ૧૮૯ |
| આધાર ડાયસ | ૧૯૦ |
| ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન | ૧૯૧ |
| ઇકોક્લબ - ઇકોકિડા | ૧૯૨ |
| રમતોત્સવ | ૧૯૩ |
| સ્માર્ટ ક્લાસરૂમ | ૧૯૪ |
| કાર્યાનુભવ | ૧૯૫ |
| NPEGEL | ૧૯૬ |
| ઇન્સપાયર એવોર્ડ | ૧૯૭ |
| શિક્ષણમાં ટેક્નોલોજી | ૧૯૮ |
| વર્ચુઅલ ક્લાસરૂમ | ૧૯૯ |
| સંકલિત શિક્ષણ યોજના | ૧૯૯ |
| વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના | ૨૦૦ |
| સરસ્વતીયાત્રા યોજના | ૨૦૦ |
| વિદ્યાદીપ યોજના | ૨૦૦ |
| BACALS | ૨૦૦ |


નોંધ:-આ ઈ-બુકમાં માત્ર વિભાગ- ૧૩ ને જ આવરી લેવામાં આવ્યો છે.સંપૂર્ણ બુક માટે કોન્ટેક્ટ- ૯૮૨૪૨૭૪૫૯૬

# અનુક્રમણિકા

## વિભાગ-૧૪ શૈક્ષણિક મનોવિજ્ઞાન


| | |
|---|---|
| શૈક્ષણિક મનોવિજ્ઞાનની સંકલ્પના | ૨૦૧ |
| વ્યક્તિ વિકાસ | ૨૦૧ |
| બચાવ પ્રયુક્તિઓ | ૨૦૨ |
| અધ્યયનના સિધ્ધાંતો | ૨૦૩ |
| બુધ્ધી | ૨૦૫ |
| વ્યક્તિત્વ | ૨૦૬ |


## વિભાગ-૧૫ ગુજરાતી વ્યાકરણ


| | |
|---|---|
| વર્ણ અને અક્ષર રચના | ૨૦૮ |
| દ્વિરૂક્ત પ્રયોગો | ૨૦૮ |
| સંધિ | ૨૦૮ |
| વિભક્તિ વ્યવસ્થા | ૨૧૧ |
| કૃદન્તો | ૨૧૨ |
| નિપાત | ૨૧૪ |
| વાક્યના મુખ્ય પ્રકારો | ૨૧૪ |
| સમાસ | ૨૧૬ |
| અલંકાર | ૨૧૯ |
| છંદ | ૨૨૦ |
| માત્રામેળ | ૨૨૩ |


## વિભાગ-૧૬ ઇંગ્લિશ વ્યાકરણ


| | |
|---|---|
| Noun | ૨૨૫ |
| Pronoun | ૨૨૮ |
| Article | ૨૩૨ |
| Verbs | ૨૩૫ |
| Adjectives | ૨૩૮ |
| Prepositions | ૨૩૯ |
| Conjunctions | ૨૪૪ |
| Tenses | ૨૪૯ |
| Direct Indirect | ૨૫૫ |
| Active Passive | ૨૬૦ |
| Degree | ૨૬૪ |
| "Wh" Questions | ૨૬૬ |
| Q-tag | ૨૬૯ |
| Synonyms | ૨૭૦ |
| Antonyms | ૨૭૬ |


## વિભાગ-૧૮ [redacted]


| | |
|---|---|
| સંખ્યાજ્ઞાન | ૨૮૪ |
| વર્ગ અને વર્ગમૂળ | ૨૯૦ |
| ઘન અને ઘનમૂળ | ૨૯૪ |
| અપૂર્ણાંક | ૨૯૫ |
| લ.સા.અ. અને ગુ.સા.અ. | ૨૯૬ |
| ઘાત અને ઘાતાંક | ૨૯૯ |
| સાદુરૂપ | ૩૦૩ |
| સરાસરી | ૩૦૬ |
| ગુણોત્તર અને પ્રમાણ | ૩૦૮ |
| ટકાવારી | ૩૧૨ |
| સાદુ વ્યાજ | ૩૧૬ |
| ચક્રવૃદ્ધિવ્યાજ | ૩૧૮ |
| નફો-ખોટ | ૩૨૧ |
| કામ-સમય અને મહેનતાણું | ૩૨૪ |
| અંતર-સમય અને ઝડપ | ૩૨૮ |
| ભૂમિતિનું માળખું | ૩૩૨ |
| ક્ષેત્રફળ અને પરિમિતિ | ૩૩૩ |
| ઘનફળ | ૩૩૭ |
| ત્રિકોણમિતિ | ૩૪૦ |
| કેલેન્ડર | ૩૪૧ |


## વિભાગ-૧૯ HTAT - આન્સર કી


| | |
|---|---|
| 2014 ના વર્ષમાં લેવાયેલ HTAT ની પરીક્ષાની આન્સર-કી | ૩૪૩ |
| 2015 ના વર્ષમાં લેવાયેલ HTAT ની પરીક્ષાની આન્સર-કી | ૩૫૦ |

# વિભાગ - ૧૩ શૈક્ષણિક યોજનાઓ

## ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના

ક્રિયાત્મક સંશોધનની શરૂઆત છેક બીજા વિશ્વયુધ્ધ વખતથી થયેલી છે. તે વખતે સામાજિક સંબંધોમાં સુધારણા અર્થે તેનો ઉપયોગ થયેલો. સમસ્યાના ઉકેલ માટે ક્રિયાત્મક સંશોધન થતાં હોવાથી મોટા ભાગની શિક્ષણની સંસ્થાઓમાં તેને સ્થાન મળવા લાગ્યું. Stephen M. Corey નામ પ્રારંભિક તબક્કે ક્રિયાત્મક સંશોધનના ક્ષેત્રમાં કાર્ય કરવામાં જાણીતું બન્યું. ધીરે ધીરે ક્રિયાત્મક સંશોધનોનો વ્યાપ શિક્ષણ ક્ષેત્રે વધવા લાગ્યો. ખાસ કરીને ક્રિયાત્મક સંશોધનો નાના પાયા પરનાં હોવાથી, વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ વિકસાવતાં હોવાથી અને શિક્ષણક્ષેત્રે સુધારણા કરવામાં ઉપયોગી પુરવાર થવાથી ક્રિયાત્મક સંશોધનનું પ્રમાણ વધવા લાગ્યુ. આમાં શિક્ષક પોતે જ પોતાની સમસ્યાનો ઉકેલ સંશોધનનો આધાર લઈને મેળવી શકે તે માટે ક્રિયાત્મક સંશોધન ખુબ જ ઉપયોગી થઈ પડયુ. અહીં ક્રિયાત્મક સંશોધનની સંકલ્પના સ્પષ્ટ થાય તે કેટલાક વિચારકોએ આપેલી વ્યાખ્યાઓ જોઈએ.

ક્રિયાત્મક સંશોધન એ સમસ્યાના વૈજ્ઞાનિક રીતે અભ્યાસની પ્રક્રિયા છે,જેના દ્વારા વ્યવહારમાં પડેલા શિક્ષક તેના વર્તમાન વ્યવહારની સુધારણા કરવાનો નિર્ણય કરે છે. - સ્ટીફન એમ. કોર

ક્રિયાત્મક સંશોધન વ્યક્તિ પોતાના ઉદેશો વધુ અસરકારક રીતે સિધ્ધ કરે તે માટે શિક્ષક પોતાના અધ્યાપનમાં અને વ્યવહારમાં સુધારણા લાવવા માટે હાથ ધરે એવું સંશોધન છે. - નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ બેઝિક એજ્યુકેશન

ક્રિયાત્મક સંશોધનનો અર્થ વધુ સ્પષ્ટ કરવા માટે ઉપરોક્ત વ્યાખ્યાઓમાંથી સ્પષ્ટ રીતે તરી આવતા ક્રિયાત્મક સંશોધનનાં લક્ષણો નીચે મુજબ દર્શાવી શકાય.

### ક્રિયાત્મક સંશોધનનાં લક્ષણો

- તે શિક્ષકો અને આચાર્યોની રોજિંદા કાર્યની ઉદભવતી વ્યક્તિગત સમસ્યાનો ઉકેલ મેળવવા માટે હાથ ધરાય છે.
- તે વૈજ્ઞાનિક ઢબે હાથ ધરાય છે.
- તેનાથી આગળ કાર્ય કરવા માર્ગદર્શન મળે છે.
- તે ઉપચારાત્મક કાર્યના ભાગ સ્વરૂપે હાથ ધરાતું વ્યક્તિગત સંશોધન છે.
- અન્ય શિક્ષકો અને આચાર્યોના સહકારથી તેમાં સફળતા પ્રાપ્ત થાય છે.
- તેના દ્વારા સ્થાનિક સમસ્યાઓના વ્યવહારૂ ઉકેલ મેળવાય છે.
- તે શિક્ષણકાર્યને વધુ અસરકારક બનાવવા અને સુધારણા અર્થે હાથ ધરાય છે.
- તેનાં પરિણામોને વધુ વ્યાપક સ્વરૂપે લાગુ પાડી શકાતા નથી.
- તેના આધારે સામાન્ય સિધ્ધાંતો કે નિયમો સ્થાપી શકાતા નથી.
- તે સમય, શક્તિ અને નાણાંની દષ્ટિએ ઓછું ખર્ચાળ છે અને ખાસ નિષ્ણાતોની સલાહ વગર પણ હાથ ધરી શકાય છે.

ટુંકમાં ક્રિયાત્મક સંશોધન એ શિક્ષકોનું, શિક્ષકો માટે અને શિક્ષકો દ્વારા હાથ ધરાતું સંશોધન છે.

### ક્રિયાત્મક સંશોધનના સોપાનો

કોઈપણ કાર્ય પદ્ધતિને વૈજ્ઞાનિક સ્વરૂપ આપવું હોય તો તે ચોકકસ સોપાનોમાંજ આગળ વધવી જોઈએ. ક્રિયાત્મક સંશોધનની કાર્ય પદ્ધતિ વૈજ્ઞાનિક ઢબે હાથ ધરાય છે. માટે તે પણ ચોકકસ સોપાનોને અનુસરે છે. આ સોપાનો નીચે મુજબ છે.-

૧. સમસ્યા - પસંદગી (The problem seletion)
૨. સમસ્યા - ક્ષેત્ર (Problem area)
૩. સમસ્યાના સંભવિત કારણો (Probable reasons for problems)
૪. પાયાની જરૂરી માહીતી એકત્રીકરણ (Base line data collection)
૫. ઉત્કલ્પનાઓ (Hypotheses)
૬.પ્રયોગ કાર્યની રૂપ રેખા (Action plan)
૭. પૃથક્કરણ અને અર્થઘટન (Analysis and interpretation )
૮.તારણ અને અનુકાર્ય (Conculations and followup)

### સમસ્યા પસંદગી :-

ક્રિયાત્મક સંશોધનનું સૌથી પહેલુ સોપાન છે સમસ્યાનુ સ્પષ્ટીકરણ શિક્ષક જે સમસ્યા ઉકેલ માટે સંશોધન હાથ ધરે છે, તે સમસ્યા સ્પષ્ટ હોવી જોઈએ. શિક્ષક ધારો કે ભાષાનું શિક્ષણ કાર્ય પોતાની રીતે કરતો હોય, પરંતુ વિદ્યાર્થીઓ તરફથી તેને અપેક્ષા



9824274596

મુજબનો પ્રતિસાદ ન મળે તો તે શિક્ષક માટે સમસ્યા જરૂર બને છે, પરંતું જો શિક્ષક આ સમસ્યાને નીચે મુજબ શબ્દબદ્ધ કરે વિદ્યાર્થીઓનો ભાષાનો સિદ્ધિ આંક નીચો જોવા મળે છે તો આ સમસ્યા વધુ વ્યાપક બની જાય છે. તેમાં ભાષાના ક્યા પાસામાં વિદ્યાર્થીઓ નબળા જણાય છે તે નક્કી થતું નથી તેથી સમસ્યા વધુ સ્પષ્ટ બને તે રીતે રજુ કરવી જોઈએ. દા.ત., વિદ્યાર્થીઓ જોડણી ખોટી લખે છે.

**સમસ્યા - ક્ષેત્ર :**

આપણે જાણીએ છીએ કે શાળાએ શાળાએ ધોરણે ધોરણે અને વર્ગે વર્ગે સમસ્યા જુદી જુદી હોઈ શકે. એક શિક્ષકને અનુભવાતી સમસ્યા એ બીજા શિક્ષક માટેની સમસ્યા ન પણ હોઈ શકે આથી જે સમસ્યા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવે છે તે કઈ શાળાના કઈ શ્રેણીના ક્યા વર્ગના ક્યા વિષયની અને ક્યા મુદ્દાને સ્પર્શતી સમસ્યા છે તેનો ઉલ્લેખ જ્યારે સમસ્યાના વિધાનમાં કરવામાં આવે ત્યારે સમસ્યા- ક્ષેત્ર સ્પષ્ટ થાય દા.ત., માનપુર પ્રાથમિક શાળાના શ્રેણી - ૬ ના બ વર્ગના વિદ્યાર્થીઓ ભાષા શિક્ષણમાં જોડણી ખોટી લખે છે.

**સમસ્યાનાં સંભવિત કારણો.:**

પ્રત્યેક સમસ્યાના ઉદ્દભવ માટેનાં સંભવિત કારણો પણ આગવાં હોય છે. તેથી આ સોપાનમાં જે સમસ્યાના ઉકેલ માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરેલ હોય તે સમસ્યા માટેનાં શક્ય તમામ સંભવિત કારણોની યાદી તૈયાર કરવી પડે છે. આગળના સોપાનમાં દર્શાવેલી સમસ્યાના સંભવિત કારણો નીચે મુજબ વિચારી શકાય-

**દા.ત.**
- વિદ્યાર્થીઓ જોડણી પ્રત્યે પુરતી ગંભીરતા દાખવતા નથી.
- વિદ્યાર્થીઓ જોડણીને મહત્વ આપતા નથી.
- શિક્ષકો શિક્ષણકાર્ય દરમિયાન જોડણી પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરતા નથી.
- જોડણી બદલાઈ જવાથી પ્રત્યાયનમાં તફાવત પડી જાય છે, તેની સભાનતા વિદ્યાર્થીઓમાં નથી.
- શાળામાં જોડણીકોશ નથી.
- વિદ્યાર્થીઓને જોડણીકોશનો ઉપયોગ કરવાની રીત આવડતી નથી. વગેરે.

**પાયાની જરૂરી માહિતીનું એકત્રીકરણ :-**

આ સોપાનમાં સંશોધન માટે શિક્ષકે ઉપલબ્ધ સ્રોતોનો ઉપયોગ કરી કેટલીક પાયાની માહિતી એકત્રિત કરવી પડે છે. શિક્ષકે વિચારેલાં શક્ય તમામ સંભવિત કારણોના સંદર્ભમાં માહિતી એકત્રિત કરવાની હોય છે. આ માહિતીનાં કારણો તપાસવા માટે, ઉત્કલ્પનાઓ રચવા માટે તેમજ કાર્ય યોજના તૈયાર કરવા માટે આધાર લેવાનો હોય છે. આવી માહીતી મેળવવા માટે શિક્ષકે અન્ય શિક્ષકો કે સંલગ્ન વ્યક્તિઓ સાથે ચર્ચા કરવી પડે છે. પોતાના રોજિંદા કાર્ય દરમિયાન હેતુપુર્વકનું અવલોકન કરવું પડે છે અને પ્રશ્નોતરીનો પણ સહારો લેવો પડે છે. આગળના સોપાનોમાં ઉદાહરણ સ્વરૂપે દર્શાવેલ સમસ્યાના સંદર્ભમાં શિક્ષકે નીચે મુજબ પાયાની માહિતી એકત્રિત કરવી પડે છે.

- વિદ્યાર્થીઓની જોડણી સંબંધી ભુલોની માહિતી વિદ્યાર્થીઓના લખાણનું અવલોકન કરી મેળવવી જોઈએ.
- જરૂર પડ્યે વર્ગમાં શ્રુતલેખન કરાવીને પણ જોડણીની ચકાસણી કરી શકાય.
- વિદ્યાર્થીઓએ સ્વહસ્તાક્ષરે લખેલી નોટો તપાસવાથી માહિતી મળી શકે.
- વિદ્યાર્થીઓની અગાઉની પરીક્ષાની ઉત્તરવહીઓ જોવાથી પણ માહિતી મેળવી શકાય.
- વિદ્યાર્થીઓની જોડણી સંદર્ભે ભાષાના અન્ય શિક્ષકો સાથે ચર્ચા કરી માહીતી મેળવી શકાય.
- શાળામાં, બજારમાં કે વિદ્યાર્થીઓની પાસે જોડણી કોશ છે કે નહી, તેની તપાસ કરી શકાય.
- જોડણીકોશ હોય તો તેનો ઉપયોગ કરવાની રીત વિદ્યાર્થીઓને આવડે છેકે કેમ તે ચકાસવા વિદ્યાર્થીઓને જોડણીકોશનો ઉપયોગ કરવો પડે તેવું કાર્ય સોંપી શકાય.

આ રીતે જે-તે સમસ્યાના સંદર્ભમાં શિક્ષક પ્રાપ્ય તમામ સ્રોતોનો ઉપયોગ કરી પાયાની માહિતી મેળવી તેની નોંધ રાખે જેથી સંશોધનમાં તે મદદરૂપ થઈ શકે.

**ઉત્કલ્પનાઓ :-**

ઉત્કલ્પનાઓ માટે ધારણાઓ કે કલ્પનાઓ જેવા શબ્દો પણ પ્રયોજાય છે. ઉત્કલ્પનાઓ શરતી વિધાન સ્વરૂપ લખવામાં આવે છે. તેમાં સમસ્યા માટે જવાબદાર કારણના નિવારણ અને તેના સંભવિત પરિણામની આગાહી કરવામાં આવે છે. ઉત્કલ્પના રજૂ કરતું વિધાન જો... તો... સ્વરૂપનું હોય છે. આમાં જો પછી સમસ્યાની કારણરૂપ બાબતના ઉકેલ માટેની પ્રવૃતિ કે પ્રયુક્તિઓ દર્શાવાય છે અને તો પછી તેના પરિણામની શક્યતા દર્શાવાય છે. આ પ્રકરણમાં ઉદાહરણ સ્વરૂપે દર્શાવેલ સમસ્યાના સંદર્ભમાં



9824274596

જોઈએ તો નીચે જેવી ઉત્કલ્પનાઓ રચી શકાય.

- જો વિદ્યાર્થીઓમાં જોડણી પ્રત્યે ગંભીરતા લાવવામાં આવે તો વિદ્યાર્થીઓ ખોટી જોડણી લખતા અટકશે.
- જો વિદ્યાર્થીઓ તેમના શિક્ષણકાર્ય દરમિયાન જોડણી પ્રત્યે વિદ્યાર્થીઓનું ધ્યાન દોરશે, તો વિદ્યાર્થીઓની જોડણીની ભુલો ઘટશે.
- જો શાળામાં જોડણી કોશ વસાવવામાં આવે અને વિદ્યાર્થીઓને તેનો ઉપયોગ કરવાની તક આપવામાં આવે તો જોડણી દોષ ઓછા થાય.
- જો વિદ્યાર્થીઓને જોડણી ભુલોથી પ્રત્યાયન પર પડતી નકારાત્મક અસર વિશે સભાન કરવામાં આવે તો જોડણીની ભુલો ઓછી થશે.

આ રીતે જ સમસ્યાના ઉકેલ માટે શિક્ષક ક્રિયાત્મક સંશોધન હાથ ધરે તેના માટેની ઉત્કલ્પનાઓ રચી એક પછી એક ઉત્કલ્પનાઓની ચકાસણી કરવા સંશોધન યોજના તૈયાર કરી છે, જેની વિગત હવે પછીના સોપાનમાં દર્શાવવામાં આવી છે.

**પ્રયોગકાર્યની રૂપરેખા :-**

ક્રિયાત્મક સંશોધનનુ આ ખુબ જ મહત્વનું સોપાન છે. શિક્ષક માત્ર ઉત્કલ્પનાઓ રચીને અટકી જાય તો સમસ્યાનો ઉકેલ મેળવી શકતો નથી, પરંતું સમસ્યાના ઉકેલ માટે રચેલી ઉત્કલ્પનાઓની ચકાસણી માટે શું કરશે, તેમાં કેટલો સમય લેશે, ક્યા ક્યા સ્રોતનો ઉપયોગ કરશે વગેરે બાબતનું આયોજન એ પ્રયોગકાર્યની રૂપરેખામાં દર્શાવવામાં આવે છે. પ્રયોગકાર્યનું અમલીકરણ કરવામાં અનુકુળતા રહે તે હેતુસર નીચેની બાબતોને ધ્યાનમાં રાખીને રૂપરેખા તૈયાર કરવી જોઈએ.

- સમય નિર્ધારણ (કુલ કેટલા દિવસોલાગશે તે.)
- શૈક્ષણિક પ્રવૃતિઓ, પ્રયુક્તિઓ
- સમયપત્રક
- સ્રોત
- મુલ્યાંકન

**પૃથક્કરણ અને અર્થઘટન :-**

શિક્ષણપ્રક્રિયાની વ્યક્તિમાં થતી અસર અમુર્ત સ્વરૂપની હોય છે. ખાસ કરીને શિક્ષણની સુધારણા માટે હાથ ધરેલા પ્રયોગની અસર માત્ર નરી આંખે માપી શકાય નહિ. તેથી મુલ્યાંકન પ્રવિધિ માટે ઉપયોગમાં લેવાતી તમામ પ્રયુક્તિઓનો આધાર લઈ મુલ્યાંકન કરવું પડે છે. તેવી જ રીતે આપણે વિદ્યાર્થીઓની જે નબળી બાબતો જે તે, જે કોઈ ઊણપો, ખામીઓ કે ક્ષતિઓ સામાન્ય રીતે જોવા મળતી હોય તે કે પછી શિક્ષણમાં કોઈ પણ વિષયમાં નોંધપાત્ર કચાશ જોવા મળતી હોય તેમાં સુધારો કરવા માટે ક્રિયાત્મક સંશોધન હાથ ધરેલ છે. તેમાં સંશોધનના ભાગરૂપે કરેલા પ્રયોગથી ખરેખર સુધારો થયો છે કે કેમ તે જાણવુ જરૂરી છે. મુલ્યાંકન માટે ખાસ કરીને વિદ્યાર્થીઓની લેખિત સામગ્રી તેમજ અધ્યયન ટેવોનું અવલોકન, વિદ્યાર્થીઓ દ્વારા થતા મહાવરાનું અવલોકન, વિવિધ વિદ્યાર્થીઓના જોડણીદોષ ઘટ્યા છે કે કેમ? વિદ્યાર્થીઓની અનિયમિતતા ફરિયાદ દુર થઈ કે કેમ? ગણિત વિષયની સંકલ્પનાઓની સમજ સ્પષ્ટ થઈ કે કેમ? વિદ્યાર્થીઓની સક્રિયતામાં વધારો થયો કે કેમ? આમ, મુલ્યાંકનથી ક્રિયાત્મક સંશોધનની સફળતાનો સાચો ખ્યાલ આવે છે, જેની સંશોધક નોંધ સ્વરૂપે રજુઆત કરી શકે છે.

**તારણ અને અનુકાર્ય :-**

તારણ, પરિણામ અને અનુકાર્ય એ ક્રિયાત્મક સંશોધનનાં અગત્યનાં અંગ છે. સમગ્ર પ્રયોગના અંતે સંશોધકને કેટલા અંશે સફળતા મળી છે તેનું મુલ્યાંકનના આધારે તારણ આપી શકાય છે. કેવું પરિણામ પ્રાપ્ત થયું તે દર્શાવી શકાય છે. આ પરિણામને ધ્યાને રાખતાં હવે પછી શિક્ષકે પોતાના કાર્યમાં કેવી રીતે આગળ વધવું, શું- શું અનુકાર્ય કરવું તે નક્કી કરી શકાય. અનુકાર્ય એ ક્રિયાત્મક સંશોધનનું હાર્દ છે. અનુકાર્ય વગર કોઈ પણ કાર્યક્રમની અસરને સામાન્ય સ્વરૂપ આપી શકાતું નથી, પરંતુ અનુકાર્યથી આ અસરને કાયમી બનાવી શકાય છે.

આમ, ક્રિયાત્મક સંશોધન હાથ ધરનાર શિક્ષકે ઉપરોક્ત આઠ સોપાનો મુજબ આગળ વધવાનું હોય છે. આમ કરવામાં આવે તો જ તેને વૈજ્ઞાનિક ઢબે-અનાત્મલક્ષી રીતે કોઈ પણ પ્રકારના પક્ષપાત કે પુર્વગ્રહ વગર ઠોસ પ્રયાસો વડે સમસ્યાનો ઉકેલ મેળવેલો ગણાશે.

## શાળાકિય સર્વગ્રાહી મુલ્યાંકન

**પત્રક - A (રચનાત્મક મુલ્યાંકન )**

- વિદ્યાર્થીનું સતત મુલ્યાંકન કરતા રહેવું જોઈએ, આમ કહીએ છીએ ત્યારે પત્રક - A વિશે બરાબર સમજી લઈએ.
- શિક્ષકે દરેક અધ્યયન ઉપલબ્ધિ માટેના અધ્યાપન કાર્યના અંતે વર્ગના તમામવિદ્યાર્થીઓએ તેમાં અનિવાર્ય હોય એટલી અધ્યયન ક્ષમતા પ્રાપ્ત કરી છે કે નહી તેની નોંધ લેવાની છે.
- આ પૈકી પ્રતિનિધિરૂપ ૨૦ અધ્યયન ઉપલબ્ધિઓની નોંધ પત્રક-A માં કરવાની છે. આ અંગેનું માર્ગદર્શન SCE ની માર્ગદર્શિકાના પેજ નં. ૨૩ થી ૭૪ માં આપેલ છે.
- ધો. ૩ થી ૮ ના વિષયવાર - સત્રવાર અલગ અલગ પત્રક - A માં ૨૦ અધ્યયન ઉપલબ્ધિઓની નોંધાશે તેના મુલ્યાંકન વિશે હવે સમજીએ.
- અધ્યાપન કાર્ય દરમિયાન અને અધ્યાપન કાર્યના અંતે શિક્ષકે પોતે આપેલ અધ્યાયન અનુભવોને નજર સમક્ષ રાખી પોતાની સુઝ સમજ મુજબની યોગ્ય પ્રયુક્તિઓનો ઉપયોગ કરી વિદ્યાર્થીની આવડત કે કચાશ મુલવવાની છે અને કચાશને સુધારવાનું કાર્ય હાથ ધરવાનું છે.
- પત્રક - A માં જે અધ્યયન ઉપલબ્ધિઓ સમાવવામાં આવી છે, તેની ચકાસણી કરતાં જે વિદ્યાર્થી જે અધ્યયન ઉપલબ્ધિ સિધ્ધ થઈ હોય તો ખરાં (✓) ની નિશાની કરવી. થોડી કચાશ જણાય તો (?) અને કશું ન આવડે તો (X) ચોકડીની નિશાની કરવી. આ નિશાનીઓ કરવામાં શિક્ષકે પોતાની વિવેકબુદ્ધિનો ઉપયોગ કરવો. વધારે ઉદાર કે કડક ન રહેવું.
- યાદ રાખીએ આ નિશાનીઓ પુરી ચોકસાઈથી પુરી ગંભીરતાથી કરીએ.
- પત્રક - A માં સત્રના આરંભથી નિશાનીઓ કરવાનું કામ શરૂ થશે. જેમજેમ અભ્યાસક્રમ ચાલતો જશે તેમતેમ નિશાનીઓ થતી રહેશે. સત્ર પુરું થતાં પ્રતિનિધિરૂપ ૨૦ અધ્યયન ઉપલબ્ધિઓનું મુલ્યાંકન કાર્ય પુર્ણ થશે.

**પત્રક - B (વ્યક્તિત્વ વિકાસ પત્રક)**

ધો.૩ થી ૮ ના વિદ્યાર્થીઓના સર્વગ્રાહી વિકાસના મુલ્યાંકન માટે પત્રક - B નું ખુબ જ મહત્વ છે. આ પત્રકમાં કુલ ૪ ક્ષેત્રોમાં ૪૦ વિધાનો દ્વારા મુલ્યાંકન પ્રયોજન છે. તે પૈકી ૩૧ વિધાનો પત્રકમાં છાપેલા છે. ૯ વિધાનો માટે ખાલી જગ્યા રાખવામાં આવી છે.

- ધો.૩ થી ૮ માં વયકક્ષાનુસાર ભિન્નતા રહે છે.
- સમગ્ર રાજયમાં સ્થાનિક પર્યાવરણનું ઘણું વૈવિધ્ય છે.
- દરેક શિક્ષક પાસે પોતાની આગવી કાર્યશૈલી છે.

આવા બધા કારણોસર વિદ્યાર્થીના વ્યક્તિત્વ વિકાસના સંદર્ભમાં શિક્ષકને નવ વિધાનોની પસંદગી માટેની સ્વતંત્રતા આપવામાં આવી છે.

વિદ્યાર્થીઓને ગૃહકાર્ય આપવામાં આવે છે, જે તે વિષયની નોટબુક બનાવવામાં આવે છે, પાઠયપુસ્તકમાં જ સ્વાધ્યાય કાર્ય કરવાની જગ્યા આપવામાં આવી હોય છે, ભાષાઓમાં સ્વતંત્રલેખનની નોટબુક્સ બનાવવાની હોય છે અને વિષય આધારિત સ્વઅધ્યયન પોથીમાં પણ વિદ્યાર્થીઓએ સ્વઅધ્યયનનું કાર્ય કરવાનું હોય છે. શિક્ષકોએ આવા કાર્યને તપાસીને માર્ગદર્શન આપવાનું હોય છે.

સત્રની શરૂઆતથી વિદ્યાર્થીઓના સ્વઅધ્યયનકાર્યની પુરેપુરી વ્યવસ્થિત કાળજી લેવાય તો શૈક્ષણિક ગુણવતામાં નોંધપાત્ર સુધારો લાવી શકાય તે હેતુથી વિષયવાર, સત્રવાર ૨૦ ગુણ ફાળવવામાં આવ્યાં છે.

શાળાના મુખ્ય શિક્ષકે પોતાના શિક્ષકોની મદદથી ધોરણવાર અને વિષયવાર ૨૦ ગુણમાંથી મુલ્યાંકન માટેની રૂપરેખા પ્રથમથી જ તૈયાર કરાવી લેવી. આ રૂપરેખા મુજબ નિયમિત રીતે સ્વઅધ્યયન કાર્યની ચકાસણી કરાવવી અને તે ફાળવણી મુજબ વિષય શિક્ષક ૨૦ માંથી ગુણ આપશે.

**પત્રક - D**

**ધો.૧ અને ૨ ના પ્રગતિપત્રક અને પરિણામપત્રક**

ધોરણ ૧ માં જુન , જુલાઈ અને ઓગસ્ટ દરમિયાન શાળા તત્પરતાની પ્રવૃતિઓ કરાવવાની છે.

- પરિણામપત્રકમાં પહેલા પાને શાળા તત્પરતાની ૧૪ પ્રવૃતિઓની યાદી આપી છે. આ દરેક પ્રવૃતિ વર્ગમાં કરાવવાની છે. અને જેટલી પ્રવૃતિઓ કરાવી હોય તેની સંખ્યા લખવાની છે.

- એ જ રીતે ધો.૧ અને ૨ માં વિષયશિક્ષણ અન્વયે વર્ષ દરમિયાન કરાવવાની.... પ્રવૃત્તિઓની યાદી આપી છે અને દરેકની સંખ્યા લખવાની છે.
- કેટલી સંખ્યામાં પ્રવૃત્તિઓ કરાવી, તે પ્રવૃત્તિમાં વિદ્યાર્થીની ભાગીદારી કેવી રહી તે માટે પ્રવૃત્તિ રજિસ્ટરો બનાવવાં જ પડે.

**પત્રક - E (સર્વગ્રાહી વિકાસાત્મક સંગ્રહિત પ્રગતિ પત્રક )**

**પરિશિષ્ટ** - E એ સંગૃહિત પ્રગતિની નોંધ માટે તૈયાર કરવામાં આવેલ છે. વિદ્યાર્થી ધો.૧ થી પ્રવેશ મેળવી ક્રમશઃ ધો. ૮ અને પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરે છે. આ ગાળા દરમિયાન તેના વ્યક્તિત્વમાં , વિષય આધારિત જ્ઞાનમાં, સામાજિક અનુકુલનમાં , સર્વાંગિક વિકાસમાં અને શારીરિક વિકાસમાં બદલાવ આવતો રહે છે. આ દરેક તબક્કાના બદલાવની નોંધ ધો.૧ થી ૮ ના પ્રાથમિક શિક્ષણના તબક્કા દરમિયાન પરિશિષ્ટ - E માં કરવાની રહે છે.

આ પત્રકને આધારે શિક્ષકને કયા વર્ગમાં વિદ્યાર્થીનો વિકાસ ક્રમ કેવો છે તેમજ વિષયોના સંદર્ભમાં તેનું જ્ઞાન કેવું છે. તેની જાણકારી મળે છે. તેને આધારે આગળના વર્ગ માટેના વિદ્યાર્થીના વિષયો માટેનું આયોજન નક્કી કરી શકે છે.

**પત્રક - શાળાંત પ્રમાણપત્ર**

વિદ્યાર્થી ધોરણ ૮ સુધીનું પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરે ત્યારે વિદ્યાર્થી પ્રાથમિક શિક્ષણમાં મેળવેલ શૈક્ષણિક અને સહશૈક્ષણિક વિષયોમાં મેળવેલ સિદ્ધિ તેમજ તેના વ્યક્તિત્વના વિવિધ પાસાઓમાં થયેલ વિકાસ તેમજ તેના વર્તનમાં થયેલ પરિવર્તન જેવી બાબતોની નોંધ શાળાંત પ્રમાણપત્રમાં કરવાની રહે છે. આ પત્રક વિદ્યાર્થીએ પ્રાથમિક શિક્ષણમાં મેળવેલી સિદ્ધિનો ચિતાર રજુ કરે છે.

**પત્રક - F (ધો.૩ થી ૮ માટેનું પ્રગતિ પત્રક )**

વિદ્યાર્થીઓની શૈક્ષણિક અને સહશૈક્ષણિક વિષયોમાં થયેલ પ્રગતિની વિગતો ક્રમશઃ ધો.૩ થી ૮ માં ધોરણવાર વર્ષાંતે પત્રકમાં પ્રગતિની વિગતો ગ્રેડ સ્વરૂપે શિક્ષકે નોંધી બાળકને આપવાની છે. આ પ્રક્રિયા માટે શિક્ષકે નિયત નમુનાના ધોરણ ૩ થી ૮ ના પ્રગતિ પત્રકનો ઉપયોગ કરવાનો રહે છે.

**ગ્રેડ આપવાની પદ્ધતિને આધારે તેના બે પ્રકારો પાડવામાં આવે છે.**

૧. પ્રત્યક્ષ ગ્રેડીંગ અને ૨. પરોક્ષ ગ્રેડીંગ

૧. પ્રત્યક્ષ ગ્રેડીંગ

આ પ્રકારના ગ્રેડીંગમાં શિક્ષક દ્વારા બાળકનું સિદ્ધિનું સતત અને સર્વગ્રાહી અવલોકન કરી તટસ્થ રીતે સીધો ગ્રેડ આપવામાં આવે છે. આમાં કોઈ કક્ષાએ ગુણ આપવામાં આવતા જ નથી. ગુજરાતમાં હાલમાં ધોરણ - ૧ અને ૨ માં આ પ્રકારની પ્રત્યક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં છે.

૨. પરોક્ષ ગ્રેડીંગ -

આ પ્રકારના ગ્રેડીંગમાં વિદ્યાર્થીની સિદ્ધિ નું ગુણમાંથી ગ્રેડમાં રૂપાંતર કરવામાં આવે છે. આ પ્રકારના ગ્રેડીંગમાં કુલ ગુણને ત્રિબિંદુ, પંચબિંદુ વગેરે આધારિત ક્રમશઃ ત્રણ , પાંચ, વગેરે વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. અહીં વિદ્યાર્થીઓએ મેળવેલા ગુણો સમાવેશ જે વિભાગોમાં દર્શાવેલ ગુણની શ્રેણીમાં થતો હોય તે વિભાગ માટે નક્કી કરેલો ગ્રેડ આપવામાં આવે છે. અહીં વિદ્યાર્થીને સીધો જ ગ્રેડ અપાતો નથી. ધો.૩ થી ૯ માં આ પ્રકારની પરોક્ષ ગ્રેડીંગ પદ્ધતિ અમલમાં છે.

## પ્રજ્ઞા

**પ્રસ્તાવના :-**

પ્રાથમિક શિક્ષણના ક્ષેત્રમાં સમયાંતરે વિશિષ્ટ અને વિવિધ શૈક્ષણિક પ્રયોગો થઈ રહ્યા છે. પ્રજ્ઞા અભિગમ પણ સાતત્યપુર્ણ શૃંખલા પૈકીનો જ એક અભિગમ છે. ગુજરાત રાજ્યમાં જુન ૨૦૧૦ માં ફેઝ- ૧ (ધોરણ ૧-૨ ) થી શરૂ થયેલ પ્રજ્ઞા અભિગમ જુન - ૨૦૧૪ માં ફેઝ-૫ સુધી વિસ્તરણ પામ્યો છે.

વર્ગના તમામ બાળકોને શિક્ષણ પ્રક્રિયામાં જોડી શકાય. તેમની શૈક્ષણિક સિદ્ધિઓનું વ્યક્તિગત માપન થઈ શકે આ તમામ આવશ્યકતા ને ઉપકારક બને એવો અભિગમ એટલે પ્રજ્ઞા. 'પ્રવૃતિ દ્વારા જ્ઞાન' પ્રાપ્ત કરવાનો અભિગમ એટલે 'પ્રજ્ઞા અભિગમ' જે વિદ્યાર્થી કેન્દ્રી અને પ્રવૃત્તિલક્ષી અભિગમ છે.

આ અભિગમમાં પ્રવૃતિઓ હેતુલક્ષી છે. જેથી બાળક જે કંઈ શીખે છે તે પ્રવૃતિના માધ્યમથી જ શીખે છે જેના ફળ સ્વરૂપે બાળકને ભણતર ભાર વગરનું લાગે છે.



9824274596

આમ, સમગ્ર દેશમાં પ્રજ્ઞા અભિગમ ABL ના અસરકારક મોડેલ તરીકે લંબાઈ રહ્યુ છે. આ અભિગમના આધારે બાળકને વ્યક્તિગત શિક્ષણ, વિષય શિક્ષક સાથેનું શિક્ષણ અને ગતિ આધારિત શિક્ષણ મળી રહે છે. તે અત્યંત મહત્વની બાબત બની રહી છે.

**પ્રજ્ઞા અભિગમના હેતુઓ.**

- પ્રત્યેક બાળક પોતાની ગતિ મુજબ શિક્ષણ મેળવવાની તક મેળવે.
- ભાર વગરના પ્રવૃતિલક્ષી, આનંદદાયી શિક્ષણની તક પ્રાપ્ત કરે.
- પ્રત્યેક બાળક ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી તેની ક્ષમતા વિકસિત કરે.
- બાળકે જરૂરી શૈક્ષણિક સિદ્ધિ પ્રાપ્ત કરી કે નહી તેનું મુલ્યાંકન કરે.
- બહુસ્તરીય શિક્ષણ માટેની સામગ્રી નિર્માણ કરે તથા તેનો ઉપયોગ કરવાની ક્ષમતા પ્રાપ્ત કરે.
- બાળકો એક બીજાના સહયોગથી શિક્ષણ મેળવે.
- વિશેષ જરૂરીયાતવાળા બાળકોને પુરતો સમય અને તક મળે.
- વિવધ સ્તરના બાળકોને શીખવા માટેની સમાન તક મળે.
- બાળકની પ્રત્યેક તબક્કે થતી પ્રગતિથી વાલી, શિક્ષક , અને બાળક પોતે પણ માહિતગાર રહે.

**પ્રજ્ઞા વર્ગખંડનું ભૌતિક પર્યાવરણ :-**

સામાન્ય વર્ગખંડ કરતા પ્રજ્ઞા વર્ગખંડમાં એવી નોંધપાત્ર બાબતો જોવા મળે છે કે જેનાથી પ્રજ્ઞા વર્ગખંડનું ભૌતિક પર્યાવરણ જુદું પડે છે.

**૧.વર્ગખંડની પસંદગી :-**

સામાન્ય રીતે વર્ગખંડની દિવાલો ચિત્રાત્મક રંગરોગાન વગરની સ્વચ્છ અને સુઘડ હોય છે. ટુકડી - ૧ અને ટુકડી -૨ માટે જુદા જુદા વર્ગખંડની પસંદગી કરાય છે. બંને વર્ગખંડ શક્ય હોય ત્યાં સુધી બાજુ - બાજુમાં હોય તેવા રખાય છે.

**૨. બેઠક :-**

બાળકોને બેસવા માટે પાથરણાંની વ્યવસ્થા હોય છે.

**૩.ઘોડા અને ટ્રે :**

ટ્રે મુકવા માટે વર્ગખંડમાં યોગ્ય જગ્યાએ ઘોડા બનાવેલ હોય છે. ગણિતના વર્ગખંડમાં એક ઘોડો હોય છે. જ્યારે ગુજરાતી - પર્યાવરણ ના વર્ગખંડમાં ગુજરાતી માટે એક અને પર્યાવરણ માટે એક ઘોડો હોય છે.

**૪. અભ્યાસકાર્ડ :-**

પ્રજ્ઞા અભિગમમાં વિષયવસ્તુને માઈલસ્ટોનના કાર્ડ સ્વરૂપે વિભાજિત કરવામાં આવેલ છે. આ અભ્યાસકાર્ડ ઘોડામાં રાખેલ ટ્રે માં જે-તે સિમ્બોલ મુજબ મુકવામાં આવેલ છે.

**૫.લેડર :-**

બાળકો સરળતાથી જોઈ શકે અને તેના પરના સિમ્બોલને સ્પર્શી શકે તેટલી ઊંચાઈએ ઘોડાની બાજુમાં લગાવેલ હોય છે.

**૬. છાબડી :-**

વર્ગખંડમાં ચાર ફુટથી વધુ ન હોય, તેટલી ઊંચાઈએ ૬ છાબડી લટકાવેલ હોય છે. તમામ છ જુથ સ્વતંત્ર રીતે બેસી શકે તે રીતે છાબડી લગાવેલ હોય છે.

**૭. પ્રગતિમાપન :-**

બાળકની વિષયવાર પ્રગતિ શિક્ષક પાસેના પ્રગતિમાપન રજીસ્ટરમાં નોંધવાર આવે છે.

**૮. ડિસ્પ્લે બોર્ડ :-**

બાળકોએ જાતે કરેલ પ્રવૃતિઓ બાળકો જાતે જ વર્ગખંડમાં પ્રદર્શિત કરી શકે તે માટે બંને વર્ગખંડમાં યોગ્ય ઊંચાઈએ ડિસ્પ્લે બોર્ડ લગાવેલ હોય છે.

**૯. સ્લેટ :-** વર્ગખંડ માં શિક્ષક માટે એક મોટી સ્લેટ અને બાળકો માટે દસ નાની સ્લેટ હોય છે.

**૧૦. ટી.એલ.એમ. બોક્સ :-**

બંને વર્ગખંડમાં યોગ્ય જગ્યાએ શકય હોય તો ઘોડાની બાજુમાં જરૂરીયાત મુજબની અધ્યયન અધ્યાપન સામગ્રી/ TLM બોક્સ ગોઠવેલ હોય છે.

**૧૧. પોર્ટફોલિયો અને પ્રોફાઈલ :-**

બાળકોએ બનાવેલ વસ્તુઓ બાળક પોતાના પોર્ટફોલિયામાં મુકી શકે કે લઈ શકે તેટલી ઊંચાઈએ પોર્ટફોલિયો રાખવામા આવે છે.

**૧૨. વર્કબુક :-**

બાળકોએ પોતાની જાતે જ પોતાની વર્કબુક સરળતાથી લઈ શકે તે માટે જે તે વિષયના ઘોડા પર કે તેની બાજુમાં વર્કબુક ગોઠવવામાં આવે.

**૧૩. હોમવર્ક બુક :-**

ધોરણ -૩ થી ૪ નાં બાળકોને દઢિકરણનો મહાવરો મળે. તેવુ અર્થગ્રહણ થાય તે માટે ઉપયોગી છે.

**૧૪. ટીચર હેન્ડ બુક :-**

અધ્યયન અધ્યાપન પ્રક્રિયા દરમિયાન અભ્યાસકાર્ડમાં દર્શાવેલ પ્રવૃતિઓ કેવી રીતે કરાવવી તેની સંપુર્ણ સમજ તેમજ માર્ગદર્શન હેન્ડબુક દ્વારા મળે છે.

**પ્રારંભિક જુથ વિભાજન :-**

પ્રજ્ઞા વર્ગની રચના વિશેષ પ્રકારે કરવાની રહે છે.

દા.ત.હાલ કોઈ એક શાળામાં ધો-૧ અને ધો-૨ ની સંખ્યા મુજબ બે ટુકડીમાં વિભાજિત કરીશું.

**હાલ ધોરણ - ૨ અને ધોરણ - ૧ ની સંખ્યા.** **ટુકડીમાં વિભાજન**

| ધોરણ -૨ | ધોરણ -૧ | ટુકડી - ૧ | ટુકડી - ૨ |
|---|---|---|---|
| ૨૦ કુમાર | ૧૮ કુમાર | ૧૦ કુમાર ધો-૨ | ૧૦ કુમાર ધો-૨ |
| ૨૦ કન્યા | ૨૨ કન્યા | ૧૦ કન્યા ધો-૨ | ૧૦ કન્યા ધો-૨ |
| ૪૦ કુલ | ૪૦ કુલ | ૯ કુમાર ધો -૧ | ૯ કુમાર ધો-૧ |
| | | ૧૧ કન્યા ધો -૧ | ૧૧ કન્યા ધો-૧ |
| | | ૪૦ કુલ | ૪૦ કુલ |

પ્રથમ દિવસે જે ટુકડી ગુજરાતી - પર્યાવરણમાં બેસે તે ટુકડી - ૧ અને પ્રથમ દિવસે જે ટુકડી ગણિત રેઈનબોમાં રહે તે ટુકડી - ૨ રહેશે.

**પ્રજ્ઞા વર્ગ**

છાબડી -૧ શિક્ષક સમર્થિત જુથ
છાબડી - ૨ આંશિક શિક્ષક સમર્થિત
છાબડી - ૩ સહાયક જુથ
છાબડી - ૪ આંશિક સહાયક જુથ
છાબડી - ૫ સ્વપ્રયત્ન કાર્ય
છાબડી - ૬ મુલ્યાંકન જુથ

વર્ગના તમામ વિદ્યાર્થીઓ પોતાની ગતિ અનુસાર છ જુથમાં વહેંચાશે.

**સપ્તરંગી પ્રવૃતિઓ :-**

બાળકના સર્વાંગી વિકાસની તેના રસ રૂચિના ક્ષેત્રમાં આગળ વધવાની તક પુરી પાડવા માટે સપ્તરંગી વિષય અંતર્ગત વિવિધ પ્રવૃતિઓ કરાવવામાં આવે છે. ઉદા.

**પ્રવૃતિ ૧ : કાગળમાંથી વિવધ વસ્તુઓ બનાવવી.**

**પ્રવૃતિ ૨ : તાલની રમત**

સપ્તરંગી વિષય ૭ ક્ષેત્રોમાં વિભાજિત કરવામાં આવ્યો છે. દરેક વિભાગની ૧૦ પેટા પ્રવૃતિ છે. તે દરેકની પેટા પાંચ પ્રવૃતિ એમ મળીને કુલ ૩૫૦ પ્રવૃતિઓનો સંગ્રહ ધો -૧ થી ૪ માટે છે. આ દરેક પ્રવૃતિઓનો વિષયવસ્તુ સાથે અનુબંધ છે.

**મુખ્ય શિક્ષકની ભુમિકા.**

- મુખ્ય શિક્ષકે દરરોજ પ્રજ્ઞા વર્ગની મુલાકાત લઈ, પ્રજ્ઞા શિક્ષકને પ્રોત્સાહીત કરવા.
- પ્રજ્ઞા વર્ગની તમામ ભૌતિક સુવિધાઓ પુર્ણ થાય તેની વ્યવસ્થા કરવી.
- દર માસે બાળકોના પ્રગતિ રિપોર્ટનું આવલોકન કરશે, શિક્ષકને જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપશે.
- વર્ગખંડમાં પ્રોફાઈલ / પોર્ટફોલિયોનું અવલોકન કરી જરૂરી માર્ગદર્શન આપશે.

ઉઠો, જાગો , વધારે ઉંઘો નહી, બધી ખામીઓ અને બધા દુઃખોને દુર કરવાની શક્તિ તમારી અંદર જ છે.

**પ્રજ્ઞા મૂલ્યાંકન :-**

આ મુલ્યાંકન માળખાનો ધોરણ ૧ થી ૫ ની તમામ પ્રાથમિક શાળાઓ કે જ્યાં પ્રજ્ઞા અભિગમ અમલમાં છે ત્યાં ફરજિયાત અમલ કરવાનો રહેશે.

## ૧. ધોરણ ૧ અને ૨ની મુલ્યાંકન પ્રણાલી

- ધોરણ ૧ અને ૨માં વિદ્યાર્થીઓ પ્રજ્ઞા લેડર મુજબ અધ્યયન કાર્ડનું કાર્ય સફળતાપુર્વક કરે એટલે શિક્ષકશ્રીએ તે અંગેની નોંધ જે તે વિષયના પ્રગતિ માપન રજીસ્ટરમાં કરવી.
- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સપ્તરંગી અંતર્ગત કરવામાં આવતી પ્રવૃતિઓની નોંધ સપ્તરંગી પ્રવૃતિ રજીસ્ટરમાં કરવાની રહેશે. જેને આધારે વર્ષ દરમ્યાનની પ્રવૃતિઓની નોંધ પરિણામપત્રકમાં નોંધ કરવી.
- ધોરણ ૧ અને ૨ માં વિવિધ અવલોકનો, જુથકાર્ય, પ્રવૃતિઓ , રમતો વગેરે દ્વારા સતત અને સર્વગ્રાહી મુલ્યાંકન અનૌપચારીક રીતે કરવાનું રહેશે. મુલ્યાંકન અનૌપચારિક અને ઉપચારાત્મક શિક્ષણ પ્રત્યેક અભ્યાસકાર્ડ સાથે જ કરવાનું રહેશે. વિદ્યાર્થીના ગુણો અને કૌશલ્યોનું મુલ્યાંકન કરવા સપ્તરંગી પ્રવૃતિ રજીસ્ટર નિભાવવાનું રહેશે. વિદ્યાર્થી પ્રગતિ માપન રજીસ્ટર અને સપ્તરંગી રજીસ્ટરને આધારે શિક્ષકે વિદ્યાર્થીઓના પ્રગતિ પત્રકો અને પરિણામપત્રકો તૈયાર કરવાના રહેશે.
- ધોરણ ૧ અને ૨ માં શિક્ષકે પ્રત્યક્ષ ગ્રેડીંગ પદ્ધતિ મુજબ ABC પૈકી યોગ્ય ગ્રેડ આપવાનો રહેશે. અને તેને આધારે અનુક્રમે ધોરણ ૧ માટે પત્રક - D-૧ અને પત્રક- D-૨ તથા ધોરણ ૨ માટે પત્રક- D-૩ અને પત્રક - D-૪ નિભાવવાના રહેશે.

## ૨. ધોરણ -૩,૪ અને ૫ નું પ્રજ્ઞા મુલ્યાંકન માળખું.

ધોરણ -૩ ,૪ અને ૫ માં વિદ્યાર્થીઓ પ્રજ્ઞા લેડર મુજબ અધ્યયન કાર્ડનું કાર્ય સફળતાપુર્વક પુર્ણ કરે એટલે શિક્ષકશ્રીએ તે અંગેની નોંધ જે તે વિષયના પ્રગતિ માપન રજીસ્ટરમાં કરવી.

- વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સપ્તરંગી અંતર્ગત કરવામાં આવતી પ્રવૃતિઓની નોંધ સપ્તરંગી પ્રવૃતિ રજીસ્ટરમાં કરવાની રહેશે. જેને આધારે વર્ષ દરમ્યાનની પ્રવૃતિઓની નોંધ પત્રક - B : વ્યક્તિત્વ વિકાસ પત્રકમાં નોંધ કરવી. જેમાં કુલ -૪ ક્ષેત્રોમાં વિદ્યાર્થીના વ્યક્તિગત વિકાસ અંતર્ગતની બાબતો સમાવવામાં આવેલી છે. ધોરણ -૩,૪ અને ૫ માં વ્યક્તિત્વ વિકાસ પત્રક - B ને આધારે બંને સત્ર દરમ્યાન સતત મુલ્યાંકન કરવાનું રહેશે. બંને સત્રના સરેરાશ ગુણને પત્રક - C માં વર્ષાન્તે ગણતરીમાં લેવાના રહેશે.
- જીસીઈઆરટી દ્વારા તૈયાર કરવામાં આવેલ રચનાત્મક મુલ્યાંકન પત્રક - A ને બદલે ધોરણ - ૩ થી ૫ માં નીચે દર્શાવ્યા અનુસારના રચનાત્મક મુલ્યાંકન પત્રકમાં સારણી મુજબ પુર્ણ કરેલ માઈલ સ્ટોનને આધારે ગુણ મુકવાના રહેશે. રચનાત્મક મુલ્યાંકનમાં સત્રાંતે તથા વર્ષાન્તે ૪૦-૪૦ ગુણ મુકવાના રહેશે.

| ધોરણ - ૩ પ્રથમ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | વર્ષના કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પુર્ણ કરેલ માઈલ સ્ટોન/ મેળવેલ ગુણ | | | | |
| | પ્રાપ્ત થતા ગુણ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૬ | ૮ |
| ગુજરાતી | ૨૦ થી ૨૪ (કુલ - ૫ મા.સ્ટો) | ૨૪ | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ |
| ગણિત | ૨૦ થી ૨૩ (કુલ - ૪ મા.સ્ટો) | ૨૩ | ૨૨ | ૨૧ | ૨૦ | - |
| પર્યાવરણ | ૨૩ થી ૨૭ (કુલ - ૫ મા.સ્ટો) | ૨૭ | ૨૬ | ૨૫ | ૨૪ | ૨૩ |

| ધોરણ - ૩ બીજું સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | વર્ષના કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પુર્ણ કરેલ માઈલ સ્ટોન/ મેળવેલ ગુણ | | | | |
| | પ્રાપ્ત થતા ગુણ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૬ | ૮ |
| ગુજરાતી | ૨૦ થી ૩૧ (કુલ - ૧૨ મા.સ્ટો) | ૩૧-૩૦-૨૯ | ૨૮-૨૭-૨૬ | ૨૫-૨૪ | ૨૩-૨૨ | ૨૧-૨૦ |
| ગણિત | ૨૦ થી ૩૧ (કુલ - ૧૨ મા.સ્ટો) | ૩૧-૩૦-૨૯ | ૨૮-૨૭-૨૬ | ૨૫-૨૪ | ૨૩-૨૨ | ૨૧-૨૦ |
| પર્યાવરણ | ૨૩ થી ૩૩ (કુલ - ૧૧ મા.સ્ટો) | ૩૩-૩૨ | ૩૧-૩૦ | ૨૯-૨૮ | ૨૭-૨૬ | ૨૫-૨૪-૨૩ |

| ધોરણ - ૪ પ્રથમ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | વર્ષના કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પુર્ણ કરેલ માઈલ સ્ટોન/ મેળવેલ ગુણ | | | | |
| | પ્રાપ્ત થતા ગુણ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૬ | ૮ |
| ગુજરાતી | ૩૨ થી ૩૬ (કુલ - ૫ મા.સ્ટો) | ૩૬ | ૩૫ | ૩૪ | ૩૩ | ૩૨ |
| ગણિત | ૩૨ થી ૩૬ (કુલ - ૬ મા.સ્ટો) | ૩૭ | ૩૬ | ૩૫ | ૩૩-૩૪ | ૩૨ |
| પર્યાવરણ | ૩૪ થી ૩૭ (કુલ - ૪ મા.સ્ટો) | ૩૭ | ૩૬ | ૩૫ | ૩૪ | |

| ધોરણ - ૪ બીજું સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | વર્ષના કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પુર્ણ કરેલ માઈલ સ્ટોન/ મેળવેલ ગુણ | | | | |
| | પ્રાપ્ત થતા ગુણ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૬ | ૮ |
| ગુજરાતી | ૩૨ થી ૪૩ (કુલ - ૧૨ મા.સ્ટો) | ૪૩-૪૨ | ૪૧-૪૦ | ૩૯-૩૮ | ૩૭-૩૬-૩૫ | ૩૪-૩૩-૩૨ |
| ગણિત | ૩૨ થી ૪૮ (કુલ - ૧૭ મા.સ્ટો) | ૪૮-૪૭-૪૬ | ૪૫-૪૪ | ૪૩-૪૨-૪૧ | ૪૦-૩૯-૩૮-૩૭ | ૩૬-૩૨ |
| પર્યાવરણ | ૩૪ થી ૪૩ (કુલ - ૧૦ મા.સ્ટો) | ૪૩-૪૨ | ૪૧-૪૦ | ૩૯-૩૮ | ૩૭-૩૬ | ૩૫-૩૪ |
| | મેળવેલ ગુણ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૬ | ૮ |
| | અભ્યાસ કાર્ડ | ૪૧થી ૪૯ | ૩૧થી ૪૦ | ૨૧થી ૩૦ | ૧૧ થી ૨૦ | ૧ થી ૧૦ |

| ધોરણ - ૫ પ્રથમ સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | વર્ષના કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પુર્ણ કરેલ માઈલ સ્ટોન/ મેળવેલ ગુણ | | | | |
| | પ્રાપ્ત થતા ગુણ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૬ | ૮ |
| ગુજરાતી | ૧ થી ૫ (કુલ - ૫ મા.સ્ટો) | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| ગણિત | ૧ થી ૭ (કુલ - ૭ મા.સ્ટો) | ૭ | ૬ | ૫,૪ | ૩,૨ | ૧ |
| પર્યાવરણ | ૧ થી ૫ (કુલ - ૫ મા.સ્ટો) | ૫ | ૪ | ૩ | ૨ | ૧ |
| અંગ્રેજી | ૧ થી ૪ (કુલ - ૪ મા.સ્ટો) | ૪ | ૩ | ૨ | ૧ | |
| હિન્દી | ૧ થી ૬ (કુલ - ૬ મા.સ્ટો) | ૬ | ૫ | ૪ | ૨,૩ | ૧ |

| ધોરણ - ૫ બીજું સત્ર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિષય | વર્ષના કુલ માઈલ સ્ટોન પ્રથમ સત્ર | પુર્ણ કરેલ માઈલ સ્ટોન/ મેળવેલ ગુણ | | | | |
| | પ્રાપ્ત થતા ગુણ | ૪૦ | ૩૨ | ૨૪ | ૧૬ | ૮ |
| ગુજરાતી | ૧ થી ૧૨ (કુલ - ૧૨ મા.સ્ટો) | ૧૨,૧૧ | ૧૦,૯ | ૮,૭ | ૬,૫,૪ | ૩,૨,૧ |
| ગણિત | ૧ થી ૧૬ (કુલ - ૧૬ મા.સ્ટો) | ૧૬,૧૫ | ૧૪,૧૩,૧૨ | ૧૧,૧૦,૯ | ૮,૭,૬,૫ | ૪,૩,૨,૧ |
| પર્યાવરણ | ૧ થી ૧૧ (કુલ - ૧૧ મા.સ્ટો) | ૧૧,૧૦ | ૯,૮ | ૭,૬ | ૫,૪ | ૩,૨,૧ |
| અંગ્રેજી | ૧ થી ૮ (કુલ - ૮ મા.સ્ટો) | ૮ | ૭ | ૬,૫ | ૪,૩ | ૨,૧ |
| હિન્દી | ૧ થી ૧૩ (કુલ - ૧૩ મા.સ્ટો) | ૧૩,૧૨ | ૧૧,૧૦ | ૯,૮ | ૭,૬,૫ | ૪,૩,૨,૧ |

પ્રજ્ઞા અભિગમમાં જુદા જુદા વિષયો માટે જુદા જુદા ચિત્રોનો તથા જુદા જુદા કલરનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ગુજરાતી વિષય માટે પ્રાણીના ચિત્રો તથા સાહિત્ય રંગ પીળો રાખવામાં આવ્યો છે. ગણિત વિષય પક્ષીઓના ચિત્રો દ્વારા તથા સાહિત્ય રંગ વાદળી રાખવામાં આવ્યો છે. પર્યાવરણ વિષયનો સાહિત્ય રંગ લીલો છે અને હિન્દી વિષય માટે ગુલાબી રંગ રાખવામાં આવ્યો છે.

ગણિતની વિભાગીય કસોટી માટે બિલોરી કાચનો સિમ્બોલ તરીકે ઉપયોગ થાય છે. છેલ્લે બે કલાક ફરજિયાત સમૂહ કાર્ય કરાવવાનું હોય છે.

# એડ્પ્ટસ (ADEPTS)

**પ્રસ્તાવના :-**

પરિવર્તનશીલ સમાજની માંગ ' ગુણવતાયુક્ત શિક્ષણ ' માટે સરકાર દ્વારા નવી યોજનાઓ અને કાર્યક્રમો અમલમાં મુકવામાં આવે છે. પ્રાથમિક શિક્ષણના UEE હેતુને પરિપુર્ણ કરવા માટે તથા વર્ગખંડને વધુ ને વધુ જીવંત બનાવવા માટે શિક્ષક અને વિદ્યાર્થીને જોડતી કડીઓ શાળા કક્ષાએ અમલમાં મુકવામાં આવે છે. મોટેભાગે પોતાના વર્ગખંડના ઉત્કૃષ્ટ કાર્યો અને તેના સફળ પરિણામો સમાજ સમક્ષ પ્રદર્શિત કરવાનો અવસર શિક્ષકને મળી શકતો નથી. શિક્ષક તરીકે વર્ગખંડમાં તથા શાળા કક્ષાએ ઘણી જ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવે છે. પરંતુ શિક્ષક તરીકે અસરકારક રીતે અભિવ્યક્ત કરી શકે છે. અને તેના દ્વારા જ પોતાનો સ્વ- વિકાસ કરી શકે તથા પરોક્ષ રીતે ગુણવતાયુક્ત કામગીરી કરી શકે, તે માટે SSA દ્વારા 'ADEPTS' પ્રોગ્રામ અમલમાં મુકવામાં આવ્યો.

**ADEPTS :-**

'Advancement of Educational Performance Through Teachers Support' શિક્ષક સમર્થન દ્વારા શૈક્ષણિક અભિવ્યક્તિ. બીજા શબ્દોમાં ADEPTS એટલે શિક્ષકોને મદદ માટેની વ્યવસ્થા.

**ADEPTS શા માટે ?**

- શિક્ષકના શિક્ષકત્વને નિખારવા.
- શાળાને સમાજમાં ઉત્તમ સ્થાન અપાવવા.
- શિક્ષણમાં હકારાત્મક ફેરફારો કરવા.
- આંતરિક ક્ષમતાઓનો વિકાસ કરવા.
- વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ સાધવા.
- વિદ્યાર્થીઓના વલણ ઘડતર માટે.
- સૌની ભાગીદારી સુનિશ્ચિત કરવા.
- સર્વાંગી વિકાસને સુનિશ્ચિત દિશા પ્રેરવા.

**હેતુઓ :-**

- ગુણવતા સભર શિક્ષણ આપવું.
- શાળા અને સમુદાયનો સમન્વય કરવો.
- સ્વમુલ્યાંકનની સમજ કેળવવી.
- શિક્ષકની વ્યાવસાયિકતામાં વધારો કરવો.
- જુદી જુદી પ્રવૃતિઓનું આયોજન કરવું.
- ઉપલબ્ધ સામગ્રીનો અસરકારક ઉપયોગ કરવો.
- શિક્ષક- વિદ્યાર્થી સંબંધ ઘનિષ્ઠ બનાવવા.
- શિક્ષક - બાળકના વલણમાં અપેક્ષિત પરિવર્તન લાવવા.

**ADEPTS વિશે:-**

- ADEPTS કાર્યક્રમ સૌ પ્રથમ ૫ મી સપ્ટેમ્બર - ૨૦૦૭ થી સમગ્ર ગુજરાતમાં પ્રથમ તબક્કામાં ૪૫૮ શાળાઓમાં પ્રાયોગિક ધોરણે અમલમાં મુકાયો.
- બીજો તબક્કો ૧૫ મી ઓગષ્ટ ૨૦૦૮ થી શરૂ થયો. તેમાં ગુજરાત રાજ્યની કુલ ૭૦૦૦ પ્રા.શાળાઓનો સમાવેશ કરવામાં આવ્યો.
- ત્રીજો તબક્કો ૨૦૧૦ માં ૨૨૦૦૦ જેટલી પ્રા.શાળાઓમાં અમલમાં મુકાયો અને હાલમાં રાજ્યની તમામ પ્રાથમિક શાળાઓમાં ચાલે છે.

**ADEPTS ના ૪ પરિમાણ :-**

| | |
|---|---|
| - જ્ઞાનાત્મક પરિમાણ | - ૩૭ વિધાનો |
| - સામાજિક પરિમાણ | - ૧૬ વિધાનો |
| - ભૌતિક પરિમાણ | - ૦૬ વિધાનો |
| - સંસ્થાકીય પરિમાણ | - ૧૯ વિધાનો |
| | કુલ - ૮૦ વિધાનો |



9824274596

| પરિમાણ | ક્ષેત્રક્રમાંક | વિધાનોની સંખ્યા | વિધાનનો મધ્યવર્તી વિચાર |
|---|---|---|---|
| **A** જ્ઞાનાત્મક પરિમાણ | ૧ | ૩ | બાળકોને સમજવા અને તેમની સાથે સંબંધ સ્થાપવો. |
| | ૨ | ૪ | અભ્યાસક્રમ અને વિષયવસ્તુમાં નિહિત વિગતોને સમજાવવી અને તે મુજબ તૈયારી કરવી. |
| | ૩ | ૭ | અસરકારક અધ્યયન પદ્ધતિ અને પ્રયુક્તિ દ્વારા અસરકારક શિક્ષણપ્રદ અનુભવો ઉભા કરવા. |
| | ૪ | ૩ | T.L.M. તથા અન્ય શૈક્ષણિક સાધન સામગ્રીનો ઉપયોગ |
| | ૫ | ૩ | તમામ બાળકોને શિક્ષણ મળી રહે તે સુનિશ્ચિત કરવું અને શિક્ષણની પુરતી તક માટે વર્ગખંડો નિર્મિત કરવા. |
| | ૬ | ૨ | અસરકારક રીતે પ્રત્યાપન કરવું. |
| | ૭ | ૪ | સાનુકુળ શૈક્ષણિક પર્યાવરણ કે જે બાળકોને અનુલક્ષીને તૈયાર કરવું. |
| | ૮ | ૪ | શ્રેષ્ઠતમ શિક્ષણ પ્રદાન કરી શકાય તે રીતે વર્ગખંડનું વ્યવસ્થાપન / પ્રબંધન કરવું. |
| | ૯ | ૬ | શિક્ષણને સમર્થતા પુર્વકનું બનાવવા માટેનું આયોજન |
| | ૧૦ | ૩ | મુલ્યાંકન અને વિશ્લેષણ હાથ ધરવા તેમજ તેમાંથી મળેલ |
| | કુલ | ૩૯ | પરિણામોનું શિક્ષણની ગુણવત્તા સુધારવાનો પ્રયત્ન કરવો. |
| **B** સામાજિક પરિમાણ | ૧ | ૬ | બાળકોને તેમની તમામ બાબતોમાં આદર, માન સન્માન અને ભેદભાવ રહિત -સમાન વ્યવહારનું વાતાવરણ નિર્માણ કરવું. |
| | ૨ | ૭ | બાળકોનો સર્વાંગી વિકાસ થાય તેવી મુલ્યવર્ધક સહઅભ્યાસિક પ્રવૃતિઓ, પ્રોત્સાહન અને પ્રયાસો. |
| | ૩ | ૩ | સહકર્મીઓ અને સમુદાયો સાથે લોકશાહીપુર્ણ પ્રક્રિયાઓ |
| | કુલ | ૧૬ | દ્વારા સંબંધ સ્થાપિત કરવા અને કાર્યો પાર પાડવા. |
| **C** ભૌતિક પરિમાણ | ૧ | ૬ | બાળકો, શિક્ષકો અને સમુદાયની સહભાગિતાથી શાળા, શાળા પરિસર શાળાની આસપાસના વિસ્તારને અનુકુળ તેમજ સ્વચ્છ, સુંદર આકર્ષક, સુરક્ષિત બને તે માટેની |
| | કુલ | ૬ | જાગૃતિ |
| **D** સંસ્થાકીય પરિમાણ | ૧ | ૫ | વ્યાવસાયિક નિષ્ઠા અને જવાબદારીની સભાનતા કેળવે. |
| | ૨ | ૩ | વ્યાવસાયિક સ્વવિકાસ દ્વારા પોતાની જાતને ઉત્કૃષ્ટ શિક્ષક તરીકે વિકસિત કરે. |
| | ૩ | ૫ | સંસાધનોનો મહત્તમ ઉપયોગ તથા સહકર્મીઓ સાથે સંઘ ભાવનાથી કાર્ય કરે. |
| | ૪ | ૪ | પોતાના કાર્યના પ્રતિભાવો મેળવે, સ્વમુલ્યાંકન કરે અને ચિંતન પ્રધાન બાબતો હાથ ધરે. |
| | ૫ | ૨ | વ્યવસ્થાપન વહીવટ, અને તેના અમલ માટે રસરુચિપુર્વક |
| | કુલ | ૧૯ | ભાગ લે તથા તમામની ભાગીદારી સુનિશ્ચિત કરે. |



9824274596

## ADEPTS ACTIVITIES :

- પ્રાર્થના સભા
- દિન વિશેષ
- કાવ્યગાન/ કાવ્યપઠન
- પ્રશ્નોત્તરી
- વિશ્વ વિશેષ
- શ્રુત લેખન
- વિષય મંડળો
- ક્વીઝ
- સ્વછતા અભિયાન
- ગણિત - વિજ્ઞાન પ્રદર્શનો
- સ્ટુડન્ટ પ્રોફાઈલ
- રામહાટ
- પક્ષી પરબ
- પુસ્તક સમીક્ષા
- 'બાલા' અંતર્ગત પ્રવૃતિઓ, રમતો
- વાચન કોર્નર
- કાગળકામ
- યોગાસનો / યૌગિક ક્રિયાઓ
- આજનું ગુલાબ
- સુવિચાર, ઉખાણા, ટુચકા, મુકઅભિનય
- અભિનય ગીત, બાળગીત , જોડકણાં
- ઘડિયાગાન
- તેજસ્વી તારલાની ઝલક
- સ્વતંત્રલેખન
- સ્ટુડન્ટ પોર્ટફોલિયો
- પ્રોજેક્ટ વર્ક
- T.L.M. નિર્માણ
- પ્રવાસ - પર્યટન - ક્ષેત્રિય મુલાકાત
- બચતબેંક
- ખોયા- પાયા સ્ટોર
- શાળા પંચાયત
- ન્યાય/ સંવાદ પ્રવૃતિ
- હેલ્થ કોર્નર
- વર્ગ સુશોભન
- છાપકામ
- આજનો દિપક
- સમાચાર
- વાર્તાકથન
- જાણવા જેવું.
- વિજ્ઞાન વિશ્વ
- એકમ કસોટી
- વિવિધ સ્પર્ધાઓ અને રમતો
- વૃક્ષારોપણ- ઈકોક્લબ- વૃક્ષઉછેર
- બાળમેળો
- વાચન પર્વ
- સંગ્રહપોથી
- અક્ષયપાત્ર
- શ્રમકાર્ય
- સમુહ કવાયત
- પુસ્તક પ્રદર્શન
- માટીકામ
- રંગપુરણી

## કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGBV)

**પ્રસ્તાવના :-**

કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના ભારતમાં ઓગસ્ટ - ૨૦૦૪ થી ઉચ્ચ પ્રાથમિક શાળામાં કન્યા શિક્ષણ માટે અમલી બનેલ છે. પરંતુ ૧ એપ્રિલ ૨૦૦૭ થી સર્વશિક્ષા અભિયાન અંતર્ગત આ યોજના કાર્યરત છે.

જે વિસ્તારમાં કન્યા સાક્ષરતા દર રાષ્ટ્રીય કન્યા સાક્ષરતા દર કરતા ઓછો છે. તેવા વિસ્તારમાં ૧૧ થી ૧૬ વર્ષની નિયમિત શાળાએ ન ગયેલી અને અધવચ્ચેથી શાળા છોડી ગયેલી કન્યાઓને ગુણવતાવાળુ શિક્ષણ પુરું પાડવા માટે કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય શરૂ કરવામાં આવી છે. કેજીબીવી એ ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે સર્વશિક્ષા અભિયાન દ્વારા સંચાલિત નિવાસી શાળા છે. આ શાળા માં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ , બક્ષીપંચ અને ગરીબી રેખા હેઠળ જીવતી કન્યાઓના શિક્ષણમાટે આ યોજના મુકવામાં આવી છે.

જેમાં રહેવા, જમવા અને ભણવાની તમામ પ્રકારની મફત સુવિધાઓ આપવામાં આવે છે. તથા દર માસે કન્યાઓના ખાતામાં સ્ટાઈપેન્ડ જમા કરવામાં આવે છે.

### વર્ષ ૨૦૧૨-૨૦૧૩ ની સ્થિતિએ ત્રણ પ્રકારની KGVB (મોડલ) શાળાઓ ચાલે છે.

| મોડલ -૧ | મોડલ-૨ | મોડલ-૩ |
|---|---|---|
| ૫૦ કન્યાઓની નિવાસી શાળા (અભ્યાસ સાથે ) | ૧૦૦ કન્યાઓની નિવાસી શાળા (અભ્યાસ સાથે ) | ૫૦ કન્યાઓનો માત્ર નિવાસ |

**હેતુઓ :-**

કદી શાળાએ ન ગયેલી (NEVER ENROLLED) અને અધવચ્ચેથી શાળા છોડી ગયેલ (DROPPED OUT) ૧૦થી ૧૬ વર્ષની કન્યાઓને શિક્ષણ આપવું.

- જે કન્યા અનાથ હોય અથવા માતા કે પિતા બેમાંથી એક જ હયાત હોય, કચરો વીણતી, ગંદકી સાફ કરતી, જેના વાલી મજુરી અર્થે અન્ય સ્થળે સ્થળાંતર કરતા હોય તેવી કન્યાઓને શિક્ષણ પુરું પાડવું.

સીમવિસ્તાર, નેસવિસ્તાર, વાડી વિસ્તાર, જંગલ વિસ્તાર, ઝુંપડપટ્ટી , દરિયા કાંઠાના વિસ્તાર કે જ્યાં ધોરણ-૫ પછી



9824274596

આગળ અભ્યાસ માટે શાળા ન હોય તેવા છેવાડાના દુર્ગમ વિસ્તારની કન્યાઓને શિક્ષણ આપવું.

શિક્ષણ દ્વારા સમાજમાં પરિવર્તનનું વાતાવરણ ઉભુ કરવું અને શિક્ષણ પ્રત્યે વિશ્વાસ ઉભો કરવો.

**શૈક્ષણિક મુદ્દાઓ.**

૧. અભ્યાસનું માળખું ૨. સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ

**૧. અભ્યાસનું માળખું**

- આ શાળામાં સરકારી પ્રાથમિક શાળાના પાઠ્યપુસ્તકોનો ઉપયોગ થાય છે.
- મુલ્યાંકન , પરીક્ષા પદ્ધતિ પણ સરકારી પ્રાથમિક શાળાની જેમ જ કરવામાં આવે છે.
- આ કન્યાઓ કદી શાળાએ ન ગયેલી અને ડ્રોપ આઉટ હોવાથી તેઓનું વિશિષ્ટ રીતે પણ મુલ્યાંકન કરવામાં આવે છે.
- જે કન્યાઓ ધો.૫,૬,૭,૮ માંથી શાળામાંથી ઉઠી ગયેલ છે તેવી કન્યાઓના પ્રથમ તેમની ક્ષમતા મુજબની ક્ષમતા માપન કસોટી લેવામાં આવે છે અને તેની સિદ્ધિ મુજબ પ્રથમ તેને સી.એલ.-૧ થી સી.એલ. -૪ સુધીનું શિક્ષણ આપવામાં આવે છે. અને ત્યારબાદ તેની કક્ષા અનુસાર જે તે ધોરણમાં તેને દાખલ કરવામાં આવે છે. (સી.એલ.-૧ માં ૫૫ દિવસ, સી.એલ. -૨ માં ૪૫ દિવસ, સી.એલ.-૩ અને ૪ માં ૩૫ દિવસની તાલીમ.)
- કન્યાઓની ક્ષમતા સિદ્ધિ માટે અભ્યાસ સમય ઉપરાંતના સમયમાં જે-તે કન્યાઓને એકસ્ટ્રા કોચીંગ (નિદાનાત્મક - ઉપચારાત્મક શિક્ષણ) પણ આપવામાં આવે છે.

**૨. સહ શૈક્ષણિક પ્રવૃતિઓ :**

- દરરોજ રાત્રે બાલ સભા ( નાટક, એક પાત્રીય અભિનય, ક્વીઝ, ઘડીયા ગાન, વાંચન જેવી પ્રવૃતિઓ..)
- તહેવારોની ઉજવણી.
- સિવણ કામ

## સ્પેશ્યિલ ટ્રેનીંગ પ્રોગ્રામ (S.T.P)

**પ્રસ્તાવના :-**

ભારતના સંવિધાને ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ (પ્રારંભિક શિક્ષણ) મેળવવાનો મુળભુત અધિકાર બક્ષેલો છે. Right to Education Act - ૨૦૦૯ અન્વયે ૬ થી ૧૪ વર્ષની વયજુથના તમામ બાળકોને મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાનો અધિકાર પ્રાપ્ત છે. તે માટે સર્વશિક્ષા અભિયાન અંતર્ગત રાજ્યનાં ૬ થી ૧૪ વર્ષની વયજુથના કદી શાળાએ ન ગયેલા અને શાળામાંથી ઉઠી ગયેલા બાળકોને વૈકલ્પિક શિક્ષણની જુદી જુદી યોજનાઓમાં સાંકળી શિક્ષણના મુખ્ય પ્રવાહમાં સામેલ કરવામાં આવી રહ્યા છે. આ બાળકો વયકક્ષા મુજબની ક્ષમતા સિદ્ધ કરી શિક્ષણના સામાન્ય પ્રવાહમાં જોડાય તે માટે સ્પેશ્યિલ ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ છે.

**હેતુઓ :-**

- ૬ થી ૧૪ વર્ષની વય જુથના બાળકોને પ્રાથમિક શાળામાં નામાંકિત કરવા.
- બાળકોને સ્કુલ માટે તૈયાર કરવા.
- બાળકોને વિવિધ પ્રવૃતિલક્ષી શિક્ષણ દ્વારા શાળાનો ડર દુર કરવો.
- અતિ છેવાડાના બાળકો જે શાળાએ નથી જતાં તેમને સુરક્ષા અને સલામતી પુરી પાડવી તથા વયકક્ષા અનુસાર શૈક્ષણિક ક્ષમતા વિકસાવવી.
- બાળકો મધ્યાહ્ન ભોજન યોજનાનો લાભ મેળવે.
- બાળકો આત્મવિશ્વાસ અને આત્મસુઝ કેળવે.

**સ્પેશ્યિલ ટ્રેનિંગ પ્રોગ્રામ**( Special Training Programme):-

Right to Education Act - ૨૦૦૯ ના પ્રકરણ (૨ ) ના મુદ્દા નં-૪ માં જે બાળક ૬ થી ૧૪ વર્ષના છે. જેમનું પ્રારંભિક શિક્ષણ (ધોરણ ૧ થી ૮ ) પુર્ણ થયેલ નથી તેવા તમામ બાળકોને

૧. વયકક્ષા મુજબના ધોરણમાં નામાંકન.

૨. વયકક્ષાની ક્ષમતા સિદ્ધિ થાય ત્યાં સુધી નિશ્ચિત સમયગાળા માટે સ્પેશ્યિલ ટ્રેનિંગ મેળવવાનો અધિકાર છે.

MHRD દ્વારા તૈયાર કરવામાં આવેલ SSA Frame work માં સ્પેશ્યિલ ટ્રેનિંગ અંતર્ગત શાળામાં બહારના વિશિષ્ટ જરૂરીયાતવાળા શાળા બહારના બાળકો માટે શાળામાં જ બાળકોને સ્પેશ્યિલ ટ્રેનિંગ માટે જરૂરી સુવિધાઓ પુરી પાડવામાં આવે છે. સ્પેશ્યિલ ટ્રેનિંગ પુર્ણ થયેલ બાળકોને મેઈન સ્ટ્રીમ કરવામાં આવે છે.

# શૈક્ષણિક યોજનાઓ

**સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ બિન નિવાસી : (૩ માસ- એપ્રિલથી જુન):**

૬ થી ૮ વર્ષની વયજુથના આ બાળકો સામાન્ય શાળામાં પ્રવેશ મેળવે તે પહેલા તેમને શાળાના વાતાવરણથી પરિચિત થાય, શાળાનો ડર દુર થાય તે હેતુથી શૈક્ષણિક રીતે સજજ કરવા માટે ત્રણ મહિના માટે સ્પેશિયલ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં એક વર્ષથી ઓછા સમયથી ડ્રોપ આઉટ હોય તેવા બાળકોનો પણ સમાવેશ કરવાનો રહેશે.

**સ્પેશિયલ ટ્રેનિંગ પ્રોગ્રામ- બિન નિવાસી (૧૨ માસ):**

૯ થી ૧૪ વર્ષની વય જુથના કદી શાળાએ ન ગયેલ બાળકો સામાન્ય શાળામાં પ્રવેશ મેળવે તે પહેલા તેમને શાળાનો ડર દુર થાય તે હેતુથી અને એક વર્ષથી વધુ સમયગાળાથી ડ્રોપઆઉટ હોય તેવા બાળકોને તેમની વયને અનુરુપ ધોરણ માટે શૈક્ષણિક રીતે સજજ કરવા માટે તેમજ જીવન કૌશલ્યલક્ષી શિક્ષણ આપવા માટે ૧૨ માસ માટે સ્પેશિયલ ટ્રેનિંગનું આયોજન કરેલ છે. જ્યારે ૧૨ થી ૧૪ વર્ષના કદી શાળાએ ન ગયેલા તેમજ બે વર્ષથી વધુ સમયથી ડ્રોપઆઉટ બાળકો માટે આ કાર્યક્રમ મહતમ ૨૪ માસ સુધી ચલાવવામાં આવશે. જે બાળકનું ૧ થી ૮ સુધીનું પ્રારંભિક શિક્ષણ પુર્ણ થયેલ ન હોય તેવા બાળકો ૧૪ વર્ષ પછી પણ સ્પેશિયલ ટ્રેનિંગ મેળવી શકશે.

| બાળકોનું વયજુથ | સ્પેશિયલ ટ્રેનિંગનો લઘુતમ સમય ગાળો | સ્પેશિયલ ટ્રેનિંગનો મહત્તમ સમય ગાળો |
|---|---|---|
| ૬-૮ વર્ષ | ૩ માસ | ૨૪ માસ |
| ૯-૧૧ વર્ષ | ૯ માસ | ૨૪ માસ |
| ૧૨-૧૪ વર્ષ | ૧૨ માસ | ૨૪ માસ |
| ૧૪ વર્ષથી વધુ | ૧૨ માસ | ૨૪ માસ |

**બાળમિત્ર / બાળસખી :**

આ કાર્યક્રમ બાળમિત્ર / બાળસખી દ્વારા ચલાવવામા આવે છે. બાળમિત્રોને વિષયવસ્તુ, પદ્ધતિ અને વર્ગ વ્યવહાર આધારિત તાલીમ આપવામાં આવે છે.

- માન્ય યુનિવર્સિટીમાંથી સ્નાતક / પીટીસી/ બી.એડ્. કરેલ હોય તેવા વ્યક્તિને બાળમિત્ર / બાળસખી તરીકે નીચેની બાબતોને ધ્યાને લઈ માનદ વેતન મળવાપાત્ર રહે છે.
- એસટીપી સેન્ટરમાં આવરી લીધેલ તમામ બાળકોની ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.
- દર મહીને સ્નાતક કે વધુ લાયકાતવાળા બાળમિત્રને મળવાપાત્ર માનદવેતનના ૭૦ % પ્રમાણે માનદવેતન
- બાકીના ૩૦ % બાળમિત્ર તમામ બાળકોને સામાન્ય શાળામાં વયને અનુરૂપ ધોરણમાં મેઈન સ્ટ્રીમ કરાવશે ત્યારે મળવાપાત્ર રહેશે.

## દુરવર્તી શિક્ષણ

**પ્રસ્તાવના :-**

૨૧ મી સદીએ જ્ઞાન અને વિજ્ઞાનની સદી છે. વિજ્ઞાન અને ટેકનોલોજીએ આજે જે હરણફાળ ભરી છે. તેનો જો શિક્ષણ ક્ષેત્રે વિનિયોગ કરવામાં આવે તો દરેકને શિક્ષણ આપવાનો પ્રયાસ સફળ થઈ શકે. હવે તો ગુજરાતમાં કેયુ બેન્ડની છેક ગામડા સુધી સરકારે સહાય કરી છે. જેથી ગામડાના બાળકો પોતાના જ ગામમાં કે જુથ સંશોધન કેન્દ્રો દ્વારા ઘેર બેઠા શિક્ષણ પ્રાપ્ત કરી શકે. ''બાયસેગ'' થી પ્રસારીત થતાં શિક્ષણના કાર્યક્રમો સમગ્ર રાજ્યના બાળકો જોઈ શકે, સાંભળી શકે જે ''દુરવર્તી શિક્ષણ'' (DISTANCE EDUCATION) તરીકે ઓળખવામાં આવે છે. શિક્ષણના વિસ્તાર માટે દુરવર્તી શિક્ષણ ખુબજ જરૂરી છે. જેથી ગુજરાત રાજ્યમાં બાયસેગના માધ્યમથી ધોરણ ૬ થી ૮ ના ગણિત, વિજ્ઞાન અને ટેકનોલોજી, ભાષાઓ તથા સા.વિજ્ઞાન જેવા વિષયોની સંકલ્પનાઓ સ્પષ્ટ થાય અને અસરકારક અને ગુણવતાસભર શિક્ષણ મળે તેવા ઉમદા આશય સાથે દુરવર્તી શૈક્ષણિક કાર્યક્રમ સરકારશ્રી દ્વારા શરૂ કરવામાં આવેલ છે.

**હેતુઓ :-**

- રાજ્યના તમામ સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના તમામ બાળકો દુરવર્તી શિક્ષણના માધ્યમથી વિષયવસ્તુનું જ્ઞાન મેળવે.
- વિજ્ઞાન અને ટેક્નોલોજી, ગણિત, ભાષાઓ તથા સા.વિજ્ઞાન જેવા વિષયો વિશિષ્ટ શિક્ષણ દ્વારા રાજ્યના વિદ્યાર્થીઓ લાભ મેળવે.

- ટેકનોલોજીના માધ્યમ દ્વારા દુરવર્તી શિક્ષણ પ્રક્રિયાથી માહિતગાર થાય.
- સ્થાનિક કક્ષાએ યોગ્ય શૈક્ષણિક સાધન સામગ્રી (Teaching Learning Material) ની મર્યાદા દુર થાય.
- જુદા- જુદા વિષય શિક્ષણની વિવિધ પદ્ધતિઓ અને પ્રયુક્તિઓથી રાજ્યના શિક્ષકો વાકેફ થાય.
- શિક્ષણની પ્રક્રિયાને વધુ અસરકારક બનાવવાનો અનુભવ મેળવે.
- રાજ્યના અંતરિયાળ વિસ્તારના બાળકોનો શૈક્ષણિક પ્રવાસ દ્વારા શૈક્ષણિક જ્ઞાનમાં વધારો થાય.

**શૈક્ષણિક મુદ્દાઓ.**

- બાયસેગના માધ્યમથી આદર્શ પાઠ નિદર્શન.
- શૈક્ષણિક પ્રવાસનું આયોજન.
- શિક્ષક પસંદગીના માપદંડો.

**વિષયવસ્તુ :-**

**લક્ષ્યજુથ :**

- રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ .
- રાજ્યની તમામ સરકારી પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના શિક્ષકો.
- રાજ્યની D.El.Ed. કોલેજના વિદ્યાર્થીઓ.

**કાર્યક્રમની રૂપરેખા :-**

- જીવંત વર્ગ શિક્ષણનું રાજ્યવ્યાપી પ્રસારણ.
- દરરોજ ત્રણ તાસ (ગણિત ,વિજ્ઞાન ,સામાજિક વિજ્ઞાન , ભાષાઓ અને અંગ્રેજી) નું આયોજન
- ધોરણ ૬,૭,૮ નો ૪૦ મિનિટનો એક એક તાસ.
- ઉત્તમ શિક્ષકોની પસંદગી અને તેના દ્વારા શિક્ષણકાર્ય.
- પાઠ આપનાર શિક્ષકો માટે માર્ગદર્શન શિબિરનું આયોજન.
- વર્ષમાં કુલ ૧૫૦ દિવસ કાર્યક્રમોનું પ્રસારણ.
- એજ્યુસેટની એક ચેનલનો પ્રાથમિક શિક્ષણ માટે ઉપયોગ.
- રાજ્યના દરેક જિલ્લાઓ શૈક્ષણિક પછાત તાલુકાઓમાંથી પ્રાથમિક શાળાઓની આપેલ માપદંડ આધારિત પસંદગી.
- અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓને ગાંધીનગર અને અમદાવાદની વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત કરાવવી. વિદ્યાર્થીઓને ત્રણ દિવસ નો પ્રવાસ કરાવવો.
- પ્રથમ દિવસ - ગામથી ગાંધીનગર - રાત્રી રોકાણ
- બીજા દિવસ - બાયસેગમાં જીવંત વર્ગમાં હાજરી અને બાયસેગની મુલાકાત, બપોર પછી અક્ષરધામ, ઈન્દ્રોડા પાર્ક, પુનિતવનની મુલાકાત.
- ત્રીજા દિવસ - સવારે સાયન્સ સીટીની મુલાકાત , સત્ર ચાલુ હોય ત્યારે વિધાનસભા મુલાકાત પોતાના ગામ તરફ પરત.
- દુરવર્તી શિક્ષણના પ્રસારણ સમય દરમિયાન કેળવણી નિરીક્ષક, બી.આર.સી., સી.આર.સી., ડાયેટ ફેકલ્ટીઝ દ્વારા મોનિટરીંગ.

**વિષય - તજજ્ઞ પસંદગી વ્યુહરચના :-**

જિલ્લા કક્ષાએ ધોરણ - વિષયવાર વિષય -તજજ્ઞ પસંદગી માટે વર્કશોપ યોજવામાં આવે છે. જેમાં પસંદગી માટે નીચે જેવા કેટલાંક માપદંડો રાખવામાં આવે છે.

- જિલ્લા કોર કમીટીની રચના
- બાલકેન્દ્રી જનરલ નોલેજની કસોટી / શિક્ષક અભિયોગ્યતા કસોટી.
- વિષયવસ્તુ અને પદ્ધતિની કસોટી
- પાઠ નિદર્શન

**જિલ્લામાં પસંદગી પામેલ શિક્ષકની રાજ્ય કક્ષાએ પસંદગી :-**

- જુથ ચર્ચા
- પાઠ નિદર્શન
- રાજ્ય કક્ષાએ પસંદગી પામેલા શિક્ષકની વિષય નિષ્ણાત દ્વારા તાલીમ.

આમ,ગુજરાત રાજ્યમાં દુરવર્તી શિક્ષણ કાર્યક્રમની શરૂઆત માર્ચ - ૨૦૦૯ થી થઈ. ક્રમબદ્ધ દુરવર્તી શિક્ષણ કાર્યક્રમનું અમલીકરણ કરવામાં આવ્યું. જેમાં સમગ્ર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકો શૈક્ષણિક કાર્યક્રમોનું પ્રસારણ નિહાળી શકે છે. આમ, ટેક્નોલોજીના માધ્યમ દ્વારા સમગ્ર રાજ્યના તમામ ગામડાઓની પ્રાથમિક શાળા સુધી પહોંચવાનો સફળ પ્રયત્ન થઈ રહ્યો છે.



9824274596

# ગુણોત્સવ

**પ્રસ્તાવના :-**

૨૧ મી સદી એ જ્ઞાનની સદી છે. જ્ઞાનની સદીમાં ટકી રહેવા માટે શિક્ષણની ગુણવતામાં બદલાવ લાવવા માટે ગુણોત્સવ કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. પ્રાથમિક શિક્ષણના મુખ્ય ત્રણ ધ્યેયો છે. ૧. નામાંકન ૨. સ્થાયીકરણ ૩. ગુણવતા સભર શિક્ષણ . ગુજરાત રાજ્યએ નામાંકન અને સ્થાયીકરણમાં સારી એવી સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે. તેમજ ત્રીજો ધ્યેય પ્રાથમિક શિક્ષણમાં ગુણવતા સુધારણા માટે અનેક પ્રયત્નો થઈ રહ્યા છે. ત્રીજો ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા ગુણોત્સવનો એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો છે.

'શિક્ષણ દ્વારા સિંચાયેલ સદ્ગુણોનું સંવર્ધન ' એટલે ગુણોત્સવ. શિક્ષણના દરેક પાસાંનું નિદાન કરી ઉપચારાત્મકલક્ષી સુચનો સુચવતો કાર્યક્રમ એટલે ગુણોત્સવ. સ્વવિકાસ થી શાળા વિકાસ તરફ ગતિ કરવાનો એક ઉમદા પ્રયાસ છે. ગુણોત્સવ એટલે 'ગુણોનો ઉત્સવ ' તેમાં વિદ્યાર્થી, શિક્ષક , શાળા અને વાલીઓના ગુણોનું મુલ્યાંકન કરવાનો દિવસ, ગુણોત્સવ એ શિક્ષકો માટે એક ઉદ્દીપક છે. રાજ્યના પ્રાથમિક શિક્ષણમાં સંખ્યાત્મક અને ગુણાત્મક સુધારાને વેગ મળી રહ્યો છે. શિક્ષણની ગુણવતા સુધારણા માટે લીધેલ તમામ પગલાઓ અને સુવિધાઓનો પુરતો ઉપયોગ થયા છે કે કેમ? તેની કેટલી અસર થઈ છે? ક્યાં, કેવી કચાશ રહી ગઈ છે તેની જાણકારી મેળવવાનો કાર્યક્રમ, ત્યારબાદ રેમેડિયલ વર્ગો દ્વારા ઉપચારાત્મક શિક્ષણ આપીને બાળકોના શિક્ષણમાં પરિવર્તન લાવી શકાય છે.શિક્ષકોની નબળી ગુણવતા અને વાલીઓની ઉદાસીનતા પ્રત્યે ધ્યાન દોરી શકાય છે. ઉચ્ચ અધિકારીઓ ગુણોત્સવના માધ્યમથી શાળામાં જાય છે. અને ગામ તેમજ શાળાની વાસ્તવિક પરિસ્થિતિથી જ્ઞાત થાય છે. આમ વિદ્યાર્થી, શિક્ષક અને શાળાની ગતિ, પ્રગતિનું મુલ્યાંકન એટલે ગુણોત્સવ. ' ગુણોત્સવ ' એ મોટીવેશન નો એક ભાગ છે. શાળાની પ્રગતિમાં ક્યાં શુ ખુટે છે ? ક્યાં કેવા અવરોધો નડે છે? તેનાથી વાકેફ થઈને. સમજીને સૌ સાથે વિચાર વિમર્શ કરીને અવરોધોને દુર કરી, શિક્ષણની ગુણવતા સુધારણાનો એક સહિયારો ઉમદા પ્રયાસ છે.

**ગુણોત્સવ હેતુઓ :-**

- શિક્ષણની ગુણવતા માટે જવાબદાર તંત્ર વિકાસાવવું.
- સરકારી અને ગ્રાન્ટ-ઈન- એઈડ શાળાઓમાં ગુણવતા સુધારણા
- શાળાની શૈક્ષણિક અને સહ - શૈક્ષણિક બાબતોનું મુલ્યાંકન
- મુલ્યાંકન માટે શાળા કક્ષાએ ક્ષમતા વિકસાવવી.
- શિક્ષકો, વાલીઓ અને સમુદાયમાં જાગૃતિ લાવવી.
- ગુણોત્સવના પરિણામોના આધારે નીતિ વિષયક નિર્ણયો લેવા.

**શૈક્ષણિક મુદ્દાઓ :-**

- ગુણોત્સવ કાર્યક્રમનો આરંભ.
- ગુણોત્સવ સંદર્ભે શાળા સ્વમુલ્યાંકન પ્રક્રિયા.
- ગુણોત્સવ સંદર્ભે અધિકારીઓ દ્વારા થતી મુલ્યાંકન પ્રક્રિયા.
- ગુણોત્સવ સંદર્ભે શાળાઓની પસંદગી.
- ગુણોત્સવ સંદર્ભે મુલ્યાંકનની પ્રક્રિયા.
- શૈક્ષણિક (વાંચન , લેખન અને ગણન) મુલ્યાંકનની પ્રક્રિયા ( ૬૦ % ગુણભાર )
- સહ અભ્યાસિક પ્રવૃતિઓનું મુલ્યાંકન (૨૦ % ગુણભાર )
- શાળાની ભૌતિક સુવિધાનું મુલ્યાંકન (૨૦ % ગુણભાર )
- એસ.એમ.સી. ના સભ્યોનો સહયોગ (લોકભાગીદારી )
- ગુણોત્સવ ૨૦૦૯, ૨૦૧૦,૨૦૧૧ પછીનું અનુકાર્ય.

આ કાર્યક્રમ અંતર્ગત બે રીતે કરવામાં આવે છે . રાજ્યની કેટલીક શાળાઓમાં અધિકારીશ્રીઓ તથા પદાધિકારીશ્રીઓ દ્વારા તથા બાકીની તમામ શાળાઓમાં મુલ્યાંકન (શાળા સ્વમુલ્યાંકન પુસ્તિકા દ્વારા) કરવામાં આવે છે.

**ગુણોત્સવ ૧ થી ૪ ના આધારે લીધેલ પગલાં અને થયેલ સુધારાઓ :-**

- વાંચન, લેખન અને ગણનમાં ૦ થી ૪ ગુણ મેળવેલ પ્રિય બાળકો માટે વિશેષ ઉપચાર કાર્યક્રમ.
- સ્વામી વિવેકાનંદ વાચન પર્વનું આયોજન
- પ્રિય બાળકોને શિક્ષકો દ્વારા સઘન શિક્ષણ.
- ગુજરાતી માધ્યમ ઉપરાંત અન્ય માધ્યમની શાળાઓનો સમાવેશ.
- ગુણોત્સવ પરિણામોના આધારે દરેક શાળા અને શિક્ષકને મળેલ ગ્રેડની જાણકારી આપી.
- દરેક બાળકને યુનિક આઈડી નંબર આપવામાં આવ્યા.
- શૈક્ષણિક સિદ્ધિ (લર્નિંગ આઉટ કમ્સ) આધારિત ચાઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ વિકસાવવામા'આવી.
- ઓનલાઈન ડેટા એન્ટ્રીના બદલે ઓ.એમ.આર. બેઈઝ્ડ સિસ્ટમ.



9824274596

### ગુણોત્સવ ક્રમિક વિકાસ :-

| ક્રમ | | ૨૦૦૯ | ૨૦૧૦ | ૨૦૧૧ | ૨૦૧૩/૨૦૧૪/૨૦૧૫ |
|---|---|---|---|---|---|
| ૧ | ધોરણ | ૩ થી ૭ | ૨ થી૮ | ૨ થી ૮ | ૨ થી ૮ |
| ૨ | વિષયો | ગુજરાતીઅને (વાંચન લેખન ) ગણન | ધોરણ ૨થી ૫ વાચન, ગણન અને લેખન | | |
| | | | હિન્દી અને સંસ્કૃત સિવાયના તમામ વિષયો - મૌખિક પ્રશ્નોતરી | તમામ વિષયોની મૌખિક પ્રશ્નોતરી ઉપરાંત ગુજરાતીમાં ટૂંકુ લેખિત પ્રશ્નપત્ર | ધો.૬ થી ૮ ના તમામ વિષયોનું MCQ (OMR) |
| ૩ | ગુણભાર | શૈક્ષણિક - ૭૦ % | શૈક્ષણિક - ૭૦ % | શૈક્ષણિક - ૭૦ % | શૈક્ષણિક - ૬૦ % |
| | | ઈતર પ્રવૃતિ તથા ભૌતિક સુવિધા -૩૦ % | ઈતર પ્રવૃતિ તથા ભૌતિક સુવિધા ૩0% | ઈતર પ્રવૃતિ તથા ભૌતિક ભૌતિક સુવિધા ૩0% | સહઅભ્યાસ પ્રવૃતિ ૨0% -સંસાધનોનો ઉપયોગ ૨0% |

## શાળા પ્રવેશોત્સવ

**પ્રસ્તાવના :-**

પ્રાથમિક શિક્ષણને ગતિશીલ બનાવવા માટે ૧૦૦ % નામાંકન, ૧૦૦ % સ્થાયીકરણ અને શિક્ષણની ગુણવતા સુધારણા માટે ‘ શાળા પ્રવેશોત્સવ ’ અસરકારક કાર્યક્રમ છે. ૧૯૯૮ - ૯૯ ના વર્ષથી શાળા - પ્રવેશોત્સવ નામનો નવતર કાર્યક્રમ ૧૦૦% નામાંકનનો લક્ષ્યાંક સિધ્ધ થાય તે માટે અમલમાં મુકવામાં આવ્યો.

કોઈપણ નાગરિક માટે શિક્ષણ મેળવવાનો ભારતના બંધારણનો મુળભૂત અધિકાર છે. (Right to Education) રાજ્યના કોઈપણ વિસ્તારનું, કોઈપણ બાળક, કોઈપણ શાળામાં ૬ થી ૧૪ વર્ષની ઉંમરે પ્રવેશ મેળવી શકે. કોઈપણ બાળક આ અધિકારથી વંચિત ના રહે તેવો સરકારશ્રીનો અડગ નિર્ધાર છે. ૨૦૦૨-૦૩ ના શૈક્ષણિક વર્ષથી શાળા - પ્રવેશોત્સવ , કન્યાકેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર કાર્યક્રમમાં તમામ સ્તરેથી અધિકારીશ્રીઓ તથા પદાધીકારીશ્રીઓ કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ માટે સામાજિક સેવાની ભાવનાથી સક્રિય રીતે જોડાય છે.

નવીન દાખલ થયેલ બાળકોને તે દિવસે શાળામાં પ્રવેશ આપવામાં આવે છે. તેમજ શાળા છોડી ગયેલા બાળકોને શાળામાં પુન : પ્રવેશ આપવાની કામગીરી પણ કરવામાં આવે છે. સરકારની અનેકવિધ યોજનાઓની જાણકારી અને દિન - પ્રતિદિન ઘટતા જતા સ્ત્રી - પુરુષના અપ્રમાણસર જન્મદરના ગુણોતરને પ્રમાણસર કરવા માટે સ્ત્રી - ભૃણ હત્યા અને બેટી બચાવો વિશે જાગૃતિ લાવવા માટેના પ્રયત્નો પણ કરવામાં આવે છે. કન્યા કેળવણીના વિકાસાર્થે તેમજ શૈક્ષણિક ગુણવતામાં સુધારો લાવવા માટે આ કાર્યક્રમની છેલ્લા દસ વર્ષથી શિક્ષણયાત્રાને સમાજના દરેક સ્તરના લોકોએ સહર્ષ સ્વીકાર્યો છે. સ્થાનિક નાગરિકોના રચનાત્મક સહકારથી અભુતપુર્વ સફળતા મળેલ છે.

કન્યા કેળવણી મહોત્સવ એ આપણા સૌનો કાર્યક્રમ છે. શાળામાં ભણતા બાળકોને આત્મવિશ્વાસ, હુંફ અને પ્રેરણા અર્પે છે. સમાજમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ કેળવવામાં પુરક બને છે.

**હેતુઓ :-**

- શાળામાં ૧૦૦ % નામાંકન થાય.
- ગામમાં શૈક્ષણિક વાતાવરણનુ નિર્માણ થાય.
- ગામના લોકો શિક્ષણમાં રસ લેતા થાય.
- બાળકોનો શાળા પ્રત્યેનો ડર દુર થાય.
- વાલીઓ શિક્ષણાભિમુખબને શાળાની વિવિધ પ્રવૃતિઓથી વાકેફ.
- શિક્ષકો બાળકો સાથે આત્મીયતા કેળવે.

**શૈક્ષણિક મુદ્દાઓ :-**

- શાળા પ્રવેશોત્સવ એટલે શું ?
- શાળા પ્રવેશોત્સવનું આયોજન - અમલીકરણ.
- શાળા પ્રવેશોત્સવ માં લોકભાગીદારી.
- શાળા પ્રવેશોત્સવ નું મહત્વ.
- શાળા - પ્રવેશોત્સવ ની ઉજવણી .

**શાળા પ્રવેશોત્સવ એટલે શું ?**

શાળા પ્રવેશોત્સવ એટલે ગામના ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને શાળામાં પ્રવેશ આપવાનો કાર્યક્રમ. 'શિક્ષણ સંસ્કારોથી સુવાસિત કરવાનો કાર્યક્રમ' કોઈપણ વિસ્તારનું કોઈપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટેનો ઉત્સવ, બાળકોનો , બાળકો માટે, બાળકો દ્વારા ઉજવાતો કાર્યક્રમ.

ગામની બધી જ દિકરીઓ શાળામાં પ્રવશ મેળવીને પ્રાથમિક શિક્ષણ લઈને પોતાનું જીવન ગુણવતા યુક્ત બનાવે. ગામની દિકરી ઓ શિક્ષણથી વંચિત ના રહે તે માટેનો ઉત્સવ એટલે ' કન્યા કેળવણી મહોત્સવ '

**મહત્વ :-**

પ્રાથમિક શિક્ષણને ગતિશીલ બનાવવા ૧૦૦ % નામાંકન અને ૧૦૦ % સ્થાયીકરણ માટેનો અસરકારક કાર્યક્રમ છે.

- બાળકોનો શાળા અને શિક્ષક પ્રત્યેનો ડર દુર થાય છે.
- બાળકો શાળાભિમુખી બને છે.
- રાજ્યના તમામ જિલ્લામાં તમામ અંતરિયાળ ગામોમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું હોય ત્યાં ઢોલ, નગરાં , ઊંટગાડી સાથે રેલી કાઢીને ગામમાં શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવી શકાય છે.
- વાલીઓ શાળામાં યોજાતી પ્રવૃતિઓમાં સહભાગી બને છે.
- શાળામાં પ્રવેશ મેળવીને દિકરીઓ 'વિદ્યાલક્ષ્મી બોન્ડ' નો લાભ મેળવે છે.
- શાળા છોડી ગયેલા બાળકોને પણ શાળામાં પુનઃ પ્રવેશ આપવામાં આવે છે.
- સ્ત્રી-પુરૂષ ના અપ્રમાણસર જન્મદરના ગુણોતરને પ્રમાણસર કરવા સ્ત્રી -ભૃણહત્યા અને બેટી બચાવો વિશે સામાજિક જાગૃતિ લાવવામાં અસરકારક નીવડે છે.
- ધર્મ, જાતિ અને આર્થિક સ્થિતિના ભેદભાવ વગર સમાનતાના ધોરણે શિક્ષણ મેળવી શકે છે.

**આયોજન અને અમલીકરણ :-**

- દરેક ગામમાં શાળાના આચાર્ય, ગામના આગેવાનો સી.આર.સી. કો.ઓર્ડીનેટર તથા શિક્ષકોએ એસ.એમ.સી.ના સભ્યો સાથે રહીને આયોજન કરવું.
- શાળામાં પ્રવેશપાત્ર ૬ થી ૧૪ વર્ષની વય જુથના બાળકોની યાદી બનાવવી.
- શાળામાંથી અધવચ્ચે શાળા છોડી ગયેલ બાળકોને શાળા - પ્રવેશ આપવા આયોજન કરવું.
- આંગણવાડી કાર્યકર્તાઓનો સહયોગ મેળવવો.
- ગામમાં તેમજ ગામથી દુર અંતરીયાળ વિસ્તારોમાં રહેતા લોકોનો સંપર્ક કરી શાળા પ્રવેશ માટે તૈયાર કરવા.
- બાળકોને પાટી-પેન, નોટબુકો, રમકડાં જેવી ભેટ તથા મીઠાઈ આપી શકે તે માટે અગાઉથી સંપર્ક કરી દાતાઓ તૈયાર કરવ
- સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ સરકારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, શિક્ષણ સાથે સંકળાયેલ વ્યક્તિઓએ શિક્ષકોની સાથે રહીને ડોર ટુ ડોર સંપર્ક કરી પ્રવેશપાત્ર કન્યાઓના નામાંકન કરી શાળા પ્રવેશ કરાવવો.
- શાળામાં સ્થાયીકરણ થાય તેવું આનંદદાયી વાતાવરણ નિર્માણ કરવું.
- વિદ્યાલક્ષ્મી યોજના, મધ્યાહન ભોજન, શિષ્યવૃતિ , મફત પાઠ્ય-પુસ્તક , વગેરે જેવી વિવિધ યોજનાઓથી વાલીઓને વાકેફ કરવા.
- ગણિત - વિજ્ઞાન -પર્યાવરણ પ્રદર્શન, બાલમેળો, રમતોત્સવ જેવી પ્રવૃતિઓથી વાલીઓને માહિતગાર કરવા.

## બાલા (BALA)

(Building as Learning Aid)

**પ્રસ્તાવના :-**

બાલા (શાળા મકાન શીખવા તરીકે) શિક્ષણની ગુણવતા સુધારણા તરફ એક નવીન ખ્યાલ છે. જે બાળ મૈત્રીપુર્ણ આનંદ આધારીત શૈક્ષણિક પ્રવૃતિઓને શાળાના મકાનના બંધારણ મારફતે શીખવવાનો પ્રયાસ છે.

બાળકના સર્વાંગી વિકાસ માટે શાળા ભવન ઉત્તમ પ્રેરકબળ છે. શાળાના ભવનની આંતરીક જગ્યાએ અને સાથે સાથે બાહ્ય જગ્યાઓ વિકસિત કરી શૈક્ષણિક પ્રક્રિયામાં તેનો અસરકારક ઉપયોગ કરી શકાય. સર્વાંગી શાળા વિકાસ યોજના ભવિષ્યની શાળા કેવી હોવી જોઈએ તે પ્રતિબિંબિત કરે છે. તે શાળાની શૈક્ષણિક તેમજ માળખાકીય સુવિધા વિકસાવવાનું સુનિયોજિત

આયોજન છે. તેનો એક ભાગ એટલે "Building as Learning Aid" આ શાળાની સમગ્ર જગ્યા અંદર તથા બહાર બાળક તથા શિક્ષક માટે શિક્ષણ પ્રવૃતિઓ માટેની સતત રચના ધરાવતી હોય છે.

**બાલા પ્રોજેક્ટ શું છે ?**

બાલા એટલે " એવી શાળા બનાવવી કે જ્યાં તમામ બાળકોને આવવું ગમે, ભણવું ગમે અને રમવું ગમે... નો એક સુંદર વિચાર છે."

- શાળાઓના બાંધકામ દ્વારા બાળકોને પ્રવૃતિ આધારિત શિક્ષણ આપવાના સ્ત્રોત મળે છે.
- બાલા એ સાર્વત્રિક ત્રિપરિમાણદર્શક અવકાશને સ્થાન આપે છે. કે જે ઈકો ફ્રેન્ડલી મુકત શૈક્ષણિક વાતાવરણનો સ્ત્રોત બાળકો માટે બને છે.
- પ્રાથમિક શિક્ષણ માટે આ એક નવી તરાહ છે જે શિક્ષણની ગુણવતા વધારે છે.

**બાલા પ્રોજેક્ટના હેતુઓ :-**

- નામાંકન - સ્થાયીકરણ - ગુણવતા

**શીખવાની પ્રક્રિયા ના ચાર સ્તંભો**

- કંઈક જાણવા માટે શીખવું
- કંઈક કરવા માટે શીખવું
- સાથે જીવવા માટે શીખવું
- પોતાના અસ્તિત્વ માટે શીખવું
- બાળકો કેવી રીતે ભણે છે તે સમજવા માટે શીખવું

**બાલા શાળા બનાવવા માટે કઈ જગ્યાનો ઉપયોગ કરી શકાય ?**

- વર્ગખંડ
- દાદરના પગથિયાં
- શાળાનું પરિસર
- શાળાનો ઓટલો, પાળી વગેરે.

**કઈ આંતરિક જગ્યાઓનો ઉપયોગ કરાય ?**

- ભોયતળીયું - ભોયતળિયાનો ઉપયોગ સાપસીડીની રમત, ચેસ, ચોપાટ જેવી રમતો દોરવા કરી શકાય તેમજ તેને ગણિત વિષયવસ્તુના મુદ્દા સાથે સાંકળી શકાય.
- દિવાલ - દીવાલ પર ૠતુચક્ર, ઘડિયાળ, ટેનગ્રામ, સુડોકુ, નકશા, દિશા, ખુણા જેવા મુદ્દાઓના ચિત્રો બનાવી શકાય.
- દરવાજો - વર્ગખંડના દરવાજાનો કોણમાપક તરીકે ઉપયોગ કરી શકાય.

બાલા પ્રોજેક્ટ હેઠળ પ્રાથમિક શાળાઓમાં આંતરિક જગ્યાઓનો સુંદર રીતે ઉપયોગ કરી શિક્ષણનું સ્તર વધુ ઉચ્ચ અને કોઠાસુઝવાળું બનાવીને બાળકો માટેનું મુકત અને આનંદદાયક વાતાવરણ આપવું.

## સર્વ શિક્ષા અભિયાન

**પ્રસ્તાવના :-**

લોકશાહીની પ્રક્રિયામાં શિક્ષણની ભુમિકા અતિ મહત્વની છે. શિક્ષણએ લોકશાહીના મુલ્યો સ્થાપિત કરવા તથા દૃઢિભૂત કરવા માટેનું એક સશક્ત સાધન છે.

ભારતના પ્રત્યેક નાગરિકને જીવન વિકાસ માટેના સમાન મુળભુત હક્કો ભોગવવાનો અધિકાર બંધારણ દ્વારા પ્રાપ્ત થાય છે.

સ્વતંત્ર ભારતનાં બંધારણના માર્ગદર્શક સિદ્ધાંતોની કલમ-૪૫ મુજબ, આપણે એવા પ્રયાસો કરવાના હતા જેથી ૬ થી ૧૪ વર્ષની વયજુથના તમામ બાળકોને મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ મળે. સ્વતંત્રતા પછી તરત જ પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ઘણું બધુ કામ થયું છે. વર્ષ ૧૯૮૬ ની નવી શિક્ષણ નીતિ અને ડી.પી.ઈ.પી. જેવી મહત્વાકાંક્ષી યોજનાઓ અને ત્યારબાદ વર્ષ ૨૦૦૧ થી સર્વ શિક્ષા અભિયાનનો અમલ દેશવ્યાપી અને સાર્વત્રિક રીતે થયો.

આમ, સર્વ શિક્ષા અભિયાન સમગ્ર ભારત દેશમાં પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણ માટેનો કાર્યક્રમ છે. ૬ થી ૧૪ વર્ષના તમામ બાળકોને ગુણવતાલક્ષી પ્રાથમિક શિક્ષણ પુરૂ પાડવાનાં મુખ્ય આશય સાથે શરૂ થયેલ આ કાર્યક્રમમાં કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકાર નું નાણાકીય યોગદાન મળે છે. ગુજરાત રાજ્યમાં આ યોજનાનો અમલ ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ દ્વારા કરવામાં આવેલ છે.

એસ.એસ.એ. કાર્યક્રમ બાળકોમાં માનવીય ક્ષમતાઓનાં વિકાસ અર્થે જરૂરી તકો ઉભી કરવાની દિશામાં એક કદમ છે. અભિયાન સ્વરૂપે આ કાર્યક્રમમાં સમુદાયો દ્વારા ગુણવતાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ થાય તેવું પ્રયોજન છે.

## શૈક્ષણિક યોજનાઓ

**સર્વશિક્ષા અભિયાન એટલે....**

- પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે ચોક્કસ સમય રેખાનો કાર્યક્રમ.
- સમગ્ર દેશમાં ગુણવતાયુક્ત પ્રારંભિક શિક્ષણની માંગનો પ્રતિભાવ.
- પ્રારંભિક શિક્ષણ દ્વારા સામાજિક ન્યાય માટેની તક ઉભી કરવાનો પ્રયાસ.
- પ્રારંભિક શિક્ષણ સંસ્થાઓના વહીવટ કે વ્યવસ્થાપન ક્ષેત્રે પાયાના સ્તરે સંસ્થાઓ પંચાયતી રાજ સંસ્થાઓ, શાળા વ્યવસ્થાપન સમિતી , ગ્રામ્ય અને શહેરી ગરીબ વિસ્તારોની શિક્ષણ સમિતીઓ, સ્વાયત સંસ્થાઓને અસરકારક રીતે સંલગ્ન કરવાનો પ્રયાસ.
- દેશભરમાં પ્રારંભિક શિક્ષણના સાર્વત્રિકરણ માટે રાજકીય સંકલ્પ.
- કેન્દ્ર , રાજ્ય અને સ્થાનિક સરકાર વચ્ચેની ભાગીદારી.
- મુળભુત શિક્ષણ અંગે રાજ્યોના આગવા ખ્યાલ વિકસાવવા માટેની તકો નું નિર્માણ.

**શૈક્ષણિક મુદ્દાઓ :-**

- સર્વશિક્ષા અભિયાનના હેતુઓ.
- સર્વ શિક્ષા અભિયાનની પ્રવૃતિઓ.
- સર્વશિક્ષા અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી વિવિધ ગ્રાન્ટ.

**ધ્યેયો / હેતુઓ :-**

- ૬ થી ૧૪ વર્ષની વયજુથના તમામ બાળકોનું નામાંકન થાય.
- શાળા પ્રવેશ પામેલા તમામ બાળકો આઠ ધોરણ સુધીનું ગુણવતાલક્ષી પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરે.
- શાળા બહારના બાળકો વૈકલ્પિક શિક્ષણના માધ્યમ દ્વારા સામાન્ય શાળામાં દાખલ થાય.
- પ્રાથમિક શિક્ષણમાં લોકભાગીદારી વધે.
- શાળા ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારોમાં નવી શાળાની સ્થાપના કરવી.
- શાળાઓમાં પુરતી ભૌતિક સુવિધાઓ પુરી પાડવી.
- શિક્ષકોની અછત હોય તેવી શાળાઓમાં વધારાના શિક્ષકોને મુકવા.
- શિક્ષકોની સજ્જતા વધારવા માટે તાલીમ કાર્યક્રમ તથા અધ્યયન - અધ્યાપન સામગ્રી કલ્સ્ટર, બ્લોક અને જિલ્લા કક્ષાએ વિકસાવવી.
- કન્યાઓ તથા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકોને જીવન કૌશલ્ય આધારીત ગુણવતાલક્ષી શિક્ષણ પુરૂ પાડવું.

**સર્વશિક્ષા અભિયાનની પ્રવૃતિઓ.:-**

- શાળા બહારના બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા.
- વિકલાંગ બાળકોનું સંકલિત શિક્ષણ ( Integrated Education ).
- જેન્ડર એજ્યુકેશન.
- નાણાં અને હિસાબનું આયોજન
- મેનેજમેન્ટ ઈન્ફોર્મેશન સિસ્ટમ(MIS)
- શાળા બાંધકામ( શાળાઓ, ઓરડાઓ, શૌચાલય, મધ્યાહ્ન ભોજનનું રસોડું વગેરેનુ બાંધકામઅને શાળા રીપેરિંગ.)
- શિક્ષક તાલીમ અને સમુદાયના સભ્યોની તાલીમ.
- લર્નિંગ ગેરંટી પ્રોગ્રામ.
- શાળા કક્ષાએ વિવિધ ગ્રાન્ટની ફાળવણી
- એન.પી.ઈ.જી.ઈ.એલ.(NPEGEL)
- કન્યા શિક્ષણને ઉત્તેજન આપવા માટે નિવાસી શાળા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (KGVB)
- શાળા બહારના બાળકો માટે વૈકલ્પિક શિક્ષણ વ્યવસ્થા.

**સર્વશિક્ષા અભિયાન દ્વારા શાળાને આપવામાં આવતી ગ્રાન્ટ :-**

| | | |
|---|---|---|
| વર્ગખંડ બાંધકામ | કમ્પાઉન્ડ વોલ. | પીવાનું પાણી |
| પ્રયોગશાળા | શૌચાલય વ્યવસ્થાપન | પ્રવેશોત્સવ |
| પ્રાથમિક ચિકિત્સા | મોડેલ શાળા | મરામત |
| કન્યા શૌચાલય | ડેટમ- આઠ બાળકો દીઠ. | શાળા વિકાસ |
| પ્રજ્ઞા | વાંચન પર્વ | સંકલિત ઉપચારાત્મક કાર્ય |
| વિશિષ્ટ તાલીમ વગેરે | TLE . Teaching Learning Enhancemaent ધો-૮ માટે એક વખત | |

## મધ્યાહ્ન ભોજન યોજના

**પ્રસ્તાવના :-**

ભારત દેશ વસ્તીની દ્રષ્ટિએ વિશ્વમાં બીજા નંબરનું સ્થાન ધરાવે છે. જેમ વસ્તી વધારે તેમ તેમની રહેવાની , જમવાની , વ્યવસ્થાની વગેરે સમસ્યાઓ પણ ગંભીર રીતે વિસ્તરતી હોય છે. આમ પણ ભારત દેશ એ ગામડાઓનો બનેલો દેશ છે. મોટા ભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે જોડાયેલા છે. આપણા દેશના ૪૦ % વિદ્યાર્થીઓ જુદા -જુદા સમાજિક અને આર્થિક ક્ષેત્રે કહેવાતા નબળા વર્ગમાંથી આવે છે. ભારતના બંધારણ આર્ટિકલ - ૩૯ મુજબ રાજ્યમાં રહેતા તમામ લોકો માટે આરોગ્ય અને તંદુરસ્તી માટેની જોગવાઈ કરવાની રહે છે. સામાજિક અને રાષ્ટ્રીય એકતાના મુખ્ય સંદેશ સાથે ભારતમાં સૌ પ્રથમ૧૯૮૨ માં તમિલનાડું માં મધ્યાહ્ન ભોજન આપવાની શરૂઆત કરવામાં આવી. જ્યારે ગુજરાતમાં તેની શરૂઆત ૧૯ મી નવેમ્બર૧૯૮૪ થી કરવામાં આવી. નામદાર સુપ્રિમકોર્ટના આદેશ અનુસાર મધ્યાહ્ન ભોજન યોજનાને ફરજિયાત પણે વર્ષમાં ઓછામાં ઓછા ૨૦૦ દિવસ બાળકોને ભોજન આપવાનું નક્કી કરવામાં આવ્યુ. જે અંતર્ગત સરકાર હસ્તકની પ્રાથમિક શાળાઓમાં આ યોજના શરૂ કરવામાં આવી. નેશનલ પ્રોગ્રામ ઓફ ન્યુટ્રિશન સ્કીમ ઓફ એજ્યુકેશન હેઠળ આ યોજના કાર્યરત છે.

**હેતુઓ :-**

- કુપોષણની સમસ્યાનો ઉકેલ
- વિદ્યાર્થીઓના આરોગ્ય અને પોષણ મુલ્યોમાં વધારો કરવો.
- ગરીબ બાળકોને શાળામાં આવતા પ્રોત્સાહન આપવું.
- બાળકોના ડ્રોપઆઉટ દરમાં ઘટાડો કરી હાજરીમાં વધારો કરવો.
- બાલ્યાવસ્થાથી જ બાળકોમાં સામાજિક અને રાષ્ટ્રીય એકતાનું જોડાણ કરવું.
- ગ્રામ્ય કક્ષાએ રોજગારીની તકો પુરી પાડવી.
- પરોક્ષ રીતે રાજ્ય તેમજ રાષ્ટ્રમાંથી ગરીબી દુર કરવી.
- છેલ્લી NP.NSPE ગાઈડ લાઈન મુજબ પ્રાથમિક શિક્ષણનું સાર્વત્રિકરણ કરવુ.

**વિષયવસ્તુ :-**

મધ્યાહ્ન ભોજન ની અમલીકરણ વ્યવસ્થા.

ગુજરાત રાજ્યના સંદર્ભમાં મધ્યાહ્ન યોજનાનું અમલીકરણ શિક્ષણ વિભાગના નેજા હેઠળ કમિશનર ઓફ સ્કુલ્સની કચેરી દ્વારા કરવામાં આવે છે. મધ્યાહ્ન ભોજન યોજનાની રાજ્ય સ્તરથી શરૂ કરી શાળા સુધીની અમલીકરણ સાંકળ નીચે મુજબ છે.

**શિક્ષણ ખાતુ**

**કમિશનર**

જોઈન્ટ કમિશનર
↓
આસિ.કમિશનર (અમલીકરણ )
↓
મામલતદાર
↓
એકાઉન્ટ ઓફીસર
↓
રીસર્ચ ઓફિસર
↓
નાયબ મામલતદાર
↓
સંચાલક (શાળા )

કલેક્ટર / મ્યુનિ. કમિશનર
↓
ડેપ્યુટી કલેક્ટર / ડેપ્યુટી મ્યુનિ. કમિશનર
↓
નાયબ મામલતદાર (વહી. ) / નાયબ મામલતદાર (એકા.)
↓
નાયબ મામલતદાર (ઈન્સ્પે.)/ નાયબ મામલતદાર (એકા.)
↓
નાયબ જિલ્લા પ્રા.શિક્ષણાધિકારી
↓
સંચાલક (શાળા )

## દૈનિક ખાદ્ય સામગ્રી નો માપદંડ

| ક્રમ | વસ્તુ | ધો.૧ થી ૫ પ્રાથમિક | ધો.૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક |
|---|---|---|---|
| ૧ | અનાજ (ઘઉં, ચોખા) | ૧૦૦ ગ્રામ/૫૦ ગ્રામ | ૧૫૦ ગ્રામ |
| ૨ | દાળ-કઠોળ | ૨૦ ગ્રામ | ૩૦ ગ્રામ |
| ૩ | શાકભાજી | ૫૦ગ્રામ | ૭૫ ગ્રામ |
| ૪ | ખાદ્યતેલ | ૧૦ ગ્રામ | ૧૦ ગ્રામ |
| ૫ | મીઠું અને મરી મસાલા | જરૂરિયાત મુજબ | જરૂરિયાત મુજબ |
| | કુલ | ૧૮૦ ગ્રામ | ૨૬૫ ગ્રામ |

નોંધ -ધો-૧ થી ૫ માં દૈનિક ૪૫૦ ગ્રામ કેલેરી તથા ૧૫ ગ્રામ પ્રોટિન મળવું જોઈએ.
ધો-૬ થી ૮ માં દૈનિક ૭૦૦ ગ્રામ કેલેરી તથા ૨૦ ગ્રામ પ્રોટિન મળવું જોઈએ.

## આધાર ડાયસ

**પ્રસ્તાવના:-**

આધાર DISE - ૨૦૧૨ માં રાજ્યની તમામ પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા તમામ બાળકોનો ડેટાબેઝ તૈયાર કરવામાં આવેલ છે. આ ડેટાબેઝનો ઉપયોગ વિવિધ યોજના તેમજ RTE ના અમલીકરણ માટે છે. ચાલુ વર્ષે રાજ્યમાં શાળામાં ભણતા તમામ બાળકોની માહિતીની ચાઈલ્ડ વાઈઝ ડેટાબેઝ બનાવવામાં આવે છે તથા શાળામાં ભણતા દરેક બાળકને Unique Identification Number આપવા માટે ઓનલાઈન Aadhar Enabled અમલમાં મુકેલ છે. જેથી શાળામાંથી ડ્રોપ આઉટ થતા, અનિયમિત રહેતા બાળકો અને CWSN પર સીધી દેખરેખ રાખવી તથા બાળકોને મળતી પ્રોત્સાહક સહાય તથા સુવિધાઓનું મોનિટરીંગ સરળ બનાવી શકાય. તદઉપરાંત આ ડેટાબેઝમાં એન્ટ્રી કરવામાં આવેલ તમામ બાબતોનું વંચાણ ગ્રામસભામાં થાય તેમજ સમગ્ર રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ વખતે દર વર્ષે શાળામા DISE ના સ્કુલ રીપોર્ટ કાર્ડનું અને આધાર ડાયસ જાહેરમાં જનવાંચન કરવામાં આવે છે. તેમજ આ રીપોર્ટ શાળાના મહત્વના રેકર્ડ તરીકે નિભાવવામાં આવે છે. તેમજ સને - ૨૦૧૨ થી શાળા માં ભણતા તમામ બાળકોની સંપુર્ણ માહિતી www.ssagujarat.org વેબસાઈટ પર આધાર ડાયસ સોફ્ટવેરમાં ઓનલાઈન કરવામાં આવે છે.

**હેતુઓ :-**

- બાળકોને આઈ.ડી નંબર મળે છે.
- બાળકોની શૈક્ષણિક સ્થિતિ જાણી શકાય.
- એનરોલમેન્ટ વધારી શકાય છે.
- બાળકોની સંપુર્ણ પ્રોફાઈલ બને છે.
- ડ્રોપ આઉટ બાળકને શોધી શકાય.
- ચાઈલ્ડ ટ્રેકીંગ સિસ્ટમ ડેવલપ કરી શકાય.

**શું કરી શકાય ?**

પોતાની શાળાના સ્કુલ રીપોર્ટ કાર્ડની પ્રિન્ટ કાઢી બુલેટીન બોર્ડ પર લગાવવી તથા ગ્રામજનો સમક્ષ તેનું ‘ જનવાંચન ’ કરવું.

**ટુલ્સ :-**

- આધાર ડાયસ રીપોર્ટ - ૨૦૧૪
- આધાર ડાયસ ફોર્મ - ૧,૨,૩ નમુનાઓ
- **ssagujarat.in** વેબસાઈટ

પત્રક - ૧ ધોરણ - ૧ ના બાળકોની માહીતી દર્શાવતું પત્રક
પત્રક - ૨ વર્ષ ૨૦૧૫-૧૬ મુજબના બાળકોની માહિતી .
વર્ષ ૨૦૧૬-૧૭ માટે અપડેટ કરવા માટેનું પત્રક.
પત્રક - ૩ અન્ય શાળામાંથી આપની શાળામાં આવેલ, ધોરણ ૨ થી ૮ ના બાળકોની માહિતી દર્શાવતું પત્રક.

આધાર ડાયસ દર વર્ષે અપડેટ કરવામાં આવે છે જેમાં શાળામાં નવું નામાંકન બીજી શાળામાંથી આવેલ બાળકો, શાળામાંથી બીજી શાળામાં ગયેલા બાળકો, શાળા છોડી દીધેલ બાળકો અને શાળામાં દાખલ થયેલ બાળકો, ધોરણ ૧ થી ૮ શિક્ષણ મેળવ્યુ કે કેમ? તેનો રીપોર્ટ મેળવી શકાય છે.

## ગણિત - વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન

**પ્રસ્તાવના :-**

આપણું વિશ્વ સતત પરિવર્તનશીલ અને વિકસતું રહે છે. આજે આપણે ગણિત અને વિજ્ઞાન પર જેટલા આશ્રિત બન્યા છીએ તેટલા કદાચ આજ થી ૫૦ વર્ષ પુર્વે ન હતાં. ટેક્નોલોજી, હેલ્થ , કૃષિ, અંતરિક્ષ દરેક ક્ષેત્રે ગણિત અને વિજ્ઞાન થકી આપણે ઘરે બેઠા આપણા અગત્યના કાર્યો સરળતાથી કરીએ છીએ. આજ રીતે આગળ વધારે વિચારીએ તો આપણા આજના બાળકો જ્યારે વયસ્ક બનશે ત્યારે વિશ્વ કેવું હશે. કેવા પડકારો તેમની સમક્ષ હશે અને તે પડકારો નો સામનો ગણિત અને વિજ્ઞાનની મદદથી શી રીતે કરી શકાય તે અંગેની જાગૃતિ અને માનસિક તત્પરતા બાળકો, શિક્ષકો તેમજ સમાજના નિર્માણ થાય તો ભવિષ્યની સમસ્યાઓનો સામનો સરળતાથી કરી શકાય તેમ છે. પરંતુ આ માટે બાળકો ગણિત - વિજ્ઞાનમાં રસ લેતા થાય તે ખુબ જ જરૂરી છે. તેમનામાં વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવાય અને બાળકો- વાલીઓ જીવનમાં ગણિત - વિજ્ઞાન વિષયોનું મહત્વ સમજી શકે તે માટે પ્રાથમિક કક્ષાએથી જ ગણિત - વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

**હેતુઓ :- શિક્ષકો તથા બાળકો....**

- નવીન માહિતીનું એકત્રીકરણ વિશ્લેષણ અને અર્થઘટન કરે છે.
- અવલોકન કરતા થાય.
- કુતુહલવૃતિ , જિજ્ઞાસાવૃતિ ,તર્કશક્તિ , નિર્ણયશક્તિનો વિકાસ થાય.
- કાર્યકારણ સંબંધ જાણે.
- પ્રયોગ કરી પરિણામની ચકાસણી કરે. અર્થાત પ્રાયોગિક કૌશલ્ય કેળવે.
- વૈજ્ઞાનિક અભિગમ કેળવે.
- રોજિંદા જીવનમાં વિજ્ઞાનનું મહત્વ સમજે.
- કુદરતી ઘટનાઓ સમજે.
- સમસ્યાનો ઉકેલ મેળવી શકે.
- વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ કેળવે.

### રાજ્યમાં વિવિધ કક્ષાએ ગણિત - વિજ્ઞાન પ્રદર્શન

વિજ્ઞાન- ગણિત અને પર્યાવરણ પ્રદર્શનની કક્ષા

ગણિત - વિજ્ઞાન પ્રદર્શન C.R.C. કક્ષા (પ્રાથમિક શાળા ) ↓

B.R.C. કક્ષા (પ્રાથમિક શાળા ) → જિલ્લા કક્ષા

S.V.S કક્ષા (મા.ઉ.મા.શાળા માટે ) → જિલ્લા કક્ષા

C.R.C. કક્ષા (મહાનગર પાલિકા હસ્તકની પ્રાથમિક શાળા ) → જિલ્લા કક્ષા

જિલ્લા કક્ષા (પ્રાથમિક , મા.અને ઉ.મા.શાળા માટે ) ↓

ઝોન કક્ષા ( DIET/D.El.Ed.) → રાજ્ય કક્ષા

રાજ્ય કક્ષા વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ ↓

રાષ્ટ્ર કક્ષા વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ

**વિષયવસ્તુ :-**

**વિજ્ઞાન-ગણિત અને પર્યાવરણ પ્રદર્શન :-**

- શ્રી જવાહરલાલ નેહરૂની જન્મજયંતિની ઉજવણીના ભાગરૂપે સન ૧૯૮૮ થી પંડિત જવાહરલાલ નેહરૂ રાષ્ટ્રીય વિજ્ઞાન પ્રદર્શન તરીકે ઓળખાય છે.
- એન.સી.ઈ.આર.ટી.નવી દિલ્હી દ્વારા સને ૧૯૭૦ થી દર વર્ષે રાષ્ટ્રીય કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શનનું કરવામાં આવે છે.
- N.C.E.R.T. દ્વારા દર વર્ષે આ માટે અલગ - અલગ વિષયો નક્કી કરવામાં આવે છે.
- N.C.E.R.T. ના માર્ગદર્શન મુજબ દરેક રાજ્યોમાં વિવિધ કક્ષાએ વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવે છે.

જાહેરાત


અદ્યતન આવૃત્તિ
નોલેજ પાવર
પરફેક્ટ
ભાગ-૨
- વી. બી.પરમાર
HTAT, TET-1 અને TET-2 ની સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી માટે ધોરણ ૬ થી ૮ ના પાઠ્ય પુસ્તકનાં તમામ વિષયની મહત્વની બાબતો તથા ધોરણ ૯ અને ૧૦ માં આવતા ધોરણ ૧ થી ૮ અનુસંધાને મહત્વની બાબતોને આવરી લેતું એકમાત્ર પુસ્તક
ગણિત
ધોરણ 7
સંસ્કૃત
ધોરણ 8
हिन्दी
कक्षा 7
સામાજિક વિજ્ઞાન
ગુજરાતી
ધોરણ-૮
વિજ્ઞાન અને ટેકનોલૉજી
ધોરણ 6

જાહેરાત

# નોલેજ પાવર પરફેક્ટ ભાગ-૨

## અનુક્રમણીકા


| વિષય | ગુજરાતી | |
|---|---|---|
| ધોરણ - ૬ | પ્રથમ સત્ર | ૦૫ |
| | દ્વિતીય સત્ર | ૧૦ |
| ધોરણ - ૭ | પ્રથમ સત્ર | ૧૫ |
| | દ્વિતીય સત્ર | ૧૮ |
| ધોરણ - ૮ | પ્રથમ સત્ર | ૨૫ |
| | દ્વિતીય સત્ર | ૨૯ |
| ધોરણ - ૯ અને ૧૦ | | ૩૭ |

| વિષય | હિન્દી | |
|---|---|---|
| ધોરણ - ૬ | પ્રથમ સત્ર | ૪૭ |
| | દ્વિતીય સત્ર | ૫૦ |
| ધોરણ - ૭ | પ્રથમ સત્ર | ૫૫ |
| | દ્વિતીય સત્ર | ૫૮ |
| ધોરણ - ૮ | પ્રથમ સત્ર | ૬૪ |
| | દ્વિતીય સત્ર | ૬૮ |
| ધોરણ - ૯ અને ૧૦ | | ૭૩ |

| વિષય | સમાજિક વિજ્ઞાન | |
|---|---|---|
| ધોરણ - ૬ | પ્રથમ સત્ર | ૭૬ |
| | દ્વિતીય સત્ર | ૮૦ |
| ધોરણ - ૭ | પ્રથમ સત્ર | ૮૯ |
| | દ્વિતીય સત્ર | ૯૭ |
| ધોરણ - ૮ | પ્રથમ સત્ર | ૧૦૯ |
| | દ્વિતીય સત્ર | ૧૧૭ |
| ધોરણ - ૯ અને ૧૦ | | ૧૩૪ |

| વિષય | વિજ્ઞાન અને ટેક્નોલોજી | |
|---|---|---|
| ધોરણ - ૬ | પ્રથમ સત્ર | ૧૩૯ |
| | દ્વિતીય સત્ર | ૧૪૭ |
| ધોરણ - ૭ | પ્રથમ સત્ર | ૧૫૨ |
| | દ્વિતીય સત્ર | ૧૬૦ |
| ધોરણ - ૮ | પ્રથમ સત્ર | ૧૭૫ |
| | દ્વિતીય સત્ર | ૧૮૭ |
| ધોરણ - ૯ અને ૧૦ | | ૨૦૨ |

| વિષય | સંસ્કૃત | |
|---|---|---|
| ધોરણ - ૬ | પ્રથમ સત્ર | ૨૦૬ |
| | દ્વિતીય સત્ર | ૨૦૯ |
| ધોરણ - ૭ | પ્રથમ સત્ર | ૨૧૩ |
| | દ્વિતીય સત્ર | ૨૧૭ |
| ધોરણ - ૮ | પ્રથમ સત્ર | ૨૨૦ |
| | દ્વિતીય સત્ર | ૨૨૭ |

| વિષય | ગણિત |
|---|---|
| સ્તંભ આલેખ | ૨૩૨ |
| વર્તુળ આલેખ | ૨૩૨ |
| બહુપદીઓ | ૨૩૩ |
| અવયવીકરણ | ૨૩૪ |
| પૂર્ણવર્ગ ત્રિપદી | ૨૩૫ |
| સમીકરણ | ૨૩૬ |
| બેંક | ૨૩૮ |
| દશાંશ અપૂર્ણાંક | ૨૩૯ |
| લંબ રેખાઓ | ૨૪૦ |
| સમાંતર રેખાઓ | ૨૪૦ |
| ગણ પરિચય | ૨૪૧ |
| ચતુષ્કોણ | ૨૪૩ |
| વર્ગ અને ઘન | ૨૪૫ |
| ઘન અને ઘનમૂળ | ૨૪૮ |
| લ.સા.અ. અને ગુ.સા.અ. | ૨૪૯ |
| સાદુરૂપ (સરળીકરણ) | ૨૫૨ |
| ટકાવારી | ૨૫૫ |
| ઘાત અને ઘાતાંક | ૨૫૮ |
| ગુણોત્તર અને પ્રમાણ | ૨૬૧ |

# ઈકો કલબ

સમાજ સામે વધતી વસ્તી, ઔદ્યોગિક ક્રાંતિ , શહેરીકરણ વગેરેને પરિણામે અનેક પડકારો ઉદભવ્યા છે. તેમાંનો એક પડકાર છે. પર્યાવરણ પ્રદુષણ સમગ્ર વિશ્વએ પર્યાવરણની પ્રવર્તમાન પરિસ્થિતિ પ્રત્યે ચિંતા વ્યક્ત કરી છે. પર્યાવરણની તરફ આપણા દ્રષ્ટિકોણમાં બદલાવ લાવીને ઘણા પર્યાવરણીય પ્રશ્નો હલ થઈ શકે તેમ છે. ૧૨૧ કરોડની વસ્તી ધરાવતા ભારત દેશમાં આ બાબતે રાતોરાત ફેરફાર થઈ શકે નહીં પરંતુ બાળકો દ્વારા સમાજની વર્તુણકમાં ફેરફાર અવશ્ય કરી શકાય. તેથી ભારત સરકાર દ્વારા દેશના તમામ જિલ્લાઓમાં ઈકોક્લબ ની સ્થાપના કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંતર્ગત જીસીઈઆરટી, ગાંધીનગર દ્વારા રાજ્યની પ્રાથમિક શાળાઓમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ વધે તે હેતુથી ઈકોક્લબની રચના કરવામાં આવી છે. જેના માટે શાળા દીઠ રૂ.૩૦૦ નું અનુદાન જીસીઈઆરટી મારફતે આપવામાં આવે છે.

**ઈકો કલબ એટલે શું ?**

ઈકોક્લબ એટલે શાળાના પ્રકૃતિપ્રેમી વિદ્યાર્થીઓનું એવું એક સંગઠન કે જે પ્રકૃતિ અને પર્યાવરણ સંરક્ષણની કુશળતા અને જાણકારી પુરી પાડતી અનૌપચારિક સક્રિય વ્યવસ્થા.

**હેતુઓ :-**

- પર્યાવરણ પ્રત્યે લોકજાગૃતિ કેળવાય.
- વિદ્યાર્થીઓ વનસ્પતિઓને ઓળખે અને તેમના ઉપયોગ વિશે જાણે.
- પર્યાવરણનું જતન, સંરક્ષણ અને સંવર્ધન કરે, પ્રકૃતિ પ્રેમી બને.
- પાણીની અછત નિવારણ અંગેના ઉપાયો હાથ ધરે.
- વર્મી કમ્પોઝડ વિશે જાણે.
- અળસિયા બેંક, સ્વચ્છતા , વૃક્ષારોપણ , કચરાનો કમ્પોઝડ ખાડા દ્વારા નિકાલ જેવી પ્રવૃતિઓ શાળા કક્ષાએ કરતા થાય.
- પર્યાવરણીય જૈવિક વિવિધતાને જાણે અને તેનું જતન કરે.

**ઈકો કલબ અંતર્ગત કરી શકાય તેવી પ્રવૃતિઓ :-**

| | |
|---|---|
| પર્યાવરણ દિનની ઉજવણી | વૃક્ષોનું નામાંકન |
| ચિત્ર સ્પર્ધા | ઈંટોથી ક્યારા બનાવવા તેમજ ઈંટો રંગવી |
| પર્યાવરણલક્ષી વક્તૃત્વ સ્પર્ધા | શાળા સફાઈ તથા સુશોભન |
| પર્યાવરણલક્ષી ક્વીઝ | કુદરતી જંતુનાશક દવા બનાવવી. |
| પૃથ્વી દિનની ઉજવણી | પર્યાવરણલક્ષી નાટકો |
| વન મહોત્સવ ઉજવણી | પર્યાવરણ સુત્ર લેખન |
| પ્રકૃતિ ગીતોનું ગાન | પર્યાવરણલક્ષી નિબંધ સ્પર્ધા |
| ઈકો વર્ષ ઉજવણી | પર્યાવરણ લક્ષી ગીતોનો સંગ્રહ |
| પ્લાસ્ટિકનો ઉપયોગ અને તેના દુષણો અંગે વક્તૃત્વ સ્પર્ધા | પ્રકૃતિ કાવ્ય લેખન હરિફાઈ |
| પર્ણ પોથી | ઋતુગીતોની હરિફાઈ |
| ઊર્જા સંરક્ષણ દિનની ઉજવણી | પર્યાવરણલક્ષી રેલી |
| પ્રાણી સંગ્રહાલય મુલાકાત | લોક જાગૃતિના કાર્યક્રમો , પપેટ શો દ્વારા લોકજાગૃતિ |
| પર્યાવરણ જાગૃતિ માટે ગ્રામસભાનું આયોજન | આંતરરાષ્ટ્રીય ઓઝોન દિનની ઉજવણી |
| ઈકો રંગોળી | પ્રાણી પોથી |
| ફેન્સીગ કાર્ય | પ્લાસ્ટિકના ઉપયોગની પર્યાવરણ પર થતી ઘાતક અસરો |
| વરસાદી પાણીના સંગ્રહ માટેનું આયોજન | નિબંધ સ્પર્ધા |
| નીંદણકામ | અક્ષયપાત્ર, પક્ષીઓ માટેની પરબ |
| વૃક્ષોની માવજત | જન્મદિન તેમજ વિશિષ્ટ દિવસોની ઉજવણી |
| અમૃતપાણી , કુદરતી ખાતર | પર્યાવરણ સતુંલન જાળવવા સાસ્કૃતિક કાર્યક્રમો દ્વારા જન જાગૃતિ |
| વૃક્ષ પરિચય | વેસ્ટેજ પાણીનો યોગ્ય નિકાલ કરી તે દ્વારા ઔષધ બાગ સિંચાઈ |
| વૃક્ષોની ગણતરી તથા નામાંકરણ | પર્યાવરણલક્ષી ભીતસુત્રોનું લેખન |

પ્રકૃતિલક્ષી પુસ્તકો માટેની વાંચન શિબિર
પર્યાવરણલક્ષી પ્રોજેક્ટ વર્ક
શાળા ઔષધબાગ, વૃક્ષારોપણ
સ્વસ્થ જમીનની રચના
વૃક્ષોના તડ પર ચુનો ગેરૂ લગાવવા.
કમ્પોસ્ટ ખાડાની રચના
વર્મી કમ્પોસ્ટ બનાવવું, અળસિયા બેંક
ગ્રામ સફાઈ
ગામના બગીચાની જાળવણી.
'મને ઓળખો ' પ્રદર્શન કાર્યક્રમ
સ્વચ્છતા સમિતીની રચના
વ્યક્તિગત સફાઈ પ્રત્યે સભાનતા
કચરા ટોપલીનું નિર્માણ
જાહેર સ્થળોની સ્વચ્છતા
શાળાની ટાંકીની સફાઈ

શાળામાં શૌચાલય સંકુલની નિયમિત સફાઈ
કાગળ બચાવવા અંગેનું અભિયાન
પાણી વપરાશનું માપન તથા પાણી બચત અભિયાન
આયુર્વેદિક દવાઓની માહીતી
પેપર રિસાયકલિંગ
શોષખાડાની રચના
પ્લાસ્ટિક કચરાનો નિકાલ
ઘન કચરાનો નિકાલ
પર્યાવરણલક્ષી તોરણોની રચના અને તે દ્વારા વર્ગખંડ સુશોભન
વર્ગખંડદીઠ કચરા પેટી રાખવી.
પાણીના જાહેર નળ તથા રસ્તાનું સમારકામ
વૃક્ષારોપણ
વિજળી વપરાશનું માપન તથા વિજળી બચત અભિયાન
ઔષધોને લગતો હસ્ત લેખિત અંક

**ઈકો ક્રીડા :-**

પર્યાવરણલક્ષી રમતો એટલે કે, ઈકો ક્રીડા અને હા એ ન ભુલીએ કે વિજેતા બાળકોને પ્રોત્સાહન આપવાથી તેમનો ઉત્સાહ અનેક ગણો વધે છે, તેથી આવી રમતો દરમિયાન જે ગ્રુપ કે બાળક વિજેતા બને તેને પર્યાવરણલક્ષી ભેટ જેવી કે, સુંદર ફુલ, ફળ, ઔષધિ, જડીબુટ્ટી, તજ-લવિંગ, એલચી, કાજુ, બદામ કે છોડ આપી શકાય , ગ્રુપ જો મોટુ હોય અને ભેટ આપવી શક્ય ન હોય તો 'પ્રકૃતિપ્રેમી ... ' ગ્રુપ એવું બોલીને ત્રણ તાળીનું સન્માન આપી શકાય.

- પાસીંગ ધ બોલ
- ટચ ધ ટ્રી
- હાઉસી
- ચટ સવાલ પટ જવાબ
- અચકો મચકો કારેલી
- કહો, હું કોણ
- ચાલો, પ્રાણી બનીએ.
- પ્રકૃતિ માતા આપની માતા

## રમતોત્સવ

**પ્રસ્તાવના :-**

તન તંદુરસ્ત હોય તો મન તંદુરસ્ત રહે, તંદુરસ્ત સમાજના નિર્માણ માટે તંદુરસ્ત બાળકો અને યુવાનોની જરૂરીયાત છે. બાળકો અને યુવાનો ભારતના ભાવિના ઘડવૈયાઓ છે. રાષ્ટ્રનું ભાવિ તેમના પર નિર્ભર છે. શિક્ષણ અને આરોગ્ય એક સિક્કાની બે બાજુઓ છે. બંનેમાંથી એકપણ પાસુ નબળું હોય તો શારીરિક, માનસિક અને સામાજિક અવરોધો ઉભા થાય. ઉજ્જવળ કારકિર્દી માટે વ્યાયામ, યોગ અને પ્રાણાયામ ખુબ જ જરૂરી છે. ગામડાની પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને વિકસાવવાની તક મળી રહી તે માટે રમતોત્સવનું આયોજન અને અમલીકરણ દર વર્ષે થાય છે. આ રમતોત્સવની શરૂઆત વર્ષ ૨૦૦૨-૦૩ થી જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા જિલ્લા પંચાયતની પ્રાથમિક શાળાઓ, મ્યુનિસિપલ કોર્પોરેશનની શાળાઓ અને આશ્રમશાળાઓના ધો-૧ થી ૮નાં વિદ્યાર્થીઓ સમાવિષ્ટ કરવામાં આવે છે. માત્ર બાળકો જ નહીં પરંતુ પ્રા.શાળામાં ભણાવતા શિક્ષકોમાં પણ રહેલ વિવિધ શક્તિઓનો વિકાસ થાય તેમજ બાળકોની શક્તિઓને ઓળખવામાં અને તે શક્તિઓને બહાર લાવવા માટે રમતોત્સવ એ પ્લેટફોર્મ પુરું પાડે છે.

**હેતુઓ :-**

- બાળકોના સર્વાંગી વિકાસ થાય.
- બાળકો રમત-ગમતમાં રસ લેતાં થાય.
- બાળકો જીવનમાં રમત -ગમતને પ્રાધાન્ય આપે.
- શિક્ષકો રમત-ગમત માં બાળકોના રસને જાણે અને વિકસાવે.
- શિક્ષકો રમત-ગમતને શાળામાં વિકસાવે
- શિક્ષકો વિવિધ રમતોમાં ભાગ લેતા થાય.
- બાળકો અને શિક્ષકો રમત-ગમત ને જીવનમાં અગ્રસ્થાન આપે.
- બાળકોમાં સંઘ ભાવના વિકસે.
- બાળકોમાં ચપળતા, સહનશીલતા વધે.
- રમતોમાં રહેલી વૈજ્ઞાનિક બાબતો જાણે.
- બાળકો રમતો દ્વારા આનંદ મેળવે અને ખેલદીલીની ભાવના વિકસાવે.

## રમતોત્સવ સમાવિષ્ટ રમતોની યાદી

**વિદ્યાર્થીઓ માટેની રમતો**

| કુમારો માટે | કન્યાઓ માટે |
|---|---|
| કબડ્ડી | કબડ્ડી |
| ખો-ખો | ખો-ખો |
| ૧૦૦ મીટર દોડ | ૧૦૦ મીટર દોડ |
| લાંબીકુદ | લાંબી કુદ |
| ગોળા ફેંક | ગોળા ફેંક |
| યોગાસનો | યોગાસનો |

**શિક્ષકો માટેની રમતો**

| ભાઈઓ | બહેનો |
|---|---|
| ૧૦૦ મીટર દોડ | ૧૦૦ મીટર દોડ |
| ગોળા ફેંક | ગોળા ફેંક |
| યોગાસનો | યોગાસનો |
| લાંબીકુદ | ચક્ર ફેંક |

**રમતોત્સવના તબક્કાઓ :-**

- શાળાકક્ષાએ → સી.આ.સી. કક્ષાએ → તાલુકા કક્ષાએ → જિલ્લા કક્ષાએ → ઝોન કક્ષાએ → રાજ્ય કક્ષાએ

**રમતોત્સવ નિયમો :-**

- દરેક સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવેલ ટીમ કે સ્પર્ધકને આગળના ક્રમે ભાગ લેવા માટે મોકલવામાં આવે છે.
- રમતોત્સવમાં ભાગ લેનાર બાળકની ઉંમર ૨૮ ફેબ્રુઆરી સુધીમાં ૧૪ વર્ષથી વધારે ન હોવી જોઈએ.
- સાંઘિક રમતમાં ભાગ લેનાર ખેલાડી વ્યક્તિગત રમતમાં ભાગ લઈ શક્તો નથી તેમજ વ્યક્તિગત સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડી કોઈપણ બે સ્પર્ધાઓમાં જ ભાગ લઈ શકે છે.
- સ્પર્ધા દરમિયાન થતી ફરિયાદ કે તકરાર અંગે આખરી નિર્ણય લવાદ કમીટી દ્વારા લેવામાં આવે છે.
- વિવિધ કક્ષાના રમતોત્સવના સરળ અને સુચારું આયોજન અને અમલીકરણ માટે દરેક કક્ષાએ લવાદ / કોર કમીટીની રચના કરવી.
- રમતોત્સવના નિયમો અને અનુદાન સંદર્ભે જી.સી.ઈ.આર.ટી. ના દર વર્ષના પરિપત્રમાં જણાવ્યા અનુસાર અમલ કરવાનો રહે છે.

## સ્માર્ટ ક્લાસરૂમ

**પ્રસ્તાવના :-**

આધુનિક સમયમાં કમ્પ્યુટર ટેકનોલોજીએ જ્ઞાનાનાં સર્જન અને વિતરણ માટેનું અનિવાર્ય માધ્યમ બન્યું છે. શૈક્ષણિક ક્ષેત્રે ટેકનોલોજીમાં કરેલ રોકાણ ડહાપણ ભરેલું છે. જે બાળકોના અધ્યયન માટે જ્ઞાન સંરચનાના નવા દ્વાર ખોલે છે. આજે શિક્ષણ ક્ષેત્રે સૌથી મોટો પ્રશ્ન એ છે કે દરરોજ બદલાતી જતી ટેકનોલોજીકલ દુનિયામાં શાળા કક્ષાએ ટેકનોલોજીને કઈ રીતે અપગ્રેડ રાખવી ? સ્માર્ટ ક્લાસરૂમ આ દિશામાં શિક્ષણની અસરકારકતા અને વ્યાપકતા વધારવાનો નવીન પ્રયાસ છે.

સ્માર્ટ ક્લાસરૂમ એટલે એવો વર્ગ કે જે બાળકોને એવા પ્રકારનાં અધ્યયન પર્યાવરણનું નિર્માણ કરી આપે કે જ્યાં તેને શીખવા માટેની મહતમ શક્યતાઓ અને પડકારો પુરા પાડી શકાય સ્માર્ટ ક્લાસરૂમ અધ્યાપન મુલ્યાંકન અને સંશોધન સંબંધિત સમસ્યાઓને ઉકેલવામાં સફળ પુરવાર થશે. સ્માર્ટ ક્લાસરૂમ એ અસરકારક શૈક્ષણિક પ્રક્રિયાનાં તમામ માધ્યમોને એક સાથે વર્ગખંડમાં પ્રસ્તુત કરવાનું સંકલિત માધ્યમ છે.

સ્માર્ટ કલાસરૂમની મદદથી અધ્યયન - અધ્યાપન પ્રક્રિયાની અસરકારકતા વધારી, અધ્યેતાને વિવિધ પ્રવૃતિઓમાં પ્રવૃત રાખી, વિવિધ અધ્યાપનીય વ્યુહરચનાઓ વિકસાવી, અભુતપુર્વ અધ્યયન નિષ્પતિઓ ઉપજાવી શકાશે. સ્માર્ટ ક્લાસરૂમનો મુખ્ય ઉદ્દેશ્ય કમ્પ્યુટર અને ટેક્નોલોજીના સંકલન દ્વારા શિક્ષણ ની ગુણવતા સુધારણાનો છે.

**સ્માર્ટ ક્લાસરૂમનાં હેતુઓ :-**

૧.શિક્ષકો સ્માર્ટ ક્લાસરૂમ અંતર્ગત ટેક્નોલોજીના ઉપયોજન માટેના કૌશલ્યો અને આત્મવિશ્વાસ વિકસાવે.
૨.શિક્ષકો- બાળક, શિક્ષક અને અધ્યયન પર્યાવરણની બદલાતી જતી સંકલ્પના અને આંતરક્રિયાની સમજ વિકસાવે.
૩.શિક્ષકો બાળકોને અધ્યયન માટેની મહતમ શક્યતાઓ અને પડકારો પુરા પાડી શકાય તેવા અધ્યયન વાતાવરણનું નિર્માણ કરતા શીખે.
૪.ટેક્નોલોજી આધરિત સ્વઅધ્યાપનીય વ્યુહરચનાઓ વિકસાવવી અને તેનો પ્રચાર - પ્રસાર કરવો.


9824274596

૫.બાળકોને તેની વયકક્ષા, રસ-રૂચિ ને જરૂરિયાત પ્રમાણે વાસ્તવિક પરિસ્થિતિઓ દ્વારા ચિરંજીવ જ્ઞાનનાં સર્જન માટે મહતમ પ્રયુક્તિઓ પ્રયોજવી.

**સ્માર્ટ ક્લાસરૂમની વિશેષતાઓ :-**

**૧. ગ્રાફીક ઓર્ગેનાઈઝર :-**

ગ્રાફીક ઓર્ગેનઈઝરમાં પુષ્કળ પ્રમાણમાં રંગીન ચિત્રો અને ગ્રાફીક્સ છે. જેનો ઉપયોગ બાળકો ચિત્રો દોરવા, ચિત્રોને વિભાગવાર ગોઠવવા , આલેખ બનાવવા, ચોક્કસ માપના આકારો બનાવવા માટે કરી શકે છે.

**૨.સ્માર્ટ પેન**

સ્માર્ટ પેનની મદદથી બાળકો વ્હાઈટ બોર્ડ પર લખી શકે છે , સુધારા - વધારા (Erase & edit ) કરી શકે છે. શીખેલ સંકલ્પના ઓને સ્વપ્રયત્નથી વિસ્તારી શકે છે.

**૩.હાઈલાઈટર :-**

હાઈલાઈટરની મદદથી જરૂરી ચિત્ર, આકાર, માહીતી, રંગ, ટેક્ષ્ટ વગેરેને વ્હાઈટબોર્ડની આપેલ માહિતીથી અલગ તારવી શકાય છે.

**૪. ઈરેઝ એન્ડ રીવીલ ટેકનિક :-**

આ ટેકનીક દ્વારા બોર્ડ ઉપર વિવિધ આકારોનો ઉપયોગ કરી ઉતરોને હાઈડ કરી શકાય છે. આવી પ્રવૃતિઓ દ્વારા બાળકો સાચા પ્રતિચારો આપી સ્માર્ટ બોર્ડ સાથે આંતરક્રિયા કરી શકે છે.

**૫.ગેલેરી ટુલ :-**

ગેલેરીમાં વિવિધ વિષયો માટેની ઈનબીલ્ટ ગેલેરી છે. જેમાં સ્ટોરી મેપ, ડાયગ્રામ અને બીજી ઘણી સંદર્ભે માહિતી ભરપુર પ્રમાણમાં ઉપલબ્ધ છે.

**૬. ઈન્ટરનેટ સાથે નેવીગેટ કરવું. :- ( Navigate )**

જરૂર પડે બાળકોને બ્રેઈન પોપ, નેશનલ જીઓગ્રાફી , મેપ ફોર કીડ્સ, જેવી વેબસાઈટ સાથે આંતરક્રિયા કરી જ્ઞાનમાં વધારો કરી શકાય છે.

**૭. નોટબુક સેવ કરવી.**

બનાવેલ નોટબુકને સેવ કરી શકાય છે. જેનો ઉપયોગ ભવિષ્યમાં જ્ઞાન વિકાસ માટે કરી શકાય છે. ગેરહાજર વિદ્યાર્થીઓને અધ્યાપન કરાવવા માટે પણ નોટબુક ઉપયોગી થાય છે.

**૮.વિડીયો ડાઉનલોડ કરવા :-**

વર્ગખંડમાં અધ્યાપન દરમ્યાન વિડીયો ફાઈલ ઈમ્પોર્ટ કરી શકાય છે. તે માટે ડિસ્કવરી ચેનલ, નેશનલ જીઓગ્રાફી, યુ-ટયુબ, ટીચર ટયુબ વેગેરનો ઉપયોગ કરી શકાય છે.

**૯.વિડીયો ફાઈલ બનાવવી. :-**

અધ્યાપન દરમ્યાન થયેલ આંતરક્રિયાને રેકોર્ડ કરી શકાય છે. વર્ગખંડ અધ્યાપન દરમ્યાન થયેલ કથન, લેખન, ઈન્ટરનેટ વીઝીટ વગેરે તમામ બાબતોને રેકોર્ડ કરી વિડીયો ફાઈલ બનાવી શકાય છે.

## કાર્યાનુભવ ( Work Experience )

શિક્ષણક્ષેત્રે નુતન ફેરફાર અંગે સતત સંશોધનો અને વિચારણાઓ થતાં રહ્યા છે. શિક્ષણના સાક્ષરી વિષયોમાં શિક્ષકક્ષેત્રે કાર્યાનુભવ વિષય સમયાંતરે દુર થતો ગયો છે. જો આ વિષયને પ્રાથમિક શિક્ષણમાં ઉચિત મહત્વ આપવામાં નહી આવે તો આ વિષય નામ શેષ થતાં વાર નહી લાગે. વિવિધ અને નુતન ટેક્નોલોજીના વિનિયોગ દ્વારા આ વિષયને પણ રસિક, સર્વગ્રાહી અને સરળ બનાવવો જ રહ્યો. માટે,

ચાલો, આ વિષય પરત્વે હકારાત્મક દ્રષ્ટિકોણથી વિચારીએ અને પ્રાથમિક શિક્ષણક્ષેત્રે કાર્યાનુભવ વિષયને પણ સમજવાનો અને અમલમાં મુકવાનો પ્રયત્ન કરીએ.

**કાર્ય અને તેનું મહત્વ. :-**

કાર્ય એક પ્રકારનો શ્રમ છે. જે શારીરિક કે માનસિક પ્રયત્નથી સાર્થક થાય છે. કાર્ય એટલે.. ''નિષ્ક્રિયતા છોડીને સફળતા માટેના પ્રયત્ન માટે કામ લાગવું એટલે કાર્ય. ''

(Work) કાર્ય એટલે...

- શક્તિનો વપરાશ
- અથાગ પરિશ્રમ

- ધ્યેયલક્ષી પ્રયત્નોનું અમલીકરણ .. ( ઓક્સ.ડીક્શનરી )
- પ્રયત્નો કરવા
- હેતુ આધારિત શ્રમ(મહેનત) , ખાસ કરીને શારીરિક શ્રમ
- પરિણામલક્ષી સિદ્ધિ પ્રાપ્ત કરવી.

કાર્ય અર્થોપાર્જનની માત્ર પ્રવૃતિ નથી, પરંતુ જીવન ઘડતરની પ્રવૃતિ છે. કાર્યની સુંદરતાનો આધાર આપણે તેને કેવી રીતે કરીએ છીએ તેના ઉપર છે. હેતુપુર્વકનું કાર્ય કરવાથી થાકનો અનુભવ થાય છે. જે તેના સામાજિક, માનસિક, આર્થિક અને બૌદ્ધિક વિકાસમાં સહાયરૂપ બને છે. કોઈપણ કાર્ય બેકાર જતું નથી. કાર્યશીલ રહેવું એ જ જીવન છે. જીવનને જીવવાની કળા શીખવવામાં કાર્ય એ અનિવાર્ય અને અભિન્ન તત્વ છે.

**કાર્યાનુભવ સંકલ્પના :-**

શિક્ષણના ચોક્કસ હેતુને ધ્યાનમાં રાખીને સમાજ ઉપયોગી ઉત્પાદન વિષયની નક્કર પ્રવૃતિ એટલે કાર્યાનુભવ.

કોઠારીપંચના મતાનુસાર કાર્યાનુભવ એટલે...

- ઉત્પાદકીય પ્રવૃતિમાં વિદ્યાર્થીની સામેલગીરી.
- ઉત્પાદક સ્થળોમાં શાળા, ઘર ,કારખાનું કે ખેતર હોઈ શકે.

કાર્યાનુભવ એટલે સમાજને ઉપયોગી માલસામાન કે સેવાઓમાં પરિણમતો અને અધ્યયન પ્રક્રિયામાં અવિભાજ્ય અંગ સમો હેતુલક્ષી અને સાર્થક શારીરિક શ્રમ.

## National Programme for Education of Girls at Elementry level (NPEGEL)

**પ્રસ્તાવના :-**

પ્રારંભિક સ્તરે કન્યાઓના શિક્ષણ માટેની યોજનાઓ સુધારાના ભાગરૂપે સરકારે એક નવા કાર્યક્રમને બહાલી આપી છે. જે "National Programme for Education of Girls at Elementary Level" અર્થાત પ્રારંભિક શિક્ષણ સ્તરે કન્યાઓના માટેના ' રાષ્ટ્રીય કાર્યક્રમ' તરીકે ઓળખાય છે. NPEGEL એ SSA નો એક ભાગ છે,અને તેના નેજા હોઠળ તેની એક આગવી ઓળખ છે. SSA ની યોજનામાં આગવા અને સુસ્પષ્ટ કન્યા કેળવણીના ઘટક તરીકે ધો.૧ થી ૮ ની તક અને સુવિધાઓથી વંચિત જુથોની કન્યાઓના શિક્ષણ માટે NPEGEL અમલમાં છે.

**હેતુઓ :-**

- કન્યાઓના શિક્ષણના પડકારને પહોંચી વળે તેવા સક્ષમ અને ગતિશિલ માળખાની રચના કરવી.
- સ્ત્રીઓ તથા કન્યાઓમાં આત્મવિશ્વાસ અને આત્મસન્માનનુ સિંચન થાય તે માટે સમગ્ર શિક્ષણતંત્રે સકારાત્મક અને નાવીન્યતા પુર્ણ ભુમિકા ભજવવી.
- કન્યાઓના શિક્ષણ માટે સમુદાયોનો સહયોગ ઉભો કરવો અને શાળા, સમુદાય તેમજ ઘરમાં પરિણામલક્ષી વાતાવરણ ઉભું કરવું.
- પ્રારંભિક સ્તરે કન્યાઓને ઉચ્ચ ગુણવતાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે સઘન પ્રયાસો કરવા.

**શૈક્ષણિક મુદ્દાઓ :-**

૧. રાજ્ય સ્તરીય માળખું  ૨. જિલ્લા સ્તરીય માળખું  ૩. પેટા- તાલુકા એકમ

**રાજ્ય સ્તરીય માળખું**

રાજ્ય સ્તરે NPEGEL માટે અમલીકરણ સંસ્થા તરીકેની કાર્યવાહી SSAની રાજ્ય અમલીકરણ સોસાયટી દ્વારા કરવામાં આવશે. રાજ્ય સ્તરે એક ' જેન્ડર કો-ઓર્ડીનેટર ' નિયુક્ત કરવામાં આવે છે. જ્યાં મહિલા સામખ્ય કાર્યક્રમ ચાલી રહ્યો હોય તેવા રાજ્યોમાં તેઓનો ઉપયોગ કરવામાં આવે છે.

**જિલ્લા સ્તરીય માળખું**

જિલ્લા સ્તરે NPEGEL નો વહીવટ ડિસ્ટ્રીક્ટ જેન્ડર યુનિટ સંભાળશે. આ એકમ દ્વારા જિલ્લા સ્તરે ઘટકના તમામ પાયાઓનું નિરીક્ષણ અને સંકલન કરવામાં આવશે. આ સિવાય તેઓ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય, અન્ય સંસ્થાઓ અને બિનસરકારી સંગઠનો સાથે સુમેળ સાધવાનો પ્રયત્ન કરશે. જિલ્લા સ્તરે 'ડિસ્ટ્રીક્ટ જેન્ડર કો-ઓર્ડીનેટર કમીટી ' બનાવવામાં આવેલ છે. તેમાં SSA નું જેન્ડર ઘટક. અમલીકરણ અને સંચાલનની જવાબદારી સ્વીકારશે તેમજ વર્ષમાં ઓછામાં ઓછા બે વખત મળશે.

**પેટા- તાલુકા એકમ:-**

તાલુકા સ્તરે રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરની મદદ લઈને, કો-ઓર્ડીનેટર વ્યુહરચનાના અમલ માટે શૈક્ષણિક

વહીવટદારો અને શિક્ષકોની તાલીમનું સંકલન, કન્યાઓના નામાંકન, સ્થાયીકરણ અંગેનુ સંચાલન સંભાળશે. તેમજ ડિસ્ટ્રીક્ટ જેન્ડર યુનિટ સંકલનથી તાલુકા કોર ગ્રુપની જવાબદારી સંભાળશે. કોર ગ્રુપની પસંદગી બે સ્તરે કરવામાં આવશે.

- કો-ઓર્ડીનેટર - ૧ ( શિક્ષકોમાંથી પસંદગી )
- સંશોધન વ્યક્તિ - ૧ ( શિક્ષકોમાંથી પસંદગી )

**રાષ્ટ્રીય સંસાધન જુથ (NRG)**

કન્યાઓના શિક્ષણ અંગેની નીતિ વિષયક બાબતો અંગે ભારત સરકારને સલાહ સુચન કરશે. આ જુથ સાથે સંલગ્ન સંસ્થાઓએ કે વિશેષજ્ઞોની બનેલી પેટા સમિતીઓની સાથે મળીને તાલીમ અને સંશોધન સંસ્થાઓ, મહિલા આંદોલન, શિક્ષણકારો અને બિનસરકારી સંસ્થાઓ સાથે વાટાઘાટો કરશે. અને કન્યાઓની કેળવણી આપવા અંગેના તેમના અનુભવોને સામેલ કરશે.

**કન્યા કેળવણી કાર્યક્રમના ઘટકો :-**

**મોડલ કલસ્ટર સ્કુલ (MCS) 'નમુનારૂપ જુથ શાળા'**

NPEGEL ની યોજના જ્યાં જ્યાં લાગુ કરવામાં આવી છે તેવા તમામ જિલ્લા/ તાલુકામાં પસંદગીના ધોરણે કલસ્ટર સ્તરે કન્યાઓ માટેની એક મોડલ કલસ્ટર શાળા ખોલવામાં આવશે. એક કલસ્ટરમાં ૫-૧૦ ગામડાંઓ અને દરેક તાલુકામાં ૮-૧૦ કલસ્ટર રાખવામા આવશે.

- મોડલ કલસ્ટર શાળાઓ માટે આવર્તક અનુદાન
- શાળાઓ/ શિક્ષકોને પુરસ્કાર
- છાત્રોનું મુલ્યાંકન
- મુક્ત શાળાઓ દ્વારા ભણતર
- શિક્ષકોનું પ્રશિક્ષણ
- ECCE કેન્દ્રો
- પોષણ અને શાળા સ્વાસ્થ્ય

આ કાર્યક્રમ માટે વિવિધ સ્તરે જેન્ડર યુનિટની રચના કરવામાં આવેલ છે.

- સ્ટેટ જેન્ડર યુનિટની રચના
- ડિસ્ટ્રીક્ટ જેન્ડર યુનિટની રચના
- બ્લોક જેન્ડર યુનિટની રચના
- સી.આર.સી. કક્ષાએ રચના
- ગ્રામકક્ષાએ રચના
- વીમેન મોટીવેટર ગ્રુપની રચના

## ઈન્સ્પાયર એવોર્ડ યોજના

**પ્રસ્તાવના :-**

Ministry of Science and technology ; Department of Science and Technology, New Delhi દ્વારા Innovation in Science Pursuit for Inspired Research (INSPIRE) પ્રોગ્રામ અંતર્ગત Scheme for early Attraction Talent for Science (SEATS) નામની યોજના અમલમાં મુકવામાં આવી છે. તે મુજબ ૧૦ થી ૧૫ વર્ષની વયજુથ ધરાવતા બાળકો માટે રૂ. ૫૦૦૦ નો એવોર્ડ આપવાની યોજના વર્ષ ૨૦૦૯ - ૧૦ થી ભારત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યમાં માનનીય અગ્રસચિવશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આ યોજનાનું અમલીકરણ થઈ રહ્યું છે.

**હેતુઓ :-**

- પ્રતિભાશાળી વિદ્યાર્થીને ઓળખી તેને વિજ્ઞાન અને ટેક્નોલોજીના શોધ કાર્યમાં વધુ રસ લેતો કરવો, તેની સર્જનાત્મકતા ઉજાગર કરવી.
- શાળાને આર્થિક પ્રોત્સાહન પુરું પાડવું.
- ગણિત - વિજ્ઞાન વિષય પ્રત્યે બાળકો તથા શિક્ષકોની અભિરૂચિ ને વધારવી.

**ઈન્સ્પાયર એવોર્ડ પ્રપોઝલ :-**

ભારત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ આ યોજના અંતર્ગત દર વર્ષે GCERT ના વિજ્ઞાન એકમના રીડરશ્રીના માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ પાસેથી નિયત ફોર્મેટમાં Excel Sheet માં માહિતી એકઠી કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ તમામ સ્કુલો પાસેથી માહીતીનું કમ્પાઈલેશન જિલ્લાની DEO શ્રી ની કચેરી તથા DPEO શ્રીની કચેરી પાસેથી મેળવી DIET દ્વારા GCERT ની વિજ્ઞાન એકમ શાખામાં ને પહોંચાડવામાં આવે છે. ત્યાંથી માહિતી ન્યુ દિલ્હીની DST ને પહોચાડવામાં આવે છે. આ DST ન્યુ દિલ્હી દ્વારા આ લીસ્ટમાંથી નામોની પસંદગી કરી એવોર્ડની ફાળવણી કરવામાં આવે છે.



9824274596

**ઈન્સ્પાયર એવોર્ડ યોજના સંદર્ભે જરૂરી માહીતીઃ-**

- આ એવોર્ડ અંતર્ગત મળેલી રકમએ વિદ્યાર્થી દ્વારા શાળાને આપવામાં આવે છે .
- આ એવોર્ડના નાણાંનો ઉપયોગ ગણિત - વિજ્ઞાન પ્રદર્શન સંદર્ભે કૃતિ બનાવવા તથા પ્રદર્શન સ્થળે કૃતિ લઈ જવા લાવવાના ખર્ચ પેટે કરવાનો હોય છે. જેનું પ્રમાણ ૫૦ -૫૦ % રાખી શકાય .
- ઈન્સ્પાયર એવોર્ડ દ્વારા મળેલા નાણાંનો ખર્ચ ફાઈલ શાળા કક્ષાએ નિભાવવામાં આવે તે ઈચ્છનીય છે.
- ચેકની સમય મર્યાદા પુર્ણ થઈ ગયેલ હોય તો તેને રીવેલીડેશન માટે પરત મોકલવાનો રહેતો નથી પરંતુ એસ.બી.આઈ. (SBI) ની મેઈન બ્રાન્ચ નવી દિલ્હીના મેનેજરશ્રીનો સંપર્ક કરી નાણાં મેળવી શકાય છે.
- ચેક સબબ નામ કે અન્ય ભુલ માટે જિલ્લાની વડી કચેરી મારફતે માહિતી GCERT ને સમય મર્યાદામાં પહોચાડવામાં આવે તો તેમાં સુધારા માટેની પ્રક્રિયા ન્યુ દિલ્હી કક્ષાએ થઈ શકે છે.
- DST ન્યુ દિલ્હીની વેબસાઈટ પર એવોર્ડ સંદર્ભે વિગતે માહિતી મેળવી શકાય છે.
- શાળા કક્ષાએ આ એવોર્ડ માટેની પસંદગી વખતે કાળજી રાખી પસંદગી કરવી.
- એવોર્ડના નાણાં બેંકમાંથી મેળવવા શાળાના આચાર્યશ્રી, વિદ્યાર્થી તથા વાલીને સાથે રાખવા તથા જરૂરી આધાર પુરવા સાથે લઈ જવા.

## શિક્ષણમાં ટેક્નોલોજી (ICT IN EDUCATION)

**પ્રસ્તાવના :-**

એકવીસમી સદી એ ટેક્નોલોજીના વિકાસની સદી કહેવાય છે. એકવીસમી સદીમાં ટેક્નોલોજીમાં થયેલા વિકાસને કારણે માનવજીવન સરળ અને સુવિધાપુર્ણ બનેલ છે. માનવજીવન સાથે - સંકળાયેલા ઘણાં બધા ક્ષેત્રોમાં ટેક્નોલોજીનો પ્રભાવ જોવા મળે છે. શિક્ષણ પણ તેમાંથી બાકાત નથી. ટેક્નોલોજીના વિકાસ ને કારણે શિક્ષણની પ્રક્રિયામાં પણ આમુલ પરિવર્તન આવેલ છે. શિક્ષણએ "Powered Technology, Fueled by Information and Driven by Knowledge." કહેવાય છે.

ICT કે જેમાં ટેલિવિઝન ,રેડિયો સાથે કોમ્પ્યુટર અને ઈન્ટરનેટનો સમાવેશ થાય છે એ શિક્ષણક્ષેત્રે પરિવર્તન લાવવા અને નવા સુધારા લાવવા સક્ષમ છે. અને એટલું જ નહિ પરંતુ ICT નો શિક્ષણમાં વિનિયોગ શિક્ષણની પ્રક્રિયાને સરળ અને અસરકારક બનાવશે એમ મનાઈ રહ્યુ છે. માટે શિક્ષણમાં ટેક્નોલોજી અનિવાર્ય છે.

**હેતુઓ :-**

- બાળકો ટેક્નોલોજીનો ઉપોયોગ કરતા થાય.
- અધ્યાપન કાર્ય અસરકારક બને.
- બાળકોની રસરુચી વધે.
- વૈશ્વિક ઘટનાઓની જાણકારી મેળવે.
- શિક્ષક અને બાળકો નવીનતમ બાબતો શીખવા માટે પ્રેરિત થાય.
- શાળામાં બાળકોની હાજરી/ નિયમિતતા વધે.
- વર્ગખંડ પ્રક્રિયા જીવંત બને.
- તમામ પ્રકારની માહિતી આપ મેળે મેળવતા થાય.
- શિક્ષણની ગુણવતા વધે જેનાથી સિદ્ધિ નું સ્તર ઉંચુ જાય.

## ICT in Educatin

ICT અટલે Information Communication Technology અર્થાત ઉપયોગમાં લેવાતા એવા તકનીકી ઉપકરણો કે સંશોધનો કે જે માહીતી ઉપર પ્રક્રિયા કરે છે, વ્યવસ્થિત ગોઠવે છે, સંગ્રહ કરે છે અને તેનું વ્યવસ્થાપન કરે છે. કે જેથી પ્રત્યાયન સરળ અને અસરકારક બને. આવા સાધનોમાં રેડિયો, ટેલિવિઝન, કમ્પ્યુટર સેટ, ઈન્ટરનેટ વગેરેનો સમાવેશ થાય છે.

રેડિયો અને ટેલિવિઝનનો ઘણાં સમયથી શિક્ષણમાં ઉપયોગ થઈ રહ્યો છે. તેના પ્રસારણના ઉપયોગમાં સામાન્ય ત્રણ અભિગમો છે.

૧. પ્રત્યક્ષ વર્ગ શિક્ષણ કે જેમાં પ્રસારિત કાર્યક્રમોનો શિક્ષકની જગ્યાએ ઉપયોગ.

ઉદા. દુરવર્તી શિક્ષણ કાર્યક્રમ જેમાં.

બાયસેગ દ્વારા ધો.૬ થી ૮ ના વિવિધ વિષયોની પુરતી તૈયારી સાથે કોઈ એક ચોક્કસ એકમ પર આદર્શ પાઠ તૈયાર કરવામાં આવે છે. અને રાજ્યની શાળાઓમાં DTH સીસ્ટમ દ્વારા સ્ટુડિયોમાંથી થતા પ્રસારણને ઝીલવાની સુવિધા ધરાવતી શાળાના તમામ બાળકો તેને નિહાળી વિષયવસ્તુની સ્પષ્ટ સમજ મેળવી શકે છે. આ ઉપરાંત GIET, IGNOU દ્વારા રજુ થતાં કાર્યક્રમો

૨. શિક્ષકની વિષયવસ્તુની રજુઆતમાં મદદરૂપ બનતા સાધનો :- C.D., D.V.D.



9824274596

ઉદા. શૈક્ષણિક C.D. અને D.V.D. દ્વારા શિક્ષક વર્ગખંડમાં બાળવાર્તા, બાળગીતો, બોધકથા, પ્રયોગો, ગાણિતિક કોયડા વગેરેની રજુઆત અસરકારક રીતે કરે છે.

૩. રેડિયો અને ટેલિવિઝન દ્વારા પ્રસારિત થતાં સમાજને શિક્ષિત કરવાના કાર્યક્રમો

ઉદા. કૃષિદર્શન કાર્યક્રમ

**ટેલિકોન્ફરન્સ :-**

ટેલિકોન્ફરન્સ માં કાર્યક્રમ દરમ્યાન બંને પક્ષે માહિતીનું આદાન પ્રદાન શક્ય બને છે. એટલે કે ટેલિકોન્ફરન્સ દરમ્યાન તજજ્ઞ અને મોટી સંખ્યામાં લાભાર્થી એકબીજા સાથે વાતચીત કરી શકે છે. જુદી જુદી જગ્યાએ બેઠેલા મોટા સમુહને ઉપયોગી એવી બાબતોની રજુઆત માટે ટેલિકોન્ફરન્સ ઉપયોગી છે. ટેલિકોન્ફરન્સના ચાર પ્રકાર છે.

- DTH સીસ્ટમ
- ડ્યુઅલ પ્રોજક્ટર સ્ક્રીન્સ
- ડિઝીટલ ડોક્યુમેન્ટ કેમેરા
- લેસર પોઈન્ટ
- યુઝર ફ્રેન્ડલી એરેન્જમેન્ટ
- ડેલ પેન્ટીઅમ I.V વીથ C.D.-RW, DVD-ROM, 3-5 Floppy, USB inputs
- લેપટોપ, ઓડીયો-વિડીયો ઈન્ટરફેસ વીથ પાવર એન્ડ એકસ્ટ્રા નેટવર્ક કનેકશન
- ટચ પેનલ કંટ્રોલ મોનિટર ઓવર આ.ઈ.પી.
- ડોલ્બી ડિઝીટલ DTS સાઉન્ડ
- મલ્ટીમીડીયા પ્રોજેક્ટર
- વાયરલેસ માઈક્રોફોન

## વર્ચ્યુઅલ ક્લાસરૂમ પ્રોજેક્ટ

શિક્ષણ વિભાગ દ્વારા પ્રાયોગિક ધોરણે GIET, GCERT , BISAG અને SSA ના સહયોગથી 'ગતિશીલ ગુજરાત કાર્યક્રમ' હેઠળ છ જિલ્લાઓ અને મોડેલ સ્કુલો આ કાર્યક્રમ અમલીકૃત કરવામાં આવેલ છે.

રાજ્યમાં RTE - ૨૦૦૯ના અમલીકરણથી ધોરણ ૬ થી ૮ માં વિષય શિક્ષક તરીકે ભાષા શિક્ષકની ભરતી થાય છે જેમાં ભાષા શિક્ષક તરીકે અંગ્રેજી , ગુજરાતી, હિન્દી, સંસ્કૃત પૈકી કોઈ એક મુખ્ય વિષય હોય તે શિક્ષકો તરીકે કામગીરી બજાવે છે.

અંગ્રેજી સિવાયના મુખ્ય વિષયવાળા શિક્ષકને અંગ્રેજી વિષયના શિક્ષણકાર્યમાં પડતી મુશ્કેલી નિવારવા માટે વર્ચ્યુઅલ ક્લાસરૂમ પ્રોજેક્ટ ઉપયોગી બને છે. શિક્ષણ કાર્યમાં ઈ- લર્નિંગ નો ઉપયોગ વધારવા અને તજજ્ઞીય શિક્ષકોના પ્રત્યક્ષ લાભ વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

**વર્ચ્યુઅલ ક્લાસરૂમ પ્રોજેક્ટ માં વિવિધ સંસ્થાઓની ભુમિકા**

- સર્વશિક્ષા અભિયાન - ભૌતિક બાબતો
- જી.સી.ઈ.આર.ટી. - સ્ક્રીપ્ટ , તમામ પ્રોડક્શન , શિક્ષક તાલીમ, મોનીટરીંગ , દુરવર્તી શિક્ષણ કાર્યક્રમ, ફાઈનાન્સ, લોજીસ્ટીક જી.આઈ.ઈ.ટી - રેકોર્ડીંગ અને ટેક્નીકલ
- બાયસેગ - પ્રસારણ
- જિલ્લા શિક્ષણ તંત્ર - મોનીટરીંગ એસેસમેન્ટ

## સંકલિત શિક્ષણ યોજના (IED)

શિક્ષણના મુળભુત અધિકારથી કોઈ વંચિત ન રહે તેવી પુરતી સંભાળ રાખવાનો અભિગમ સરકારે દાખવ્યો છે. કારણકે શિક્ષણ એ કોઈ ભૌતિક કે ઔપચારિક પ્રક્રિયા નથી તે સામાજિક ઉત્થાન સાથે નિસ્બત ધરાવતી બાબત છે અને તેથી સતત સર્વે કરી શિક્ષણ ન મળતું હોય તેવા બાળકોની નોંધણી કરાય છે તેનું નિયમિત ડેટા અપડેશન થાય છે.

તાલુકા કક્ષાએ વિશિષ્ટ જરૂરીયાત ધરાવતા બાળકો માટે એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરીને વિકલાંગતા અંગેના પ્રમાણપત્ર આપવામાં આવે છે. જેથી તેમને સરકારી સહાયનો લાભ મળી રહે. વિદ્યાર્થીઓને ભણવા માટેના સાધનો પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે સાધન સહાય કેમ્પ રખાય છે. ઉપરાંત સૌથી મહત્વની બાબત એ છે કે આ અભિયાન અંતર્ગત સરકારે તાલુકા કક્ષાએ રિસોર્સ રૂમ ઉભા કર્યા છે. અને તેમાં બાળકોને શિક્ષણ અંગે સમજ અપાય છે. ખાસ કરીને વિકલાંગ વિદ્યાર્થીઓ તેમજ તેમના માતા-પિતા નું વૈજ્ઞાનિક ઢબે કાઉન્સેલિંગ કરાય છે.

## વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના

આ યોજના ૨૦૦૨-૦૩ ના વર્ષથી જે ગામડામાં કન્યા કેળવણીની પ્રમાણ ૩૫ % કરતા ઓછુ હોય ત્યાં કન્યા કેળવણીનું પ્રમાણ વધારવા માટે સમગ્ર રાજ્યમાં આ યોજના લાગુ પાડવામાં આવી છે. કન્યા પહેલા ધોરણમાં પ્રવેશ કરે ત્યારે રૂ.૨૦૦૦ના નર્મદા નિધિ બોન્ડ આપવામાં આવે છે. જે ધોરણ -૮ પુરૂ કરે ત્યારે બોન્ડની રકમ તેના વ્યાજની રકમ સાથે કન્યાને આપવામાં આવે છે.

નગર પાલિકાઓમાં બી.પી.એલ. પરિવારની કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.

## સરસ્વતી યાત્રા યોજના

" જન સમુહની નિરક્ષરતાએ હિન્દુસ્તાનનું પાપ છે, શરમ છે એને દુર કરવી જ જોઈએ." - મહાત્મા ગાંધી

મહાત્મા ગાંધીના આ ચિંતનને ચરિતાર્થ કરવા. તથા નિરક્ષરોને સાક્ષર કરવા નિરંતર શિક્ષણ હેઠળ સરસ્વતી યાત્રા યોજનાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૫ વર્ષથી ઉપરના નિરક્ષરોને લખતાં, વાંચતા કરાશે. આ કામગીરી માટે જિલ્લામાં દરેક રેવન્યુ ગામ દીઠ બે પ્રેરકોની ભરતી કરવામાં આવશે.

નિરક્ષરોને સાક્ષર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા પચાસ ટકા કરતા ઓછો સ્ત્રી સાક્ષરતા ધરાવતા દેશના જિલ્લાઓમાં આ અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. આ માટે ઓનલાઈન પરીક્ષા ભરતી કરાયેલા પ્રેરકો ગામનો સર્વે કરી ૧૫ વર્ષથી ઉપરના નિરક્ષરોને શોધી એમની યાદી બનાવશે. ત્યાર બાદ તેમને ૧૦-૧૫ ના નાના નાના ગૃપોમાં વહેંચી અક્ષરજ્ઞાન આપવામાં આવશે.

## વિદ્યાદીપ યોજના

૨૬ મી જાન્યુઆરી ૨૦૦૧ ના રોજ ભુકંપમાં મૃત્યુ પામેલા બાળકોની યાદમાં વિદ્યાદીપ યોજના શરૂ કરવામાં આવી હતી. શાળામાં ભણતા બાળકોનું અકસ્માતે મૃત્યુ થાય ત્યારે તેના માતા-પિતા કે વાલીને આકસ્મિક આપત્તિમાં મદદ રૂપ થવા માટે આ યોજના દાખલ કરવામાં આવી છે.

રાજ્યના ૮૫ લાખ વિદ્યાર્થીને ૨૪ કલાકનું વીમા કવચ આ યોજના અંતર્ગત આપવામાં આવે છે. અકસ્માતે મૃત્યુ પામનાર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીને ૫૦,૦૦૦ રૂા.ની વિમાની રકમ ચુકવવામાં આવે છે. વિદ્યાદીપ વીમા યોજનાના પ્રીમિયમની રકમ રાજ્ય સરકાર દ્વારા ભરવામાં આવે છે.

## BACALS

**(બાયોમેટ્રીક એટેન્ડન્સ એન્ડ કમ્પ્યુટર એડેડ લર્નિંગ સિસ્ટમ ફોર સ્કુલ્સ)**

**BACALS** એ **HCL** ઈન્ફો સિસ્ટમ અને ટ્રાઈલ અને એજ્યુકેશન વિભાગ ગુજરાતની સહકારથી સ્કુલો વિદ્યાર્થી અને શિક્ષકોની ઓનલાઈન હાજરી પુરવા માટેની સિસ્ટમ છે. આ માટે રાજ્ય સરકાર દ્વારા ટ્રાઈલ એરીયામાં આ સિસ્ટમ શરૂ કરવા માટે ગ્રાન્ટ આપવામાં આવી છે.

હાલમાં આ પ્લાન નીચે ૭૦૦૦ સ્કુલો છે. જેમાં ૧૦૦૦ સ્કુલો ટ્રાઈલ ડિપાર્ટમેન્ટ હસ્તક અને ૬૦૦૦ સ્કુલો એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ હસ્તક છે.